# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

07 MAY-2024 TUESDAY

વર્ષ-13 । અંક-172 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

નયનતારા કરીના કપૂરની જગ્યા લેશે...? ટોક્સિકમાં યશની બહેનનો રોલ કરી શકે





પેજ-09

ધોનીનો ગોલ્ડન ડક થયો, દેશપાંડેએ એક ઓવરમાં બે બોલ્ડ કર્યા


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 42.00 | 28.00 |
| વડોદરા | 42.00 | 28.00 |
| સુરત | 38.00 | 28.00 |




પેજ 5 — RBIએ આ બોન્ડ પર વ્યાજદર 8 ટકા નક્કી કર્યો, ઓછું રૂ. 1000નું રોકાણ...





પેજ 10 — જયશંકરે કહ્યું- PoKને ફરી ભારતનો હિસ્સો બનાવીશું: વિદેશ મંત્રીએ...


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73895.54 | ▼ | 017.39 |
| નિફ્ટી | 22442.70 | ▼ | 033.15 |
| સોનું | 71,226.00 | ▲ | 558.00 |
| ચાંદી | 82,582.00 | ▲ | 1,539.00 |




# આજે ખરાખરીનો જંગ

## ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો મોનિટરિંગ રૂમ કાર્યરત

### બોમ્બ થ્રેટના મેઈલથી અમદાવાદીઓ ગભરાશો નહીં, પૂરતી સુરક્ષા છે: DGP

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આજે ગુજરાતમાં લોકસભાની 25 બેઠક પર મતદાન થવાનું છે. ત્યારે DGP વિકાસ સહાયે જણાવ્યું હતું કે ધારાધોરણો ધ્યાનમાં રાખીને તમામ મતદાન મથક પર પોલીસ વ્યવસ્થા કરવામાં આવી છે. મુક્ત વાતાવરણમાં મતદાન માટે ગુજરાત પોલીસ દ્વારા તમામ વ્યવસ્થા કરાઈ છે. સેક્ટર મોબાઈલની વ્યવસ્થા અને EVM ગાર્ડની વ્યવસ્થા ઈલેક્શન કમિશનના આદેશ અનુસાર કરાઈ છે. બોર્ડર સીલ કરવા 133 બોર્ડર ચેકપોસ્ટ ઊભી કરાઈ હતી. ચેકપોસ્ટ પર સારી કામગીરી થઈ છે. ચૂંટણીપંચની સૂચના અનુસાર સારી કામગીરી થઈ છે. આજે અમદાવાદની સ્કૂલોમાં બોમ્બ થ્રેટનો મેઈલ મળ્યો હતો, જેથી અમે તપાસ કરાવી છે, પણ કંઈ જ મળ્યું નથી અને તમામ સ્કૂલ પર પૂરતો પોલીસ-બંદોબસ્ત છે, આથી અમદાવાદીઓ આજે મતદાનના દિવસે મત આપવા બાબતે ગભરાશો નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ એલર્ટ છે. મોડ્યૂલ કોડ ઓફ કન્ડક્ટ લાગુ થઈ ત્યારથી 50 કરોડનો ઈંગ્લિશ દારૂ પકડાયો છે. 900 કરોડના NDPSના કેસ કરવામાં આવ્યા છે. 3.50 લાખ લોકો સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યાં છે.1700 નાસતાફરતા આરોપી ઝડપાયા છે.

### ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ...



**• રાજ્યના 25 હજારથી વધુ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબકાસ્ટિંગ**

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવા રાજ્યના 50%થી વધુ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે. રાજ્યના કુલ 50,788 મતદાન મથકો પૈકી 25 હજારથી વધુ મતદાન મથકોની કામગીરીનું લાઈવ વેબકાસ્ટિંગ કરાશે.

**• ભારતના ચૂંટણી પંચ વેબ કાસ્ટિંગનું મોનિટરિંગ કરશે**

મતદાન પ્રક્રિયા ન્યાયી અને નિષ્પક્ષ રીતે થાય તે માટે ગુજરાતનું ચૂંટણીતંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ભારતના ચૂંટણી પંચની સૂચના પ્રમાણે સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યકક્ષાએ મોનિટરિંગ રૂમ ઉપરાંત તમામ જિલ્લાઓમાં પણ જિલ્લા કક્ષાનો એક મોનિટરિંગ રૂમ કાર્યરત કરાશે. જે તે જિલ્લાના મતદાન મથકોના લાઈવ વેબકાસ્ટિંગનું આ જિલ્લા કક્ષાના મોનિટરિંગ રૂમમાં નિરીક્ષણ થતું રહેશે. જિલ્લા અને રાજ્યકક્ષા ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા પણ વેબ કાસ્ટિંગનું મોનિટરિંગ કરવામાં આવશે.

## વિવિધ દેશોના ચૂંટણી અધિકારીઓએ અમદાવાદ જિલ્લાના વિવિધ ડિસ્પેચિંગ સેન્ટર ખાતે ચૂંટણી પ્રક્રિયા નિહાળી

ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

લોકસભા સામાન્ય ચૂંટણીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ડિસ્પેચિંગ સેન્ટરથી ઈવીએમ સહિતની સામગ્રી લઈને ચૂંટણી કર્મીઓ પોતપોતાના બુથ પર પહોંચી ગયા છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણા દેશની ચૂંટણી પ્રક્રિયા સમગ્ર વિશ્વમાં વખણાય છે. ભારતની ચૂંટણી પ્રક્રિયાને સમજવા અને નિહાળવા માટે છ જેટલા દેશોના ચૂંટણી અધિકારીઓ અમદાવાદ પધાર્યા છે. રશિયા, મડાગાસ્કર, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, ફિજી તથા કિર્ગિઝ રિપબ્લિકના પ્રતિનિધિઓએ ચૂંટણીના આગલા દિવસે અમદાવાદ જિલ્લામાં ચાલી રહેલી ચૂંટણીની કામગીરીને જુદા જુદા ડિસ્પેચિંગ સેન્ટર પર જઈને નિહાળી હતી. ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલા વ્યવસ્થાપન અને કામગીરીને વિદેશી અધિકારીઓએ રસપૂર્વક નિહાળ્યા ઉપરાંત બિરદાવી પણ હતી.

# ટી20 વર્લ્ડકપમાં આતંકી હુમલા કરવાની ધમકી

## IS ખોરાસાને વેસ્ટઈન્ડિઝને મોકલ્યો વીડિયો, એજન્સીઓ એલર્ટ થઈ

(એજન્સી) એન્ટીગુઆ । તા. 06

આઈસીસી ટી 20 વર્લ્ડ કપ 2024 પહેલી જૂનથી 29મી જૂન સુધી વેસ્ટઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. આ વર્લ્ડ કપની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે, પરંતુ આ દરમિયાન જે સમાચાર સામે આવ્યા છે તે ખૂબ જ ચિંતાજનક છે. અહેવાલો અનુસાર,આતંકી સંગઠન IS (પ્રો-ઈસ્લામિક સ્ટેટ) ખોરાસાને T20 વર્લ્ડ કપ દરમિયાન આતંકી હુમલાની ધમકી આપી છે. ત્રિનિદાદ અને ટોબેગોના વડાપ્રધાન કીથ રાઉલીએ કહ્યું કે, 'આતંકવાદી સંગઠને વેસ્ટઈન્ડિઝ સહિત ઘણાં દેશોને વીડિયો સંદેશ મોકલ્યા છે.'

### ક્રિકેટ વેસ્ટઈન્ડિઝ (CWI)એ શું કહ્યું?

અહેવાલો અનુસાર, 'પ્રો-ઈસ્લામિક સ્ટેટ (IS)એ રમતગમતના કાર્યક્રમો દરમિયાન હિંસાની ધમકી આપી છે. આઈએસ ખોરાસાનની અફઘાનિસ્તાન-પાકિસ્તાન બ્રાન્ચે એક વીડિયો સંદેશ જાહેર કર્યો છે. ક્રિકેટ વેસ્ટઈન્ડિઝ (CWI)ના સીઈઓ જોની ગ્રેવ્સે કહ્યું, 'અમે અધિકારીઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમે ખાતરી કરીશું કે યજમાન દેશો અને શહેરો સમગ્ર વિશ્વ કપ દરમિયાન સતત દેખરેખ હેઠળ છે અને અમે કોઈપણ સંભવિત જોખમોનો સામનો કરવા તૈયાર છીએ. આ એજન્સીઓ એલર્ટ કરી દેવામાં આવી છે'

### BCCIના વાઈસ પ્રેસિડેન્ટનું મોટું નિવેદન

આ આતંકી હુમલાની ધમકી પર બીસીસીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે, 'જે દેશોમાં વર્લ્ડ કપ રમાય છે ત્યાંની સુરક્ષા એજન્સીઓ સુરક્ષાની જવાબદારી સંભાળે છે. અમેરિકા અને વેસ્ટઈન્ડિઝની સુરક્ષા એજન્સીઓ સાથે વાતચીત કરવામાં આવશે. અમે આસીસી પાસેથી પણ જાણીશું. ખેલાડીઓ અને દર્શકોની સુરક્ષા માટે જે પણ પગલાં ભરવાની જરૂર પડશે તે અમે લઈશું.'

## Quick Read

### 18 વર્ષના છોકરાએ બેફામ ટ્રેક્ટર હંકારતા પલટી ખાઈ ગયું, 5 બાળકોનાં મોત

જબલપુર | મધ્યપ્રદેશના જબલપુરમાં ટ્રેક્ટર પલટી જતા 5 બાળકોના મોત થયા છે. જ્યારે બે બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. 18 વર્ષીય ટ્રેક્ટર ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રેક્ટર રોડ પર પલટી ગયું હતું. અહેવાલો અનુસાર, 18 વર્ષીય ધર્મેન્દ્ર ઠાકુર ટ્રેક્ટર ચલાવી રહ્યો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા બાળકો તિનેટા દેવરી ગામના રહેવાસી છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

### રાહુલ ગાંધીના નિવેદન પર ભડક્યાં દેશના 181 શિક્ષણવિદ્ અને કુલપતિઓ

નવી દિલ્હી | કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના દેશની યુનિવર્સિટીઓમાં ભરતી અંગેના નિવેદનને લઈને વિવાદ છેડાયો છે. તેમણે કહ્યું હતું કે, 'કુલપતિની નિમણૂક યોગ્યતાને યોગ્યતાને ધ્યાનમાં રાખીને કેટલીક સંસ્થાઓ સાથેના સંબંધોના આધારે કરવામાં આવે છે.' હવે દેશના 181 શિક્ષણવિદ્ અને કુલપતિઓએ આ મામલે રાહુલ ગાંધીને પત્ર લખ્યો છે. જેમાં લખ્યું છે કે, 'અમને રાહુલ ગાંધીના નિવેદનોથી જાણવા મળ્યું છે.

### દિલ્હી લિકર કેસ- કે કવિતાની જામીન અરજી ફગાવી, 15 માર્ચે ધરપકડ થઈ હતી

નવી દિલ્હી । દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સોમવારે (6 મે) લિકર પોલિસી કેસમાં CBI અને ED કેસમાં BRS નેતા કવિતાની જામીન અરજી ફગાવી દીધી હતી. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ કહ્યું કે તેમને રાહત આપવાનો આ યોગ્ય સમય નથી. અગાઉ 23 એપ્રિલે સુનાવણી દરમિયાન કોર્ટે કે. કવિતા અને અન્ય આરોપી ચરણપ્રીતની કસ્ટડી પણ 7 મે સુધી લંબાવવામાં આવી હતી, જે આવતીકાલે પૂરી થઈ રહી છે.

### પ્રમોદ ક્રિષ્નમે કહ્યું- રાહુલ ગાંધી રામ મંદિરના નિર્ણયને પલટાવવા માગે છે

મુરાદાબાદ | કોંગ્રેસના પૂર્વ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમે રાહુલ ગાંધી પર મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું, 'જ્યારે રામ મંદિરનો નિર્ણય આવ્યો ત્યારે રાહુલ ગાંધીએ તેમના નજીકના લોકો સાથે મુલાકાત કરી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસની સરકાર બન્યા બાદ તેઓ સુપર પાવર કમિટી બનાવશે. જે રીતે રાજીવ ગાંધીએ શાહ બાનોના નિર્ણયને પલટી નાખ્યો હતો તે રીતે અમે રામ મંદિરના નિર્ણયને પલટી નાખીશું. પ્રમોદ ક્રિષ્નમે કહ્યું, 'રાહુલ ગાંધી અને તેમની ટીમ કોઈને કોઈ બહાને દેશને તોડવા માગે છે.

### આતંકી સંગઠન પાસેથી ફંડ લેવાનો આરોપ

# દિલ્હીના એલજીની કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

દિલ્હી લિકર પોલિસી મામલે ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલી વધી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે NIA તપાસની ભલામણ કરી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરે ગૃહ મંત્રાલયને આ અંગે પત્ર લખ્યો છે. જેમાં દિલ્હીના LGએ આરોપ લગાવ્યો છે કે, ખાલિસ્તાન સમર્થક અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન 'શીખ ફોર જસ્ટિસ' પાસેથી ભંડોળ મેળવ્યું હતું. લેફ્ટનન્ટ ગવર્નરને ફરિયાદ મળી હતી કે ખાલિસ્તાન સમર્થિત ભાવનાઓને પ્રોત્સાહન આપવાના બદલામાં કટ્ટરપંથીઓ પાસેથી 16 મિલિયન ડોલરનું કથિત ફંડ આમ આદમી પાર્ટીને પ્રાપ્ત થયું હતું.



### કેજરીવાલ વિરૂદ્ધ કોણે કરી ફરિયાદ?

દિલ્હી LGને આપ વિરૂદ્ધ દેવેન્દ્ર પાલ ભુલ્લરની મુક્તિની સુવિધા આપવા અને ખાલિસ્તાન સમર્થક ભાવનાઓને પ્રોત્સાહન આપવા માટે ખાલિસ્તાન સંગઠન શીખ ફૉર જસ્ટિસે 16 મિલિયન અમેરિકન ડૉલર મળવાની ફરિયાદ મળી હતી. આ ફરિયાદ વર્લ્ડ હિન્દુ ફેડરેશન ઈન્ડિયાના રાષ્ટ્રીય મહાસચિવ આશૂ મોંગિયા અને આમ આદમી પાર્ટીના પૂર્વ કાર્યકર્તા મુનીષ કુમાર રાયજાદાએ કરી હતી.

# ભાજપના નેતાઓ આંખની સારવાર કરાવે : ચિદમ્બરમ

## કોંગ્રેસની સરકાર હોત તો આજે અર્થવ્યવસ્થા 200 લાખ કરોડની હોત

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

કોંગ્રેસના નેતા અને પૂર્વ નાણાપ્રધાન પી ચિદમ્બરમે સોમવારે (6 મે) સંપત્તિ ટેક્સ પર કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની ટીકા કરનારા નેતાઓને આંખની સારવાર કરાવવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે જો આજે કોંગ્રેસ સત્તામાં હોત તો દેશની અર્થવ્યવસ્થા 2023-24માં 200 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગઈ હોત. ચૂંટણી ઢંઢેરો તૈયાર કરતી સમિતિના અધ્યક્ષ ચિદમ્બરમે કહ્યું કે જે નેતાઓ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં સંપત્તિના સર્જનની વાતને સંપત્તિના વિતરણની વાત જણાવી રહ્યા હોય, તેઓએ કાં તો મિડલ સ્કૂલનો ફરીથી અભ્યાસ કરવો જોઈએ અથવા આંખના ડૉક્ટરની મુલાકાત લેવી જોઈએ. કોંગ્રેસ નેતાનું આ નિવેદન સંપત્તિની વહેંચણી



અને વારસાગત કરને લઈને કોંગ્રેસ પર સતત પ્રહારો વચ્ચે આવ્યું છે. ચિદમ્બરમે એ વાત પર પણ ભાર મૂક્યો કે જો કોંગ્રેસ સત્તામાં પરત આવે તો 10 વર્ષમાં જીડીપી બમણી કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ગયા સપ્તાહની શરૂઆતમાં ચિદમ્બરમે કહ્યું હતું કે પીએમ મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાના વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા કરવી જોઈએ.

### સંપત્તિનું સર્જન એટલે ઝડપી વિકાસ

ચૂંટણી ઢંઢેરો તૈયાર કરતી સમિતિના અધ્યક્ષ ચિદમ્બરમે કહ્યું કે જે નેતાઓ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં સંપત્તિના સર્જનની વાતને સંપત્તિના વિતરણની વાત જણાવી રહ્યા હોય, તેઓએ કાં તો મિડલ સ્કૂલનો ફરીથી અભ્યાસ કરવો જોઈએ અથવા આંખના ડૉક્ટરની મુલાકાત લેવી જોઈએ.

### કોંગ્રેસનું લક્ષ્ય 10 વર્ષમાં જીડીપી બમણું કરવાનું

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કોંગ્રેસ પોતાના મેનિફેસ્ટો દ્વારા એવી નીતિઓ વિશે વાત કરે છે જેનાથી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન વધે. તેમજ મુક્ત અને ન્યાયી વેપારને અટકાવતા નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવશે.

## પુંછ હુમલામાં સેનાએ 2 આતંકીઓના સ્કેચ જાહેર

શ્રીનગર : જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં એરફોર્સના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક જવાન કોર્પોરલ વિકી પહાડે શહીદ થયો હતો અને અન્ય ચાર સૈનિકો ઘાયલ થયા હતા. સોમવારે સેનાએ હુમલામાં સંડોવાયેલા આતંકવાદીઓના સ્કેચ જાહેર કર્યા છે. આ ઉપરાંત આતંકીઓ પર 20 લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું છે. આ હુમલાના સંદર્ભમાં પોલીસે આશરે 20 લોકોની પૂછપરછ માટે અટકાયત કરી છે.



### રાજનાથ સિંહના POK પર આપેલાં નિવેદન પર આપી ચેતવણી

# પાકિસ્તાને બંગડીઓ નથી પહેરી, તેની પાસે એટમ બોમ્બ છે: ફારુક અબ્દુલ્લા

(એજન્સી) જમ્મુ । તા. 06

જમ્મુ અને કાશ્મીરના પૂર્વ સીએમ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, 'પાકિસ્તાને બંગડીઓ નથી પહેરી અને તેમની પાસે પરમાણુ બોમ્બ પણ છે જે આપણા પર પડશે.' તેમની આ ટિપ્પણી રક્ષા મંત્રી રાજનાથ સિંહના POKના ભારતમાં



વિલય થશેના નિવેદન પર આવી છે. એપ્રિલ મહિનામાં પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં એક સભાને સંબોધિત કરતી વખતે રાજનાથ સિંહે કહ્યું હતું કે ભારતમાં થઈ રહેલા વિકાસને જોતા પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK)ના લોકો ખુદ ભારત સાથે રહેવાની માગ કરશે.

### રાહુલ ગાંધીએ ફરી તાક્યું ભાજપ પર નિશાન

# 400 સીટો છોડો, 150 પણ નહીં મળે: રાહુલ ગાંધી

## ભાજપ બંધારણને ખતમ કરવા માંગે છે, દેશમાં અદાણી-અંબાણીનું રાજ હશે

(એજન્સી) ખરગોન । તા. 06

રાહુલ ગાંધી આજે મધ્યપ્રદેશના પ્રવાસે છે. તેમણે ખરગોન લોકસભા મતવિસ્તારના સેગાંવમાં એક જનસભાને સંબોધી હતી. રાહુલે કહ્યું- વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંધારણ બદલવા માગે છે. જો બંધારણ ખતમ થશે તો તમને જે અધિકારો મળ્યા છે એ ખતમ થઈ જશે. જો આવું થશે તો ભારતમાં 22-25 લોકોનું શાસન હશે. આ અદાણી અને અંબાણી જેવા લોકો છે, જે મોદીજીના ખાસ લોકો છે. ભાજપ પર પ્રહાર કરતાં રાહુલે કહ્યું- તેમના અનેક નેતાઓ કહે છે કે અમે અનામત છીનવી લઈશું. એવું કહેવાય છે કે આદિવાસીઓ, દલિતો અને પછાત વર્ગો પાસેથી અનામત છીનવી લેવામાં આવશે. હું તમને આ મંચ પરથી કહેવા માગું છું કે અનામત છીનવી લેવાની વાત તો ભૂલી જાઓ.



### એક પ્લાન લાવી રહ્યા છીએ, પહેલી નોકરી નક્કી છે

અમે તમારા માટે MSP પર કાયદો લાવીશું. સરકાર આવતા જ તમામ ખેડૂતોની લોન માફ કરીશું. અમે દલિતો, પછાત વર્ગો અને ગરીબો માટે યોજના લાવ્યા છીએ, પ્રથમ નોકરીની ખાતરી છે. મોદીજી જૂઠું બોલ્યું. ખોટો જીએસટી લાગુ કરવામાં આવ્યો હતો. દેશમાં બેરોજગારી 45 વર્ષમાં સૌથી વધુ છે. અમે ભારતના તમામ સ્નાતકોને એક વર્ષની નોકરી આપવાના છીએ. આ સાથે અમે દરેક યુવાનોના બેંક ખાતામાં એક લાખ રૂપિયા જમા કરાવીશું.

### લીક થયાના આક્ષેપો : NTAએ કહ્યું- કેટલાંક વિદ્યાર્થીઓ સમય પહેલા જ કેન્દ્રમાંથી ભાગ્યા

# રાજસ્થાન-છત્તીસગઢમાં NEETના ખોટા પેપરો વહેંચાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ અને કેટલાક રાજકારણીઓએ આરોપ લગાવ્યો છે કે NEET UG પરીક્ષાનું પેપર લીક થયું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ટ્વીટ કરીને સરકારને આ માટે જવાબદાર ગણાવી છે. આ બધાની વચ્ચે પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ કહ્યું- પેપર લીકના આરોપો ખોટા છે. બિહારમાં NEET પરીક્ષામાં સોલ્વર ગેંગના 9 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેઓ અન્ય લોકો વતી પરીક્ષા આપતા હતા. પટના પોલીસે 5 લોકોની ધરપકડ કરી છે. તેમાંથી 3 મેડિકલ વિદ્યાર્થીઓ છે. પૂર્ણિયામાંથી પણ ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. તમામ મેડિકલ સ્ટુડન્ટ્સ છે. તમામ ઉમેદવારો શહેરના મધુબની ટોપ પોલીસ સ્ટેશનની SRDAC



સ્કૂલના પરીક્ષા કેન્દ્રમાંથી ઝડપાયા હતા. છત્તીસગઢના બાલોદ જિલ્લામાં NEETની પરીક્ષા આપી રહેલા 391 વિદ્યાર્થીઓને ખોટા પેપરો વહેંચવામાં આવ્યા હતા. પ્રશ્નપત્ર 45 મિનિટ માટે ભરાયેલું હતું, પછી તેને રદ કરવામાં આવ્યું હતું.

### NTAએ કહ્યું- ખોટું પેપર વહેંચ્યું હતુ, જેને લઈને વિદ્યાર્થીઓ ભાગ્યા હતા

NTAના વરિષ્ઠ નિર્દેશક સાધના પરાશરે કહ્યું- ગર્લ્સ હાયર સેકન્ડરી મોડલ સ્કૂલ, સવાઈ માધોપુરમાં ખોટા પ્રશ્નપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમનું પેપર આપવામાં આવ્યું હતું, જેના કારણે વિદ્યાર્થીઓમાં હોબાળો થયો હતો. નિરીક્ષકોના પ્રયાસો છતાં, ઘણા વિદ્યાર્થીઓ તેમના પેપર લઈને પરીક્ષા કેન્દ્રમાંથી ભાગી ગયા હતા. તેમાંથી કોઈએ જ પેપર વાઈરલ કર્યું હશે. જો કે, ત્યાં સુધીમાં પેપર શરૂ થઈ ગયું હતું, તેથી તેને પેપર લીક તરીકે ગણવામાં આવશે નહીં.

## જળમાર્ગના સહારે મતદાન કરાવવા મક્કમ મહીસાગર ચૂંટણીતંત્ર



# મહીસાગર જિલ્લામાં આવેલ રાઠડા બેટ મતદાન મથક પર લગભગ 738 મતદારો મતદાન કરશે

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહિસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રાઠડા બેટ પર મતદાન મથક સ્થાપિત કરવામાં આવ્યું છે, જેથી મતદારો તેમના મત આપવાના મૂળભૂત અધિકારથી વંચિત ન રહે અને તેઓને મત આપવા માટે દુર જવું ન પડે. ચુંટણી કામગીરી સોંપાયેલ જિલ્લાનો તમામ સ્ટાફ બોટ દ્વારા આ બેટ સુધી પહોંચ્યો અને મતદાન માટે જરુરી તમામ સામગ્રી જેવી કે ઈવીએમ મશીન, ડોકટરી કીટ, સ્ટાફ માટે જરુરી વસ્તુઓ, મતદાન મથકની ભૌતિક જરુરીયાતો વગેરે બોટ મારફતે સુરક્ષા સાથે પહોંચાડવામાં આવી.

અહીં ઉલ્લેખનીય છે કે, જિલ્લાની મહીસાગર નદી પર આવેલા કડાણા ડેમના જળાશય વિસ્તારમાં આવેલો આ એક અનોખો બેટ છે. આ બેટ પર ૩૮૭ પુરૂષ અને ૩૫૧ સ્ત્રી મળી લગભગ ૭૩૮ મતદારો છે, જેઓ મુખ્યભૂમિથી દૂર તેમના મૂળ બેટ પર રહેવાનું પસંદ કરે છે. આ બેટની ભૌગોલિક સ્થિતી એવી છે કે ત્યાં જવા માટે કોઈ રોડ કે રસ્તો બનાવી શકાય તેમ નથી, ત્યાં જવા માટે માત્ર એક જ ઉપાય જળમાર્ગ છે, જેમાંથી બોટના સહારે સામાન્ય સ્થિતીમાં અવર જવર કરી શકાય. મતદાન મથક માટે તેની ભૌતિક અને ભૌગોલિક વિશિષ્ટતા અને અંતરને ધ્યાનમાં રાખીને અલાયદો માર્ગ નક્કી કરવામાં આવેલ છે. બેટ પરની શાળાનો મતદાન મથક તરીકે ઉપયોગ થાય છે. મતદાન માટે રિટર્નિંગ ઓફિસર દ્વારા તમામ AMF (જરુરી તમામ સામાન્ય સુવિધા) ની ખાતરી કરવામાં આવે છે. સર્વસમાવેશક ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત અને મહિસાગર જિલ્લા ચુંટણીતંત્રના પ્રયાસનું આ ઉત્તમ ઉદાહરણ છે.

# ખાંભાના વાકીયા ગામે પાણી મુદ્દે કુટુંબી મહિલાઓ બાખડી: સામ સામી ફરિયાદ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ખાંભા વાકીયા ગામે પાણી મુદ્દે મહિલાઓ માં બબાલ થઇ હતી નયનાબેન ભીખાભાઈ પરમાર જયાબેન બાબુભાઈ પરમાર, કોમલબેન બાબુભાઈ પરમાર, સામે નોંધાવી ફરિયાદ મુજબ તેમના ઘરે વાપરવાનું પાણી નહીં હોવાથી તેમણે બાબુભાઈ ને પાણી નાખવાનું કહેતા સારૂ ન લાગ્યું હતું અને અચાનક ઉશ્કેરાઈને તેમના માતાને ગાળો દેતા ગાળો દેવાની ના પાડી હતી જે બાદ ત્રણેય આરોપીએ તેમની માતા સાહેદને ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો ઉપરાંત ફળિયામાં પડેલા નળીયા તથા પથ્થર નાં ઘા મકાન પર કર્યો હતા આ ઉપરાંત તેમના વાળ પકડી નીચે પછાડી ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી બાબુભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૪૭) એ શારદાબેન તથા નયનાબેન ભીખાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મકાનનું કામ ચાલુ હતું અને પાણીની જરૂર હોવાથી તેના નાના ભાઈના ઘરે બળદગાડું લેવા જતા ના પાડી હતી જેથી તેમણે મારે બળદગાડાની જરૂર છે. જેથી હું લઈ જઈશ તેમ કહેતા ઉશ્કેરાઈને ગાળો દેવા લાગ્યા હતા ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# ચાણસ્માના ગંગેટ ગામે કોડધાના અભ્યારણની થીમ પર આકર્ષક આદર્શ મતદાન કેન્દ્ર બનાવાયું



દિવ્યાંગ સિની. સિટીઝન્સ મતદારો માટે અલાયદી વ્યવસ્થા કરાઇ

નિતીન ઠાકર ચાણસ્મા

લોકશાહીનું પર્વ એવી લોક્સભાની ચૂંટણી ના મતદાન માટે સપૂર્ણ તૈયારી સાથે મતદાન કેન્દ્રો પરથી મતદાન યોજવવાનું છે. ત્યારે ચાણસ્મા તાલુકાના ગંગેટ ગામે લોકશાહીનું પર્વ એવી લોક સભાની ચૂંટણી સાચે જ મનદારો માટે અવસર બની રહે તે માટે વહીવટી તંત્ર અને ગંગેટ પ્રા.શાળાના સંયુક્ત પ્રયાસથકી આદર્શ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. મતદાન મથકમાં પ્રવેશતાજ કોડધા અભ્યારણની થીમ પર ખાસ આકર્ષીત વોલપીશ ઘુડખર ના આકર્ષક સ્ટેચ્યું રાખવામાં આવ્યા છે તેમ જ સિંનીયર સિટીઝન્સ દિવ્યાંગ તેમજ મહિલા મતદારો માટે અલાયદી વ્યવસ્થા કરાઈ છે. જેમાં વહિવટી તંત્ર અને ગંગેટ પ્રા શાળા ના સહયોગથી ગંગેટ ગામે આકર્ષક પ્રેરણાદાયી મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યું હોવાનું મામલતદાર ભગવતીબેને જણાવ્યું હતું

# જામનગર જિલ્લો મતદાન માટે સજ્જ



વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જિલ્લામાં આવતીકાલે શાંતિપૂર્ણ વાતાવરણમાં સમગ્ર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી બી. કે. પંડયાના માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી તમામ કામગીરી કરાઈ રહી છે. અને મતદાન મથકો ખાતે જામનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. મતદાનનો સમય તા.7 મે સવારના 7:00 વાગ્યાથી સાંજના 6:00 વાગ્યા સુધીનો છે. મતદાર માહિતી કાપલી માત્ર માહિતી માટે જ છે મતદાન માટે ઓળખનો પુરાવો નથી. મતદાન મથકે મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. મતદાન માટે સવેતન રજા મળે છે. જો ન મળે તો 1950 પર ફરિયાદ કરી શકાય છે. દરેક નાગરિકે પોતાની મતદાનની ફરજ નિભાવી સપરિવર મતદાન કરવા અવશ્ય જવું જોઈએ. મતદારો જ્યારે મતદાન કરવા જાય ત્યારે મતદાર કાપલી સિવાય પણ એક પુરાવો લઈ જવાનો રહેશે. જેમાં ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, મનરેગા જોબ કાર્ડ, પાસબુક(બેન્ક/પોસ્ટ ઓફિસ દ્વારા ઈસ્યુ કરાયેલ ફોટો સાથેની), લેબર મિનિસ્ટ્રી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાનકાર્ડ, સ્માર્ટકાર્ડ(NPR અંતર્ગત RGI દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ), ભારતીય પાસપોર્ટ, ફોટો સાથેનું પેન્શન ડોક્યુમેન્ટ, રાજ્ય/કેન્દ્ર સરકાર,પી.એસ.યુ. દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ફોટા સાથેનું સેવા ઓળખપત્ર, ઓફિશિયલ આઈ. ડી. કાર્ડ (એમ.પી./એમ. એલ.એ), યુનિક ડિસેબીલીટી આઈડી માન્ય રહેશે.

# નર્મદા જિલ્લા પોલીસ 133 સંવેદનશીલ મતદાન મથકો પર પોલીસની ખાસ સુરક્ષા

ભરત શાહ : રાજપીપળા

આજે લોકસભાની ચૂંટણી ના ત્રીજા તબક્કાનું મતદાન છે ત્યારે નર્મદા જિલ્લામાં છોટાઉદેપુરના લોકસભાના ના ત્રણ તાલુકા અને ભરૂચ લોકસભાના બે તાલુકાઓ ડેડીયાપાડા અને સાગબારા આવે છે. રાજ્યની 26 બેઠકોમાં સૌથી હોટ ભરૂચ લોકસભા બેઠક પર જંગ જામ્યો છે. ભરૂચ લોકસભા મતવિસ્તાર ડેડીયાપાડા સાગબારા ના સંવેદનશીલ વિસ્તારો માં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય એ માટે નર્મદા પોલીસ એલર્ટ બની છે અને પોલીસ પ્રોટેક્શન પણ વધારી દેવામાં આવ્યું છે. નર્મદા જિલ્લામાં 133 સંવેદનશીલ વિસ્તાર છે.જેમાં



99 અતિ સંવેદનશીલ મતદાન મથકો હોય જિલ્લા પોલીસ અધીક્ષક નીસૂચનાથીરાજપીપળા,આમલેથા, તિલકવાડા, કેવડીયા, ગરુડેશ્વર, દેડિયાપાડા સાગબારાના સેલંબા સહિતની તમામ જગ્યાએ પોલીસે સુરક્ષા દળ અને ડ્રોન કેમેરા દ્વારા ફ્લેગ માર્ચ કરી વિસ્તારનું નિરીક્ષણ કર્યું છે.ત્યારે પોલીસે એકદમ એલર્ટ છે.

# અમરેલીના વેપારી મહાજનોના આશિર્વાદ મેળવતા જેનીબેન ઠુમ્મર

## અમરેલીમાં મહાજનોના સંપર્ક થકી આશિર્વાદ લેવાનો મોકો મળ્યો : જેનીબેન ઠુમ્મર

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

અમરેલી-મહુવા-ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને ઈન્ડીયા ગઠબંધનના લોકસભાના શિક્ષીત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મર દ્વારા અમરેલીમાં વેપારીઓનો ડોર ટુ ડોર સંપર્ક કરી અને વિજય વિશ્વાસ સાથે વેપારી મહાજનોના આશિર્વાદ લીધા હતા.આ તકે તેમણે વેપારીઓ સાથેની ચર્ચામાં વેપારીઓને મુખ્યત્વે જી.એસ.ટી.ના પ્રશ્નોની માહિતી મેળવી હતી ત્યારે તેમણે જણાવ્યુ હતુ કે રાહુલ ગાંધી અને કોંગ્રેસે વચન આપ્યુ છે કે જી.એસ.ટી.નું સરળી કરણ કરાશે. અમરેલી જિલ્લામાં વેપાર ધંધાઓ ભાંગી રહ્યા છે. ત્યારે અહીંના લોકો રોજગારીની તલાસમાં મહાનગરો તરફ જાય છે. ત્યારે અમરેલી શહેર અને જિલ્લાને વિકસીત બનાવવા માટે સૌ પ્રથમ



ઉચ્ચ ગુણવતા વાળી શૈક્ષણિક સંસ્થાઓનું એન્જીન્યરીંગ કોલેજ,મેડીકલ કોલેજ,શૈનિક સ્કુલ,કેન્દ્રીય વિદ્યાલય,નિર્માણ થાય અને બહારના વિદ્યાર્થીઓ અહીયા અભ્યાસ માટે આવે અને અમરેલી જિલ્લાનું અર્થતંત્ર વેગવંતુ બને આ ઉપરાંત અમરેલી શહેર અને જિલ્લામાં મોટા મોટી સમસ્યા પાણીની છે અહીંયા મેઈન પાવર છે પણ પાણી ન હોવાના કારણે પુરતા ઉદ્યોગોનો વિકાસ થઈ શકય નથી માટે અમરેલીને ઔદ્યોગિક હેતુ માટે પૂરતું પાણી મળી રહે તે માટે મારી રાજય અને કેન્દ્ર સરકારમાં કાયમી રજુઆતો રહેશે. જેથી કરીને અમરેલીમાં વેપાર ધંધામાં વૃધ્ધી થાય,અમરેલી જિલ્લાનું વડુ મથક છે ત્યારે અહીંયા થી બ્રોડગેજ ની સુવિધા મળે અને લાંબા અંતરની પેશેન્જર ટ્રેનો અને યાત્રાધામને જોડતી ટ્રેનો શરૂ કરવામાં આવે તેવા મારા પ્રયત્નો રહેશે તેવી વેપારીઓને ખાત્રી આપી હતી.અમરેલીમાં ડો. જીવરાજ મહેતા યુનિવર્સીટીની સ્થાપના થાય અને અહીંયાના વિદ્યાર્થીઓને સસ્તુ અને ઉચ્ચ ગુણવતાનું શિક્ષણ મળી શકે. અમરેલીના ઈન્ફાસ્ટ્રકચરના વિકાસમાં સૌથી મોટુ કોઈ ગ્રહણ હોય તો તે છે ઈકો સેન્સીટીવ ઝોન ત્યારે મારી રાજય અને કેન્દ્ર સરકારને વિનંતી છે કે આ ઈકોસેન્સીટીવ ઝોન મુદે યોગ્ય કાર્યવાહી કરે તો રેતીની લીઝ મળી શહે અને લોકોને સસ્તી રેતી અને મજુરો,અને કારીગર વર્ગના લોકોને પુરતી રોજગારી મળી શકે અને અમરેલી જિલ્લાનો બાંધકામ ઉદ્યોગ સરળ બની શકે.

# ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામના 104 વર્ષીય સતાયુ જીવી બા મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી થશે

નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામના ૧૦૪ વર્ષીય સતાયુ મતદાતા (જીવીબા) જીવીબેન મગનભાઈ પ્રજાપતિ લોકશાહીના એવા લોકસભાની ચૂંટણીમાં મતદાન કરી.દેશના નાગરીક ને મળેલા મતાધિકાર નો સદ ઉપીયોગ કરી ધન્યતા અનુભવશે જીવી બા ના પરીવારમાં ૬ પુત્રો ૧પુત્રી પૌત્રો પૌત્રીઓ ભાણેજ મળી નાના મોટા ૬૦ વ્યક્તિઓ ના પરીવારનું વટવૃક્ષ છે. ૧૦૪ વર્ષે પણ જીવી બા અડીખમ અને અડગ છે



જેઓ લોકશાહીના મહાપર્વ એવા લોક સભાની ચૂંટણી માં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી દેશના નાગરીકને મળેલ મતાધિકાર નો સદ્ઉપીયોગ્ કરી ધન્યતા અનુભવશે જીવી બા એ તેમના જીવન માં આવેલ અને તેમને અનુભવેલ અને ક સારીનરસી સ્થિતી વર્ણવી હતી છેલ્લે તેમણે કહ્યું હતું આમ તો ક્યારે મારા નખમાં ય દુ:ખ નથી આવ્યું પરંતુ હવે તાવ અશક્તી જેવું દેખાય છે. છતાં હું ઉત્સાહપૂર્વક મતદાન કરીશ અને કેટલી વાર મતદાન કર્યુ તે તો યાદ નથી પરંતુ જ્યારથી મને મતાધિકાર મળ્યો ત્યારથી મતદાન કરી મારા મતાધિકારનો ઉપીયોગ કરૂ છું.


## ઉત્તર મધ્ય રેલવે

ઓપન ટેન્ડર નં:- JHS-RCNK-EL-NAC-24-25-03R

ઈ-ટેન્ડર સૂચના

નીચે જણાવેલ કામ માટે ભારતના રાષ્ટ્રપતિ વતી અનુભવી અથવા રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે-

**કાર્યની કિંમત :-** રૂ: 3808418.76/-( 18% GST સાથે ) **બિડ અનામત :-** રૂ: 76200/-

**કામનું નામ:-** કામના અવકાશ મુજબ રેલ કોચ નવીકરણ કારખાના, ઝાંસી ખાતે 48 નંબર માટે નોન-એસી એલએચબી કોચની POH પ્રવૃત્તિઓ દરમિયાન ઈલેક્ટ્રિકલ ટ્રેન લાઈટિંગ (ETL) નું કામ.

**પૂર્ણ કરવાની અવધિ :-** 24 મહિના **ઓનલાઈન ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :-** 27-05-2024 એ 11:00 કલાક, ટેન્ડર અને ટેન્ડર ફોર્મેટ અંગેની વિસ્તૃત જાણકારી વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે . 805/24 (AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

## ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

ડિવિઝનલ રેલ્વે મેનેજર (વર્કસ), એનસી રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.

ઈ-ટેન્ડર નંબર :- JHS-ENGG-HQ-2024-86

**કાર્યનું વર્ણન:-** વર્ષ 2024-25 ઝોન 2A-4 માટે ADEN(HQ-II) JHS હેઠળ બાગાયત કાર્ય (રેલ્વે સ્ટેશન અને પૂર્વ વિસ્તાર , JHS) માટે સમારકામ અને જાળવણી માટે વાર્ષિક વિભાગીય કરાર.

**અંદાજીત કિંમત :-** રૂ: 5000000.00, **અર્નેસ્ટ મની :-** રૂ: 100000.00, **ટેન્ડર બંધ થવાની તારીખ :-** 29-05-2024 એ 15:00 કલાક, **સ્વીકૃતિ પત્ર પ્રાપ્ત થવાથી / પૂર્ણ થવાની અવધિ :-** 12 મહિના • ટેન્ડર 29-05-2024 ના રોજ 15:00 કલાક સુધી ઓનલાઈન સબમિટ કરી શકાશે • બિડ અંગેની માહિતી અને સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ 802/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના

હરાજી કેટલોગ નં. Parking-ADI-24

કેટલોગ પહેલે થી 30/04/2024 ના રોજ IREPS પર પ્રકાશિત થયેલ છે

| અનું. નં. | લોટ નં./કેટેગરી | વિગત | હરાજીની તારીખ અને સમય | કોન્ટ્રાક્ટનો સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | PARKING-ADI-DHG-MX-19-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **ધ્રાંગધ્રા રેલવે સ્ટેશન** ખાતે 600 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-11:30 કલાકે | 03 વર્ષ |
| AA/2 | PARKING-ADI-UMN-MX-29-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **આંબલિયાસણ રેલવે સ્ટેશન** ખાતે 668.86 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-11:40 કલાકે | 03 વર્ષ |
| AA/3 | PARKING-ADI-BCOB-MX-16-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **ભચાઉ રેલવે સ્ટેશન** ખાતે 450 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-11:50 કલાકે | 03 વર્ષ |
| AA/4 | PARKING-ADI-SIOB-MX-10-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **સામાખ્યાલી રેલવે સ્ટેશન** ખાતે 150 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટમાં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:00 કલાકે | 03 વર્ષ |
| AA/5 | PARKING-ADI-DNW-MX-30-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **ડાંગરવા રેલવે સ્ટેશન** ખાતે 92.96 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટમાં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:10 કલાકે | 03 વર્ષ |
| AA/6 | PARKING-ADI-MSH-MX-37-23-1 (પાર્કિંગ-મિક્સડ) | **મહેસાણા રેલવે સ્ટેશન (પૂર્વ તરફ) જુની સ્ટેશન બિલ્ડીંગ પાસે 1659.46 ચોરસ મીટર્સ** માપના કુલ વિસ્તારના યુનિફાઈડ પાર્કિંગ પ્લોટ્સ - 1, 2, 3 અને 4 માં ત્રણ વર્ષના સમયગાળા માટે પાર્કિંગના વ્યવસ્થાપન આપવાનો કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:20 કલાકે | 03 વર્ષ |
| AA/7 | PARKING-ADI-NRD-MX-32-22-1 (પાર્કિંગ-મિક્સડ) | અમદાવાદ ડિવિઝનના **નરોડા રેલવે સ્ટેશન** ખાતે 360 **ચોરસ મીટર્સ** માપ ના પ્લોટ માં ત્રણ વર્ષના સમયગાળા માટે પે એન્ડ પાર્ક કામના વ્યવસ્થાપન માટે કોન્ટ્રાક્ટ. | 16-05-2024 11:00-12:30 કલાકે | 03 વર્ષ |

ADI-20

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# દાહોદ કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

દિપક રાવલ : દાહોદ





લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ ને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે, ત્યારે દાહોદ કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી પ્રક્રિયા માટે કરવામાં આવેલ તમામ પ્રકારની વ્યવસ્થાની સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે, આવતી કાલનો દિવસ આપણા સૌ માટે ખુબ જ મહત્વનો છે. જિલ્લા ચૂંટણી તંત્ર તેમજ ઈલેક્શન કમિશન દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે માટે સતત પ્રયત્ન કરવામાં આવ્યા છે. જેમાં મતદાન કરવા આવનાર નાગરિકો અને ચૂંટણીની ફરજમાં રોકાયેલા કર્મીઓને હિટવેવના સંજોગોમાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા બનતી તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તમામ બુથ પર પ્રાથમિક જરૂરિયાતની તમામ પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. હિટવેવને કારણે મતદારો જેમ બને એમ વહેલી સવારથી જ મતદાન કરે તે વધુ ઈચ્છનીય છે.

# મહિસાગર જિલ્લામાં નિષ્પક્ષ, મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ માહોલમાં લોકસભા ચૂંટણી માટે સજ્જ જિલ્લા ચૂંટણીતંત્ર

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

123-બાલાસિનોર, 122-લુણાવાડા અને 123-સંતરામપુર વિધાનસભા વિસ્તારોમાં મુક્ત, ન્યાયી અને પારદર્શી માહોલમાં ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ છે. આ ત્રણ વિધાનસભા ક્ષેત્રના 8.26 લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આવતીકાલે ૭મી મેના રોજ સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી મતદાન થશે એમ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર દ્વારા જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, જે મતદાન મથકે છાંયડો કે શેડ ન હોય તેવા કુલ-૨૩૭ મતદાન મથકો ઉપર શેડની, હિટવેવથી બચવા





મતદાન મથક દિઠ-૧૦ જગ પીવાના પાણી તથા ૧ જગ રેડી ટુ યુઝ ORS, દરેક મતદાન મથક ઉપર મેડીકલની ફસ્ટ એઇડ કીટ તથા પુરતાં પ્રમાણમાં ORSના પેકેટ વગેરેની વ્યવસ્થા કરવામાં આવનાર છે. ૮૫થી વધુ ઉંમરના મતદારો, દિવ્યાંગ મતદારો, અશકત મતદારો તથા બિમાર મતદારો માટે જરૂરીયાત મુજબ બુથ ઉપર પીકઅપ અને ડ્રોપની સુવિધા તથા વોલેન્ટીયર્સ અને વ્હિલચેરની વ્યવસ્થા તથા એક જ સ્થળ પર ત્રણ કે તેથી વધુ મતદાન મથક હોય તેવા ૧૮ સ્થળ ઉપર ફૂલર તેમજ ૨૧ સખી, ૩ PWD, ૩ મોડેલ તથા ૧ યુવા મતદાન મથક ઉપર પણ ફૂલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# સંતરામપુર સહિત દાહોદના તમામ ડીસ્પેન્ચિંગ સેન્ટરોની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડે

દિપક રાવલ : દાહોદ

સમગ્ર ગુજરાતમાં આવતી કાલે યોજાનારા મતદાનને લઈને તંત્ર સજ્જ છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ મતદાનને લઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી સહિતના અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં તમામ વિધાનસભાઓમાં EVM ડિસ્પેચિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તમામ મતદાન મથકો ઉપર ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શનમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈ.વી.એમ. ડિસ્પેચીંગ સેન્ટર તૈયાર કરવામાં આવ્યા છે. ઈ.વી.એમ-વી.વી.પેટ અને જરૂરી સ્ટેશનરી કીટનું ડિસ્પેચીંગ કરવામાં આવ્યું હતું. સંતરામપુર સહિત દાહોદના તમામ એ.સી.ની મુલાકાત લીધી હતી.



સાથે સખી બુથની પણ મુલાકાત લઈ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ ઈ.વી.એમ.-ડિસ્પેચીંગની સમગ્ર પ્રક્રીયાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. જેમાંથી તમામ બુથ વાઈઝ પોલીંગ સ્ટાફ મતદાન કેન્દ્ર પર ઈ.વી.એમ-વી.વી.પેટ અને જરૂરી સ્ટેશનરી સાથે પહોંચી જશે. ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર સંપુર્ણ સુસજ્જ છે. ઉપરાંત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા હિટવેવની આગાહીને ધ્યાને રાખીને પોલીંગ સ્ટાફ માટે પાણી, છાંયડા તેમજ દવાઓ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ડીસ્પેચ સેન્ટરો પરથી મતદાર સ્ટાફને ઈ.વી.એમ., વીવીપેટ સહિતની વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ સ્ટાફ પોતાના મતદાન મથકો ખાતે પહોંચી જશે. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર તરફથી તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પણ તમામ પ્રકારની તૈયારીઓ બંદોબસ્ત અને વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ વખતે મહિલા સશક્તિકરણને ધ્યાને લઈને દાહોદમાં સખી મતદાન મથક પણ કાર્યરત કરવામાં આવ્યા છે. સખી મતદાન મથકનું સંપૂર્ણ સંચાલન મહિલા સ્ટાફ દ્વારા જ કરવામાં આવશે તથા મોડેલ, pwd અને યુવા મતદાન મથક માટે ખાસ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ,, જિલ્લા પોલીસ વડાશ્રી રાજદીપસિંહ ઝાલા, દેવગઢ બારીયા મદદનીશ ચૂંટણી અધિકારીસુશ્રી જ્યોતિબા ગોહિલ, ગરબાડા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી મિતેષ વસાવા, લીમખેડા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ભવ્ય નિનામા, ફતેપુરા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી રાઠવા, ઝાલોદ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ભાટિયા, સંતરામપુર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી સી. વી. પટેલ, મામલતદારશ્રી સમીર પટેલ તેમજ મામલતદારશ્રી આર. કે. મોદી ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા જિલ્લામાં 4.16 લાખ મતદારો 616 મતદાન મથકો ઉપર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે



ભરત શાહ : રાજપીપળા

લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે નર્મદા જિલ્લામાં ભરૂચ અને છોટાઉદેપુર બેઠક માટે મતદાન થવાનું છે, ત્યારે આ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી તૈયારી અંગે માહિતી આપતા કલેક્ટર શ્વેતા તેવતિયાએ જણાવ્યું કે, મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાઇ તે માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ગરમીની સ્થિતિને સ્થિતિને ધ્યાને રાખીને સવારના સમયે જ નાગરિકો મતદાન કરી લે એ માટે પણ અપીલ છે. આ ઉપરાંત હિટવેટ સામે ઓરઆરએસ, પાણી-છાંયડો, આરોગ્ય કાર્યકરની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. માધ્યમોના પ્રતિનિધિઓ સાથે વાતચિતમાં તેવતિયાએ કહ્યું કે, ભરૂચ બેઠક માટે ૧૩ અને છોટા ઉદેપુર બેઠક માટે ૬ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ગત એપ્રિલ માસની સ્થિતિએ ૪.૬૧ લાખ મતદારો નોંધાયા છે. તેમાંથી ૧૫૪૩૬ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. દેડિયાપાડા અને નાંદોદ બેઠકમાં કુલ મળી ૬૧૬ મતદાન મથકો છે. તેમાંથી ૧૩૩ ક્રિટિકલ મથકો છે. ૩૦૯ મતદાન મથકો ઉપર વેબકાસ્ટિંગ કરવામાં આવશે. ૨૪ શેડો એરિયાના મથકમાં વોકીટોકીની સુવિધા રાખવામાં આવી છે. મતદાનકર્મીઓને માહિતી આપતા તેમણે જણાવ્યું કે, ૬૧૬ મતદાન મથકો ઉપર ૩૦૮૦ મતદાનકર્મીઓ, ૫૪૪ સુરક્ષાકર્મીઓ ફરજ બજાવશે. આ તમામ મથકો માટે રિઝર્વ સહિતના ઈવીએમ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### મતદાન મથકો પર છાયડો, પાણી, ખુરશીઓ સહિતની વ્યવસ્થા, પેરા મીલીટરી ફોર્સની 12 કંપની સાથે 250 માઈક્રો ઓબ્ઝર્વર તૈનાત

# રાજકોટમાં 2,036 પોલીંગ બુથ પર EVM મશીન મોકલવામાં આવ્યાં...



(એજન્સી) રાજકોટ | તા.06

રાજકોટ લોકસભા બેઠકમાં 2,036 મતદાન મથકો આવેલા છે. જેમાં 15,000થી વધુ સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે. રાજકોટ કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, ગરમીને કારણે આજે સવારે 6 વાગ્યાથી મતદાન મથકો પર EVM મશીન મોકલવા માટે સ્ટાફને બોલાવી લેવામાં આવેલો છે. સાહિત્યનું વિતરણ પૂર્ણ થઈ ગયું છે અને ઝડપથી EVM મતદાન મથકો પર કર્મચારીઓ મારફત રવાના કરવામાં આવશે. પેરા મીલીટરી ફોર્સની 12 જેટલી કંપની રાજકોટમાં આવી પહોંચી છે તે સિવાય 1,052 મતદાન મથક પર લાઈવ વેબકાસ્ટિંગ થવાનું છે. 250થી વધુ માઈક્રો ઓબ્ઝર્વર સંવેદનશીલ વિસ્તારમાં મોકલવામાં આવશે. આ ઉપરાંત મતદાન મથક પર છાયડો, પાણી, ખુરશીઓ સહિતની વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત હિટવેવને ધ્યાનમાં લેતા દૂરના અંતરના મતદાન મથકો સુધી કર્મચારીઓને પહોંચાડવા માટે 20 એર કન્ડિશન બસ રાખવામાં આવી છે. આ ઉપરાંત મતદાન મથકોમાં છાયડાની વ્યવસ્થા કરવામાં આવી છે. પીવાના પાણી ઉપરાંત બેઠક માટે ખુરશીઓની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. મતદાન મથકો ઉપર પણ વધુ સ્ટાફ મૂકવામાં આવશે. જેથી મતદાન વખતે ભીડ ન થાય. દરેક વિધાનસભા વાઈઝ 7-7 સખી મતદાન મથકો રાખવામાં આવ્યા છે. જ્યાં મહિલા અધિકારીઓ ફરજ બજાવશે. દિવ્યાંગો દ્વારા દરેક વિધાનસભામાં 1-1 બુથ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત મોડેલ પોલિંગ સ્ટેશન પણ ઊભું કરવામાં આવ્યું છે. ગત વર્ષ કરતા 5 ટકા વધુ મતદાન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રાજકોટ પશ્ચિમ મામલતદાર મહેશ શુક્લએ જણાવ્યુ હતું કે, વિરાણી હાઈસ્કૂલના EVM ડિસ્પેચિંગ અને રીસીવિંગ સેન્ટર પર આજે સવારે 6 વાગ્યાથી કામગીરી શરૂ થઈ ચૂકી છે. જસદણ અને ગોંડલ તરફ 6 બસ રવાના કરવામા આવી છે. અહીં 310 મતદાન મથક છે તેનો પ્રિસાઈડિંગ ઓફિસરથી પટાવાળા સુધીનો 1,600નો સ્ટાફ છે. તેના માટે નાસ્તા-ભોજન સહિતની તમામ વ્યવસ્થાઓ અહીં કરવામાં આવી છે. હવે ઝોનલ ઓફિસરો સાથે EVM મોકલવાની કામગીરી શરૂ કરી દેવામાં આવશે. 7 મે ના રાજકોટ લોકસભા ચૂંટણીનું મતદાન છે, ત્યારે એક પણ મતદાન મથક ઉપર ગુપ્તતાનો ભંગ ન થાય તે પ્રકારની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત અહીં કોર્પોરેશન માંથી 5 એસી બસ ફાળવવામાં આવી છે. જેમાં લાંબા રૂટ ઉપર જનારા કર્મચારીઓને મોકલવામાં આવશે.

ચૂંટણી ફરજમાં મુકાયેલા રાજકોટ AVPTIમાં ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા પુનિતા લાડાણીએ જણાવ્યુ હતું પ્રિસાઈડિંગ ઓફિસર તરીકેની મારી જવાબદારી છે.

## ન્યૂઝ કોર્નર

### કારખાનામાં કામે જતો નહીં નહીંતર ટાંટિયા ભાંગી નાખશું

રાજકોટ | અણિયારામાં રહેતા મહેશ મોરવાડિયાએ આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અણિયારાના નિલેશ દિનેશ અજાણી અને ગૌતમ ખેરનું નામ આપ્યું હતું. મહેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે અણિયારા નજીક આવેલી ફેક્ટરીમાં નોકરી કરે છે. રાત્રે નવેક વાગ્યે પોતે અણિયારા ગામમાં ઊભો હતો ત્યારે અણિયારાનો નિલેશ અજાણી-ગૌતમ ખેર ત્યાં ધસી આવ્યા હતા અને પોતે જે ફેક્ટરીમાં કામે જાય છે કામ પર જવાનું બંધ કરી દે તેમ કહ્યું હતું.

### કામ કરતી વેળાએ કૂવામાં પડી જતાં શ્રમિકનું મોત

રાજકોટ | રાજકોટના બેડી ગામે રહેતા અને મૂળ દાહોદનો વિપુલ સમસુદભાઇ તડવી (ઉ.20) બેડી ગામની સીમમાં ચંદુભાઈની વાડીમાં કામ કરતી વેળાએ કૂવામાં પડી જતાં તેનું મોત નીપજતા કુવાડવા પોલીસ મથકના જમાદાર ભટ્ટી સહિતના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા મૃતક અપરિણીત હોવાનું અને ચાર ભાઈ બે બહેનોમાં નાનો હોવાનું તેમજ કુવા ગાળવાની મજૂરીકામ કરતો હોય અને થોડા સમય પહેલાં જ પેટિયું રડવા આવ્યો.

### સુરતમાં વધુ 2 યુવકોનાં અચાનક બેભાન બાદ મોત

સુરત | રાજસ્થાનના ઉદયપુરના વતની અને રાંદેર રામનગર દિપમાલા ખાતે રહેતા રતનસિંહ હિરસિંહ હજીરાની કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરી 2 પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે રાત્રે નોકરી પરથી ઘરે પરત આવ્યા બાદ તેઓ આરામ કરતા હતા. ચક્કર બાદ બેભાન થઈ જતા તેમને સારવાર માટે સિવિલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજા બનાવમાં ઉધના દાદા મીલની બાજુમાં રહેતા અને યુપીના વતની 40 વર્ષીય રામરાજ હીરાલાલ પ્રજાપતી ડાઈંગ કામદાર કરતા હતા. રવિવારે નહાઈને બહાર આવ્યા બાદ બેભાન થતા સિવિલ લઈ આવ્યા હતા.

# પરિવારને એન્ટી ડ્રગ્સ આપવામાં મોડું થયું!

### મોભીએ પણ પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈટ લીધું, આરોપી પિતા અને પુત્રની હાલત નાજુક; પોલીસે CCTV અને શેરડી રસના સેમ્પલ લીધા

#### મોબાઈલ કોલ હિસ્ટ્રી પોલીસ તપાસી રહી છે

આ સમગ્ર મામલે પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં આ પરિવારના સભ્યોને હત્યા માટે પ્લાન ઘડનાર પિતા સાથે અન્ય કોઈ કડી છે કે કેમ? આ ઘટનામાં આર્થિક સંક્રમણને લઈ પગલું ભર્યું છે કે અન્ય કોઈ વ્યક્તિ પાસેથી પૈસા લીધા હતા કે કેમ? તેઓને કોઈ દબાણ કરતું હતું કે કેમ તે અંતર્ગત મોબાઈલ હિસ્ટ્રી અને સીસીટીવી તપાસી વધુ તપાસ હાથ ધરી છે.




(એજન્સી) વડોદરા | તા.06

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી નંદનવન સોસાયટીમાં સોની પરિવારના 2 સભ્યોના મોત થયા હતા. ઘરના મોભીએ તેના પિતા, પત્ની અને પુત્રને શેરડીના રસમાં પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈટ નાંખી હત્યાનું કાવતરું રચ્યું હતું. જેમાં પિતા અને પત્નીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.સમગ્ર મામલે પોલીસે આરોપી પિતાની પૂછપરછ હાથ ધરતાં આરોપીએ પણ ઝેરી પદાર્થ લઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે પણ પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈટ ખાઈ લીધું હતું. ત્યારે આરોપી અને તેનો પુત્ર હાલ નાજુક સ્થિતિમાં સારવાર હેઠળ છે. જ્યારે પોલીસે હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોવાથી 2 કીટ મંગાવી આપી હતી, પરંતુ 24 કલાક વીતી જતાં તે નકામી હોવાનું જાણકાર તબીબ કહી રહ્યા છે. આ સમગ્ર મામલામાં પત્ની અને પિતાનું મોત નિપજ્યા બાદ પોલીસને જાણ બહાર અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. બાદમાં આરોપી ચેતન સોનીએ પુત્ર આકાશની તબિયત ખરાબ હોવાથી પોતાની પત્નીએ શેરડીના રસમાં પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈટ નાખ્યું હોવાની શંકા વ્યક્ત કરી હતી. જોકે, પોલીસ તપાસમાં આરોપી ચેતને પોતે આ કાવતરું રચ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ તેણે પણ ઝેરી પદાર્થ લઈ લેતાં તબિયત લથડી હતી અને પોલીસ સયાજી હોસ્પિટલમાં લાવી હતી, જ્યાં તેની સ્થિતિ હાલમાં પણ નાજુક છે. આ મામલે આરોપી સામે પોલીસે હત્યાનો ગુન્હો નોંધ્યો છે.

આ સમગ્ર મામલે પોલીસે આરોપીના સાળા મનોજે પોતાના બનેવી સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે ઘરમાંથી શેરડીના રસ અને પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈટના સેમ્પલ મેળવી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા વધુ પૂરાવા એકત્રિત કરવા આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવાનું શરૂ કરવામાં આવ્યું છે.

આ સમગ્ર મામલે આરોપી ચેતનની હાલમાં સ્થિતિ નાજુક છે, જ્યારે 24 વર્ષીય આકાશની સ્થિતિ પણ ખૂબ જ ગંભીર છે. બંનેની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. પોટેશિયમ ગોલ્ડ સાઈનાઈટ સામે એન્ટી ડ્રગ્સ પોલીસે સયાજી હોસ્પિટલમાં ઉપલબ્ધ ન હોવાથી 2 કીટ મંગાવી આપી હતી, છતાં તે હજુ આપવામાં આવ્યું નથી. આ અંગે જાણકાર તબીબે જણાવ્યું હતું કે, આ કીટ ત્યારે જ કામ કરે છે કે જ્યારે બનવાના 24 કલાકમાં આપવામાં આવે તો તે ઉપયોગી છે. પરંતુ આ કેસમાં સમય વધુ હોવાથી તે કામ કરે તેવી સ્થિતિ નથી.

# રતનપુર નજીક ફેક્ટરીમાં આગ

## 7 ફાયર એન્જિન કામે લગાડાયાં, 3-30 કલાકની જહેમતે આગ કાબૂમાં આવી

(એજન્સી) વડોદરા | તા.06



શહેર નજીક રતનપુર પાસે અક્ષર સિટી નજીકના જય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પ્લોટ નં. 7માં ધ્રુમિલ ફાઈબર એન્ડ ફેબ્રિકેશનમાં રવિવારે બપોરે આગ લાગતાં દોડધામ મચી હતી. પ્લાસ્ટિક-ફાઈબરનાં પતરાંની ફેક્ટરીમાં જંગી રો મટિરિયલ અને ફાઈબરની શીટ હોવાથી આગ ભીષણ બની હતી. વડોદરા ફાયરબ્રિગેડને જાણ કરાતાં 7 ફાયર એન્જિન કામે લગાડ્યાં હતાં. 3-30 કલાકની જહેમતે આગ કાબૂમાં આવી હતી. ફાયરબ્રિગેડના ફાયર ઓફિસર અમિત ચૌધરીએ કહ્યું કે, હિનાબેન પટેલની ફાઈબર-પ્લાસ્ટિકનાં પતરાં બનાવવાની ફેક્ટરીમાં 4થી 5 ટન રો મટિરિયલ હતું. જેમાં આગ લાગતાં ધુમાડાથી ફેક્ટરી ભરાઈ ગઈ હતી. ગોડાઉન 60 ફૂટ લાંબું અને 30 ફૂટ ઊંચાઈની દીવાલવાળું હોવાથી કામગીરીમાં મુશ્કેલી સર્જાઇ હતી. જેસીબીથી દીવાલમાં બાકોરાં પાડી અંદર પ્રવેશ કરાયો હતો. ધુમાડાને કાઢવા પણ કેટલાંક બાકોરાં પાડ્યાં હતાં. રવિવારે સ્થળે કર્મચારીઓ અને માલિક પણ હાજર હતા, ફેક્ટરી ચાલુ હતી કે બંધ તે જાણી શકાયું નથી. જોકે મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનાં પતરાં બહાર કાઢી આગ પર કાબૂ મેળવ્યો હતો. બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ નથી. સમગ્ર શેડ નીચે આવી ગયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે આગનું કારણ જાણી શકાયું નથી.

ફાયરબ્રિગેડ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ફાયર સેફ્ટીનાં સાધનો ન હોય તો અમે કોઈ કાર્યવાહી કરી શકતા નથી.

## જર્મનીથી 25 ટન કોપરના વાયર ઈમ્પોર્ટ કરવા જતા અડાજણના હોલસેલ વેપારીએ 1.74 કરોડ ગુમાવ્યા

સુરત | જર્મનીની કંપની પાસેથી 25 ટનનો કોપર વાયરનો માલ મંગાવવાના ચક્કરમાં વેપારીએ 1.74 કરોડની રકમ ગુમાવી છે. અડાજણ ખાતે માધવપાર્ક બંગલોમાં રહેતા વેપારી ક્રિષ્નાકાંત નાનાવેલાવાલાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે અલગ અલગ ઈમેલ આઈડીના ધારક અને બેંક ખાતેદાર સહિત 7 જણા સામે ઠગાઈ અને આઈટી એક્ટનો ગુનો નોંધ્યો છે.

વેપારીની સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલમાં કોપર વાયરની કંપની આવેલી છે. જર્મનીની કંપનીની વેબસાઈટથી ઈમેલ આઈડી મેળવી 25 ટન કોપર વાયર માટેનું ક્વોટેશન મેળવ્યું હતું. બાદ તેનો ઓર્ડર આપવામાં આવેલો હતો.

જર્મનીની કંપનીએ શિપમેન્ટની તારીખ આપી રોટ્ટેરડેમ નેધરલેન્ડથી રવાના થઈ 30મી એપ્રિલે નેહરૂ પોર્ટ ભારત ખાતે પહોંચવાનું બતાવ્યું હતું. વેપારીએ પહેલા 2.29 લાખ ટ્રાન્સફર કર્યા હતા. પછી ટુકડે-ટુકડે કરી વેપારી પાસેથી કુલ 1.74 કરોડની રકમ પડાવી હતી. પછી ઠગ ટોળકીએ કહ્યું કે, તમારૂ પેમેન્ટ રિજેક્ટ થયું છે. તમારૂ પેમેન્ટ બેંકમાં રિટર્ન આવી જશે એમ કહી કરોડો ચાંઉ કર્યા હતા.

## મંગેતર સાથે દુષ્કર્મ કરી લગ્નનો ઈન્કાર કરનાર યુવકની ધરપકડ

(એજન્સી) વડોદરા | તા.06

સગાઈ બાદ લગ્નની ખાત્રી આપી યુવતી સાથે દુષ્કર્મ કરી લગ્નનો ઈન્કાર કરનાર યુવકની ભાદરવા પોલીસે ગુનો ધરપકડ કરી છે.આ સંબંધમાં ઈન્વેસ્ટીગેશન યુનિટ ફોર ક્રાઈમ અગેન્સ્ટ વિમેન વિભાગના પીઆઈ આર.એન.રાઠવાએ તપાસ હાથ ધરી છે ભાદરવા પોલીસે ગહન તપાસ હાથ ધરી છે.

વડોદરા પાસેના પડોશી જિલ્લાની યુવતીની સગાઈ અક્ષય વિનુભાઈ ભોઇ (રે.રણજીતનગર, ભોઈવાસ, તા.સાવલી) સાથે થઇ હતી. સગાઈ બાદ યુવતીની મરજી વિરુધ્ધ દુષ્કર્મ કર્યું હતું. રણજીતનગર અને મેવલીયાપુરા ગામે યુવતીની મરજી વિરુધ્ધ અવારનવાર યવુકે યુવતી સાથે દુષ્કર્મ કર્યું હતુ. દુષ્કર્મ કર્યા બાદ અક્ષય લગ્ન માટે બહાના બતાવવા લાગ્યો હતો અને લગ્નનો ઈન્કાર કર્યો હતો જેના પગલે યુવતીએ ભાદરવા પોલીસ મથકમાં આરોપી અક્ષય સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આ સંબંધમાં ઈન્વેસ્ટીગેશન યુનિટ ફોર ક્રાઇમ અગેન્સ્ટ વિમેનના પીઆઈ આર.એન.રાઠવાએ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીના સગાં સંબંધીને ત્યાં તપાસ શરૂ કરી છે. આરોપી અક્ષય ભોઈનો મોબાઈલ ફોન કબજે કરી તેના લોકેશનના આધારે પણ તપાસ કરવા તજવીજ શરુ કરી છે.

## રૂસ્તમપુરામાં ડ્રગ્સ અને કફ સીરપની 122 બોટલો સાથે 2 માફિયા પકડાયા

(એજન્સી) સુરત | તા.06

રૂસ્તમપુરા અકબર સહીદના ટેકરા પાસે મકાનમાં સલાબતપુરા પોલીસે શનિવારે મોડીરાતે રેડ કરી 2.60 ગ્રામ એમડી ડ્રગ્સ અને કોરેક્સ સીરપની બોટલ સાથે મોહંમદ કામીલ સુલેમાન શેખ(28)અને રિઝવાન ઈકબાલ શેખ(20)(બંને રહે. શેરઅલી બાવાની દરગાહ પાસે, રૂસ્તમપુરા)ની ધરપકડ કરી છે. પોલીસે 26 હજારનું એમડી, કફ સીરપની 122 બોટલો, મોબાઈલ સહિત 49 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સીરપની બોટલો સાહીદ નામના શખ્સે આપી હતી. એમડી ખટોદરા કોલોનીના વિક્કી ભાવેએ આપ્યું હતું. વિક્કી અગાઉ તમંચા સાથે પણ પકડાયો હતો. મુંબઈથી એમડી લાવ્યા છે. કામીલ અને સાહીલ બંને એમડીનો વેપલો કરે છે. અડધો ગ્રામ એમડી સાહીલને કામીલે આપ્યું હતું. જ્યારે રિઝવાન એમડીની પડીકી બનાવતો હતો.

#### સીરપમાં MD ડ્રગ્સ નાંખી ગ્રાહકોને વેચતા હોવાની આશંકા

હેલોજનથી સીરપ સૂકવી ડ્રગ્સ બનાવવાનો ખેલબંને ડ્રગ્સ માફિયા નાની પડીકી બનાવી અને કફ સીરપમાં એમડી ડ્રગ્સ નાખી ગ્રાહકોને વેચતા હોવાની પોલીસને આશંકા છે. કોરેક્સ સીરપને હેલોજન લાઈટ મુકી સુકવી નાખી ગાંગડા જેવું બની જાય પછી તેમાં પણ એમડી મિશ્રણ કરી શકાય છે. બંને ડ્રગ્સ માફીયાઓ એમડી માટે આ સીરપ લાવ્યા હોવાનું લાગી રહ્યું છે.

## સતત બીજા દિવસે 40 ડિગ્રી ગરમી, 2 દિવસ રાહત મળશે

(એજન્સી) સુરત | તા.05

શહેરમાં શનિવારની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડા સાથે 40 ડિગ્રી અંગ દઝાડતી ગરમી ઉપરાંત લૂની અસર યથાવત રહી હતી. આગામી બે-ત્રણ દિવસ ગરમીમાં આંશિક ઘટાડો થવાની સંભાવના છે, જેમાં મહત્તમ તાપમાન 2 ડિગ્રી સુધી ગગડી 38 ડિગ્રી જઈ શકે છે. ત્યારબાદ પારો હજુ 1થી 2 ડિગ્રી ગગડવાની શક્યતાથી ગરમીથી રાહત મળવાના સંકેત છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર રવિવારે સુરત શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને લઘુતમ તાપમાન 27.1 ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ 69 ટકા અને સાંજે 41 ટકા નોંધાયુ હતું. ઉત્તર-પશ્ચિમ દિશાથી 5 કિલોમીટરની ગતિએ પવનો ફૂંકાયા હતા. રવિવારે સવારે શહેરના દરિયા કાંઠા તરફના વિસ્તારો પાલ, અડાજણ, ઈચ્છાપોર, રાંદેરમાં આંશિક વાદળછાયું વાતાવરણ જોવા મળ્યુ હતું. જો કે, બપોર થતાં વાતાવરણ ખુલ્લું થઈને આકરી ગરમીની શરૂઆત થઈ ગઈ હતી. નોંધનીય છે કે, હવામાન વિભાગના ફોરકાસ્ટ મુજબ આગામી 9 મે સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતના દરિયાઇ કાંઠા વિસ્તારમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેશે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### જામનગરમાં ટ્રાન્સપોર્ટરને રોકી 3 શખ્સોએ ધમકાવી જાપટો મારી

જામનગર | અગાઉ થયેલી બોલાચાલી બાદ જેઠાણી પર દેરાણી સહિતનો હુમલો બન્ને કિસ્સાઓમાં ગુના નોંધી આરોપીઓની અટક કરવાની તજવીજ જામનગરના ટ્રાન્સપોર્ટરને જોલીબંગલા પાસે ત્રણ શખ્સોએ રોકી તુ અમારા પરીચીતો વચ્ચે કેમ આવશ તેમ કહી ગાળો કાઢી ઝાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બીજા બનાવમાં ખોડિયાર કોલોની વિસ્તારમાં જમણવારમાં થયેલી બોલાચાલીનો ખાર રાખી જેઠાણી પર દેરાણી સહિતના લોકોએ માર મારી ગાળો કાઢતા પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

### મીઠીખાડી બ્રિજથી ડુંભાલ સુધીનો રસ્તો બે દિવસ બંધ રહેશે

સુરત | નવસારી સંસદીય વિસ્તારમાં આવતા લિંબાયતમાં મતદાનના દિવસે ડિસ્પેચિંગ અને રિસિવિંગ સેન્ટર પાસે ટ્રાફિક ન થાય તે માટે માર્ગ બંધ કરાશે. ડુંભાલમાં એમ.પી.લીલીયાવાલા સ્કૂલમાં સેન્ટર છે, જ્યાં ચૂંટણીના વાહનોની અવરજવર વધારે થશે, જેથી આ સ્કૂલથી મીઠીખાડી બ્રિજથી ફાયર સ્ટેશન તરફનો રસ્તો 6 મેના રોજ સવારે 5 વાગ્યાથી બપોરે 12 વાગ્યા દરમિયાન તેમજ 7મીએ સવારે 6 વાગ્યાથી રાત્રે 12 વાગ્યા દરમિયાન ખાનગી વાહનોના અવરજવર માટે બંધ રહેશે. વૈકલ્પિક રૂટ તરીકે મીઠીખાડીથી ફાયર સ્ટેશન તરફ જવા બીજા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

## વરાછા મલ્ટિલેવલમાં કોન્ટ્રાક્ટ પૂરો થઈ જવા છતાં 4 માસથી ઉઘરાણાં

(એજન્સી) સુરત | તા.05

વરાછા મલ્ટિલેવલ પાર્કિંગમાં એમ-3 ખાતે છેલ્લા ચાર મહિનાથી કોન્ટ્રાક્ટ પૂરો થઈ જવા છતાં પાસ આપીને વાહનચાલકો પાસેથી ઉઘરાણાં થઈ રહ્યાં છે. આ અંગે પાલિકા કમિશનરને પૂર્વ કોર્પોરેટરે ફરિયાદ કરી છે.

પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વરાછા ઝોન-એમાં માનગઢ ચોક સરદાર સ્મૃતિ ભવનની બાજુમાં મલ્ટિ લેવલ પાર્કિંગમાં કોન્ટ્રાક્ટ 31 જાન્યુઆરીએ પૂર્ણ થઈ ગયો છે. છતાં પાલિકાએ બેનરો લગાવ્યા નથી. કોન્ટ્રાક્ટર લોકો પાસે રૂપિયા લઈ પાસ પણ બનાવી આપે છે, જેથી પાલિકાને લાખો રૂપિયાનો ચૂનો ચોપડાઈ રહ્યો છે. આ પાર્કિંગમાં ઉઘરાણાં કોણ કરાવી રહ્યું છે? આ અંગે જવાબદાર અધિકારી સામે પણ પગલાં લેવાવવા જોઈએ. કારણ કે આટલા સમયથી આવી ગેરરીતિ ચાલી રહી છે તેની જાણ અધિકારીને નહીં હોય તેવું શક્ય નથી.

ભૂતકાળમાં પણ આવી ફરિયાદો થઈ છે. આસિ. કમીશનર અને જમીન મિલકત વિભાગના મેળાપીપણામાં આ ખેલ થઈ રહ્યો છે. જ્યારે જાગૃત નાગરિકો ફરિયાદ કરે છે ત્યારે જ અધિકારીઓનાં પેટનું પાણી હલે છે, પરંતુ પોતાની ફરજમાં હોવા છતાં તેમના ધ્યાને આવી પાલિકાને લાખોનો ચૂનો ચોપડાતો હોવાની ગેરરીતિ સામે આવતી હોતી નથી. આચારસંહિતા લાગુ થઈ ગઈ હોવા છતાં ઘણા ઈજારા સોંપવામાં આગાઉથી આવી બેદરકારી જ દાખવવામાં આવી છે, તેથી પાલિકાને ઘણી ખોટ જઈ રહી છે.

થઈ ગયો છે. છતાં પાલિકાએ બેનરો લગાવ્યા નથી. કોન્ટ્રાક્ટર લોકો પાસે રૂપિયા લઈ પાસ પણ બનાવી આપે છે, જેથી પાલિકાને લાખો રૂપિયાનો ચૂનો ચોપડાઈ રહ્યો છે. આ પાર્કિંગમાં ઉઘરાણાં કોણ કરાવી રહ્યું છે? આ અંગે જવાબદાર અધિકારી સામે પણ પગલાં લેવાવવા જોઈએ. કારણ કે આટલા સમયથી આવી ગેરરીતિ ચાલી રહી છે તેની જાણ અધિકારીને નહીં હોય તેવું શક્ય નથી.

### પતિએ ભૂલ સ્વીકારીને સમાધાન કર્યું, પત્નીએ અભયમની મદદ માંગી : પતિનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું

## પતિ જુગાર રમી પૈસા ઉડાવતો અને ઘરમાં ઝઘડો કરી હેરાન કરતો

(એજન્સી) વડોદરા | તા.06

વડોદરા તાલુકાના એક ગામમાંથી અભયમ 181 હેલ્પલાઈન પર કોલ મળ્યો હતો. જેમાં પીડિત પરિણીત મહિલા પોતાના પતિથી કંટાળી મદદ માંગી હતી. જેમાં પતિ નોકરી કરી પૈસા બધા જુગારમાં લગાવતો અને ઘરમાં એકપણ રૂપિયો ન આપતા પત્ની સમજાવતા ઝગડો કરી અભદ્ર વર્તન કરતો હતો. આખરે મહિલાએ અભયમની મદદ લીધી હતી.

મળતી માહિતી અનુસાર વડોદરાના બિલ ગામ વિસ્તારમાં 'જુગાર રમવા જીદે ચડેલો' પતિને સમજવા પત્નીએ 181ની મદદ માગી હતી, ત્યારબાદ તાત્કાલિક 181ની ટીમ ઘટના સ્થળે પહોંચી પીડિત મહિલાને મળ્યા હતા અને અસરકારક કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીડિત મહિલા જણાવ્યું હતું કે, પોતાનું સાંસારિક લગ્ન જીવન છેલ્લા 25 વર્ષથી જીવી રહી છું. આ દરમિયાન બે દીકરા છે. જેમાં એક 17 વર્ષ અને બીજો 9 વર્ષો છે. પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને જુગાર રમવાની લતે ચડી બધા



પૈસા જુગારમાં પૂરા કરે છે. ઘરમાં એક પણ રૂપિયો આપતો નથી. ઘર ચલાવવા મહિલા પતિને સમજાવે છે, પરંતુ પતિ સમજવાની જગ્યાએ ઘરમાં ઝઘડો કરી પત્ની સાથે અભદ્ર વર્તન કરી અપશબ્દો બોલે છે. જેથી અભયમની મદદ માંગી છે.

અભયમની ટીમ જુગારની લતે ચડેલા પતિનું અસરકારક કાઉન્સિલિંગ કર્યું હતું. જેમાં પતિને સમજાવવામાં આવ્યો કે જુગાર રમવું એ એક ગુનો છે અને આ જુગારમાં તમારી જિંદગી વેડફાઈ જશે. તમારા પરિવારમાં પત્ની સાથે તમારા બે દીકરાનું ભવિષ્ય પણ બગડશે. જેથી આ લત છોડી દેવામાં તમારી ભલાઈ છે અને જુગાર રમવા સિવાય ઘણા બધા કામ ધંધા છે, જેમાં ધ્યાન આપો અને કમાઈ શકો છો અને તમારુ ઘર ચલાવી શકો છો.

આ રીતે સમજાવી કાયદાકીય સમાજ આપતા તેઓની ભૂલ સ્વીકારી હતી અને તેઓ સુધારવા માટે એક ચાન્સ આપવા માંગતા હતા. સાથે પીડિત મહિલા પણ તેના પતિને સુધારવા માટે એક ચાન્સ આપવા માંગતી હતી. આખરે બંને પક્ષ સમાધાન કરવા માંગતા હતા. જેથી આ રીતે વિસ્તૃત સમજ આપી સમાધાન કરાવ્યું હતું.

# આણંદ લોકસભા અને ખંભાત પેટાચૂંટણી માટે ઇવીએમ અને વીવીપેટ મતદાન મથકો પર મોકલાશે

(એજન્સી) આણંદ | તા.06

આણંદ લોકસભા બેઠક અને ખંભાત વિધાનસભાની પેટાચૂંટણી માટે આજે સાંજના પાંચ વાગ્યાથી ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત થયા છે. રાજકીય પક્ષોના ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરશે. આણંદ લોકસભા બેઠક અને ખંભાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થયું છે.તા.૭મી મેના રોજ ત્રીજા તબક્કામાં યોજાનાર ચૂંટણીમાં આવતીકાલ સોમવારે ૧૭૭૩ મતદાન મથકો પર ઈવીએમ અને વીવીપેટ રવાના કરાશે. ચૂંટણીમાં આણંદ લોકસભા બેઠકમાં ૧૭.૭૦ લાખ મતદારો ભાજપ- કોંગ્રેસ સહિતના સાત ઉમેદવારોનું ભાવિ ઘડશે. જયારે ખંભાત પેટા ચૂંટણીમાં ૪ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. આણંદ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી અને ખંભાત વિધાનસભાની પેટા ચૂંટણી માટે તા.૭મી મેના રોજ મતદાન યોજાશે. જેના અનુસંધાનમાં જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીએ સંવાદ યોજ્યો હતો. જેમાં ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, મતદાનની પ્રક્રિયા સુગમ બની રહે અને શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા ઝીણવટપૂર્વક તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેઓએ ઉમેર્યું હતું કે, ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન અને વીવીપેટના કમિશનિંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જિલ્લામાં કુલ ૧,૭૭૩ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ૪૯ સખી મતદાન મથક, ૭ પીડબલ્યુડી મતદાન મથકો, ૭ આદર્શ મતદાન મથકો, ૧ યુવા સંચાલિત મતદાન મથક તથા ૧૪ ગ્રીન મતદાન મથકોનો સમાવેશ થાય છે.

## ન્યુઝ ફ્લેશ

### આત્મહત્યા માટે ગયેલી વીરપુરના કોયડમની વૃદ્ધાને અભયમે બચાવી

વીરપુર | વીરપુરના કોયડમ ગામની વૃદ્ધાને દીકરા કે દીકરીઓ રાખતું ન હતું અને ઘરમાં અસહ્ય ત્રાસ આપતા હતા. અંતે વૃદ્ધા કંટાળીને દેગમડા બ્રિજે આત્મહત્યા કરવા ગઈ હતી. ત્યારે અભયમની ટીમે તેમનું કાઉન્સેલિંગ કરી સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવી વૃદ્ધાનો જીવ બચાવી લીધો હતો.મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના દેગમડા મહીંબ્રિજ ઉપર વીરપુર તાલુકાના કોયડમ ગામની ૬૦ વર્ષીય વૃદ્ધા આત્મહત્યા કરવા જતા સ્થાનિક લોકોએ મહિલા હેલ્પલાઇન ૧૮૧માં કોલ કરીને મદદ માંગી હતી. તે સમયે અભયમ ટીમને આપેલ સરનામે ટીમ તત્કાલીન સ્થળ ઉપર પહોંચી હતી અને વૃદ્ધાને બચાવી લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### વજાપુરા ગામમાં દરોડો પાડી પોલીસે ચાર જુગારીને ઝડપી લીધા

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જુગારની બદી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે ડભોડા પોલીસે વજાપુરા ગામમાં દરોડો પાડીને જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી ૧૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરીને તેમની સામે જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આમ તો ગાંધીનગર જિલ્લામાં શ્રાવણ મહિના દરમિયાન જુગાર વધુ જોવા મળતો હોય છે પરંતુ છેલ્લા ઘણા સમયથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખૂણે ખાચરે જુગારની બદી વધી રહી છે ત્યારે ડભોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, વજાપુરા ગામમાં ભાગોળ ખાતે કેટલાક ઈસમો ભેગા મળીને તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના પગલે પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા જુગારીઓમાં નાશભાગ મચી જવા પામી હતી.

### ઉવારસદ ગામે જમીનની તકરારમાં પિતરાઇ ભાઈનો ભાઈ ઉપર હુમલો

ગાંધીનગર | ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ ગામમાં ગઈકાલે સાંજના સમયે જમીન મામલે ચર્ચા કરવા બોલાવીને પિતરાઈ ભાઈએ ભાઈ અને તેની માતા ઉપર હુમલો કરી દીધો હતો. એટલું જ નહીં ઝઘડો જોવા વચ્ચે આવેલી મહિલાનો છુટ્ટું કુકર પણ વાગ્યું હતું. આ મામલે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર નજીક વાવોલ પુન્દ્રાસણ રોડ ઉપર ઉવારસદ ગામની સીમમાં રહેતા મનીષજી રમણજી ઠાકોરે ફરિયાદ નોંધાવી હતી કે, ગઈકાલે સાંજના સમયે તેમના કાકાના દીકરા અક્ષયજી બુધાજી ઠાકોરનો ફોન આવ્યો હતો અને તું અમારી હોટલ ઉપર આવ આપણે જમીન બાબતે ચર્ચા કરવાની છે તેમ કહ્યું હતું. જેના પગલે મનીષજી તેના માતા-પિતા ભાઈ અને પત્ની સાથે લગ્ન પ્રસંગ પૂરો કરીને અક્ષયજી ઠાકોરના ઘરે ગયા હતા. આ દરમિયાન અક્ષયજી અને તેની પત્ની ઘરે હાજર હતા.

### જિલ્લાના 10 તાલુકાના 26 પોલીસ સ્ટેશન વિસ્તારમાં 2030 મતદાન મથકો પર સજ્જડ સુરક્ષા જાપ્તા વચ્ચે

# લોકસભા ચૂંટણીમાં મતદાન સીએપીએફના જવાનો રહેશે તૈનાત

(એજન્સી) ભાવનગર | તા.06



ભાવનગર જિલ્લાના ૧૦ તાલુકાના ૨૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ૨૦૩૦ મતદાન મથકો પર સજ્જડ સુરક્ષા જાપ્તા વચ્ચે તા.૭મી મેને મંગળવારના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન થનાર છે ત્યારે ભાવનગર પોલીસે તેના ડિપ્લોયમેન્ટ પ્લાનને અંતિમ ઓપ આપી દીધો છે. જે મુજબ જિલ્લામાં પોલીસ જવાનો ઉપરાંત, બી.એસ.એફ.ની ત્રણ, આર.પી.એફ.ની ૨ અને આર.એ.એફ.ની ૧ સહિત કુલ સીએપીએફની કુલ ૬ કંપની તૈનાત રહેશે. તા. ૭ મેના રોજ લોકશાહીનું મહાપર્વ ઉજવાવા જઈ રહ્યું છે. ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તથા મતદારો નિર્ભિક રીતે પોતાના લોકશાહી અધિકારનો ઉપયોગ કરી મતદાન કરી શકે તે માટે જિલ્લા પોલીસ તંત્રએ જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. જે મુજબ જિલ્લાના ૧૦ તાલુકાના ૨૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ૧૧૯૨માં બિલ્ડીંગના ૨૦૩૦ જેટલા મતદાન મથક પર મતદાન થનાર છે.

જિલ્લામાં સીએપીએફની ૬ કંપનીના જવાનો તૈનાત કરવામાં આવેલ છે. છેલ્લા ચાર દિવસથી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારના તમામ પ્રકારના ગામને ફૂટ પેટ્રોલિંગ, એરિયા ડોમિનેશનમાં કવર કરી લેવામાં આવેલ છે. મતદાનના દિવસે ૭ બિલ્ડીંગ દીઠ ૧ એવી ૧૭૦ પોલીસ સેક્ટર મોબાઈલ પેટ્રોલિંગમાં રહેશે. તમામ વિધાનસભા પર ડીવાયએસપી કક્ષાના અધિકારીનું સુપરવિઝન રહેશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન દીઠ એક ક્યુઆરટી તૈનાત રાખવામાં આવશે. પોલીસ સ્ટેશન વિસ્તારમાં મતદાનના દિવસે ચૂંટણીલક્ષી કે કાયદો-વ્યવસ્થાને અનુલક્ષીને કોઈપણ પ્રશ્ન, મુશ્કેલી કે કોલ આવે તો પોતાના જ્યુરિડિક્શન વિસ્તારમાં પોલીસ સ્ટેશન વિસ્તારની આ ક્યુઆરટી કાર્યરત રહેશે. જિલ્લામાં કુલ ૭ જગ્યાએ ડિસ્પેચિંગ અને રીસિવિંગ સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. આ તમામ સેન્ટર પર આવતીકાલ તા. ૬થી ત્રિ-સ્તરીય બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ જ્યારે ઈવીએમ રીસિવિંગ સેન્ટર પર આવે ત્યાંથી સ્ટ્રોંગરૂમ લઈ જવા માટે પાયલોટ તથા એસ્કોર્ટસની વ્યવસ્થા કરવામાં આવી છે. મતદાન પૂર્ણ થયા બાદ એકવાર ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં જમા થઈ જાય ત્યારબાદ મત ગણતરીના દિવસ સુધી ત્રિ-સ્તરીય બંદોબસ્ત જે-તે સ્ટ્રોંગરૂમ પર રાખવાનું આયોજન કરાયેલ છે. જિલ્લામાં સંવેદનશીલ મતદાન મથકો પર બાજ નજર રહેશે, વેબકાસ્ટીંગ થશે અને સીએપીએફનું અર્ધુ સેક્શન ફરજ માટે ખડેપગે રહેશે. રાઉન્ડ-ધ-ક્લોક કાર્યરત પોલીસ કંટ્રોલ રૂમમાં મતદાનના દિવસે પીઆઈ કક્ષાના અધિકારી તૈનાત રહેશે.

## ગાંધીનગર જિલ્લાના 1320 મતદાન કેન્દ્રો ઉપર 6600 કર્મચારીઓ ફરજ બજાવશે

(એજન્સી) ગાંધીનગર | તા.06

લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાન મથકોને સજ્જ કરી દેવામાં આવ્યા છે ત્યારે અહીં ઈવીએમ સહિત ચૂંટણી સામગ્રી સાથે કર્મચારીઓ સોમવારે રવાના થશે તે પૂર્વે વિધાનસભા બેઠક પ્રમાણે આવતીકાલે કર્મચારીઓનું આખરી રેન્ડમાઇઝેશન હાથ ધરવામાં આવનાર છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લામાં કુલ ૧૩૨૦ જેટલા મતદાન મથકો નિયત કરી દેવામાં આવ્યા છે.જેમાં એક મતદાન મથક દીઠ પાંચ કર્મચારીઓ ફરજ બજાવશે તો જિલ્લામાં ૬૬૦૦ પોલીંગના કર્મચારીઓ રહેશે. તો બીજી બાજુ સર્કલ અને ઝોનલ સહિત ચુંટણી કામગીરીમાં કુલ ૧૦ હજારથી પણ વધારે કર્મચારીઓ રાખવામાં આવશે. લોકસભા ચૂંટણી અંતર્ગત સરકારી કર્મચારીઓનું લીસ્ટ બનાવીને ઈલેક્શન ડયુટી માટે પ્રથમ રેન્ડમાઈઝેશન દોઢ મહિના પહેલા કરવામાં આવ્યું હતું જેમાં પગાર અને હોદ્દા પ્રમાણે ૧૨૦ ટકા કર્મચારીઓની ડયુટી નક્કી કરવામાં આવી હતી ત્યાર બાદ એક મહિના પછી પોલીટીકલ પાર્ટીના પ્રતિનિધીઓને સાથે રાખીને ઓબ્ઝર્વરની હાજરીમાં કરવામાં આવેલા રેન્ડમાઈઝેશનમાં કર્મચારીઓને વિધાનસભા વિસ્તાર ફાળવવામાં આવ્યો હતો.

### ઉશ્કેરાયેલા ગ્રામજનો દ્વારા આંદોલનની ચિમકી

# ટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે દર્દીઓને ધરમધકકા

(એજન્સી) સિહોર | તા.06



ભાવનગર જિલ્લા આરોગ્ય ખાતાના પદાધિકારીઓની ઉદાસીનતાના કારણે સિહોર તાલુકાના ટાણા ગામમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લાંબા સમયથી શોભાના ગાંઠિયા સમાન બની ગયું છે. ટાણાગામ સહિતના આજુબાજુના ગામોની ૩૦,૦૦૦ જેટલી વસ્તી છે અને ખાનગી દવાખાનાઓમાં પગ મુકવાની જગ્યા ન હોય તેથી ટાણાના સરકારી દવાખાને ગરીબ લોકોને સારવાર માટે અવાર-નવાર વલખા મારવા પડે છે.

ટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમ.બી.બી.એસ. તબીબ બે મહિનાની લાંબી રજા પર છે તેમ છતાં જિલ્લા આરોગ્ય ખાતાના સત્તાધીશો દ્વારા કોઈ અકળ કારણસર અન્ય કોઈ ડોક્ટરને ચાર્જ પણ આપવામાં આવેલ નથી. આ બાબતે જયારે તાલુકા હેલ્થ ઓફિસરને પૂછવામાં આવે છે ત્યારે જવાબ પણ એવો મળે છે કે, બે મહિના કોઈ બીમાર ન થાય એ ધ્યાન રાખવું. સરકાર મોટી મોટી વાતો કરે છે ત્યારે આજે પણ પહેલા જેવી જ સ્થિતિ ટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છે. આજે ટાણા પ્રાથમિક કેન્દ્રમાં કોઈ ડોક્ટર હાજર ન હતા.જેના માટે સ્ટાફમાં પૂછતાં કોઈને ખબર ન હતી કે, ક્યારે ડોક્ટર આવશે. ટાણાના સરકારી દવાખાના માટે દિલ્હીથી ટીમએ આવી ૨૪ કલાક આરોગ્યલક્ષી સેવા મળે છે તે બાબતના સટફિકેટ આપવામાં આવેલ છે તો તે શું ફક્ત કાગળ પર કામ કરીને જ મેળવ્યું હશે ને! ગયા અઢવાડિયે આ બાબતે મુખ્યમંત્રી સુધી રજુઆતો કરવા છતાં પણ સરકારમાં આ અંગે તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ જેવી હકીકત જણાઈ રહેલ છે.જો આવી જ રીતે દવાખાના ચલાવી ગરીબ લોકોના ટેક્સના પૈસાનો ગેર ઉપયોગ બંધ કરવામાં નહિ આવે તો હવે પછી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ચલાવવું પડશે તેવી ગ્રામજનોએ ચિમકી ઉચ્ચારી છે.



## નડિયાદ ડિવિઝનની 309 એસટી બસો ચૂંટણી પ્રક્રિયામાં ફાળવાઈ

(એજન્સી) નડિયાદ | તા.06

નડિયાદ : ગુજરાત રાજ્યમાં તા.૭મી મેના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. ખેડા અને આણંદ બેઠક પર વિજય મેળવવા ભાજપ અને કોંગ્રેસ એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે ખેડા તેમજ આણંદ લોકસભાની ચૂંટણી માટે દરેક મતદાન મથકે ઈવીએમ પહોચાડવા નડિયાદ ડિવિઝન દ્વારા ૩૦૯ એસટી બસો ફાળવવામાં આવી છે. જેના લીધે કેટલાક રૂટો રદ થવાના લીધે મુસાફરોને હાલાકી ભોગવવી પડશે.ખેડા તેમજ આણંદ લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી માટે તા.૭ મે ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણીને લઇ વહીવટી તંત્ર દ્વારા વધુમાં વધુ મતદાન કરાવવા જનજાગૃતિ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં ઈવીએમ દ્વારા મતદાન કરવામાં આવશે. ત્યારે જિલ્લા મથકે થી એસ.ટી. બસો દરેક મતદાન મથકે ઈવીએમ મશીન લાવવા લઈ જવા માટે વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.




## ખેડા જિલ્લામાં 10,999 કર્મચારીઓ ચૂંટણી પ્રક્રિયામાં ફરજ પર હાજર રહેશે

(એજન્સી) નડિયાદ | તા.06

ખેડા લોકસભાની યોજાનારી તા. ૭મીની ચૂંટણીમાં ૧૦,૯૯૯ કર્મચારીઓ ચૂંટણી પ્રક્રિયામાં ફરજ બજાવશે. આ ચૂંટણીમાં કુલ ૨૦.૦૭ લાખ મતદારો પૈકી ૧૦.૨૪ લાખ પુરુષ મતદારો અને ૯.૮૨ લાખ મહિલા મતદારો નોંધાયેલા છે. જે આવતીકાલે પોતાનો પવિત્ર મત આપશે.ત્રીજા તબક્કામાં ખેડા લોકસભાની ચૂંટણી મંગળવારે યોજાનાર છે. આ ચૂંટણીમાં ૨૦.૦૭ લાખ મતદારો ખેડા લોકસભાની ૭ વિધાનસભામાં નોંધાયેલા છે. ત્યારે હવે આ મતદાનની પ્રક્રિયામાં ફરજ બજાવવા માટે કુલ ૧૦,૯૯૯ કર્મચારીઓ તૈનાત રહેશે. જેમાં દસક્રોઇમાં કુલ ૨૦૬૮, ધોળકામાં ૧૩૭૨, માતરમાં ૧૫૨૮, નડિયાદમાં ૧૩૪૫, મહેમદાવાદમાં ૧૪૯૦, મહુધામાં ૧૪૩૬ અને કપડવંજમાં ૧૭૬૦ કર્મચારીઓ ફરજ બજાવશે. મતદાન મથકોની વાત કરીએ તો દસક્રોઈમાં ૩૮૩, ધોળકામાં ૨૫૪, માતરમાં ૨૮૩, નડિયાદમાં ૨૪૯, મહેમદાવાદમાં ૨૭૬, મહુધામાં ૨૬૬ અને કપડવંજમાં ૩૨૬ મતદાન મથકો પર મતદાન થશે.



## ભાવનગર લોકસભા બેઠક પર ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત

(એજન્સી) ભાવનગર | તા.06

ભાવનગર લોકસભા બેઠક માટે આગામી દિવસોમાં ચૂંટણી યોજાનાર છે તેથી રાજકીય પક્ષો પુરજોશમાં પ્રચાર કરી રહ્યા હતા પરંતુ આજે રવિવારે લોકસભાની ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર કરવાનો અંતીમ દિવસ હતો તેથી રાજકીય પક્ષોએ કેટલાક દિવસથી પ્રચારમાં ખુબ જ જોર લગાવ્યુ હતું. આચારસંહિતાના પગલે હવે જોરશોરથી પ્રચાર થઈ શકશે નહી. રાજકીય પક્ષો હવે શાંતીથી પ્રચાર કરશે તેમ જાણવા મળેલ છે. લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી તા. ૭ મેને મંગળવારે યોજાનાર છે. મતદાનનો સમય સવારે ૭ થી સાંજના ૬ કલાકનો છે. ભાવનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે હાલ રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા હતાં. આજે રવિવારે પ્રચાર માટેનો અંતિમ દિવસ હતો તેથી છેલ્લા કેટલાક દિવસથી રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કર્યો હતો, રોડ શો, જાહેરસભા સહિતના આયોજન રાજકીય પક્ષોએ કર્યા હતા.



## પરિણીતાને સુરત રહેવું હોવાથી લાગી આવતા ગળાફાંસો ખાધો

(એજન્સી) સિહોર | તા.06

પતિ સાથે સુરતથી સિહોર રહેવા આવેલ પરિણીતાને સુરત રહેવું હોવાથી લાગી આવતા ગળાફાંસો ખાઈ જીવાદોરી ટૂંકાવી લીધી હતી. આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર સિહોરમાં ખાડિયા વિસ્તારમાં રહેતા રાજુભાઈ કાળુભાઈ મેર (ઉ.વ.૪૫)એ સિહોર પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યું હતું કે, પોતાના પત્ની મીરાબેન રાજુભાઈ મેર (ઉ.વ.૪૫)એ આજે બપોરે ૧.૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયેલ છે. મૃતક મીરાબેન અને તેના પતિ રાજુભાઈ બંને પરિવાર સાથે પાંચ મહિના પહેલા સુરત ખાતે રહેતા હતા. ત્યાં ધંધો બરાબર ચાલતો ન હોવાથી મૃતક તેના પતિ સાથે સિહોર રહેવા આવી ગયા હતા. પરંતુ મૃતક મીરાબેનને સુરતમાં રહેવું હોઇ જેથી લાગી આવતા તેણીએ ઘરે ગળાફાંસો ખાઈ આ અંતિમ પગલું ભરી લીધું હતું. આ બનાવથી ભારે અરેરાટી સાથે આઘાત છવાયો હતો.

### 2019 ની ચૂંટણીમાં 10.98 લાખ લોકોએ મતદાન કર્યું હતું

# ખેડા બેઠક પર 20.01 લાખ મતદારો 12 ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે

(એજન્સી) નડિયાદ | તા.06

ખેડા લોકસભા બેઠક ઉપર તા. ૭મીએ મતદાન યોજાવાનું છે. તે દિવસે જિલ્લામાં ૪૨ ડિગ્રી આસપાસ ગરમી રહેવાની હવામાન ખાતાની આગાહી છે. જેના પગલે રાજકીય પક્ષોના કાર્યકરો મતદારોને મતદાન કરાવવા માટે દોડધામ કરવી પડશે. એટલું જ નહીં ખેડા બેઠક પર ૨૦.૦૧ લાખ મતદારો ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોના ૧૨ ઉમેદવારોનું ભાવિ ઘડવાના છે. ત્યારે મતદારો પોતાનું મન નહીં કળવા દેતા ઉમેદવારો પણ મૂંઝવણમાં મૂકાયા છે. જ્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં ૧૦.૯૮ લાખ મતદારોએ મતદાન કરતા કુલ ૬૧ ટકા મતદાન નોંધાયું હતું.

ખેડા લોકસભા બેઠક પર મંગળવારે મતદાન યોજાશે. આ પહેલા ચૂંટણી પંચે મતદાન વધારે થાય તે માટે તમામ પ્રયાસ કર્યા છે. ત્યારે ખેડા લોકસભામાં સમાવિષ્ટ દસક્રોઈ, ધોળકા, માતર, મહેમદાવાદ, નડિયાદ, કપડવંજ અને મહુધા બેઠક મળી કુલ ૨૦.૦૧ લાખ મતદારોના હાથમાં ૧૨ ઉમેદવારનું ભવિષ્ય છે. આમ તો છેલ્લા અઢી દાયકાથી કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ સીધી ટક્કર થઈ રહી છે. ત્યારે આ વખતની ચૂંટણીમાં પણ બંને પક્ષ વચ્ચે સીધો જંગ છે. ત્યારે હવે ૨૦.૦૧ લાખ મતદારો પૈકી કેટલા મતદારો મતદાન મથક સુધી પહોંચે છે, તેની પર સૌની નજર છે. છેલ્લી ત્રણ ચૂંટણીની વાત કરીએ તો વર્ષ ૨૦૧૯માં ૬૧.૦૪ ટકા, વર્ષ ૨૦૧૪માં ૫૯.૮૬ ટકા અને વર્ષ ૨૦૦૯માં ૪૧.૦૬ ટકા મતદાન નોંધાયું હતું. સામાન્ય રીતે મતદાન વધતુ ગયું છે. ત્યારે વર્ષ ૨૦૦૯માં ૬.૦૨ લાખ લોકોએ, વર્ષ ૨૦૧૪માં ૯.૫૭ મતદારોએ અને વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૧૦.૯૮ લાખ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

### લોકસભાની સામાન્ય ચૂંટણી, સવારે 7 થી સાંજના 6 કલાક દરમિયાન મતદાન


# ભાવનગર લોકસભા બેઠક પર ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત

(એજન્સી) ભાવનગર | તા.06

ભાવનગર લોકસભા બેઠક માટે આગામી દિવસોમાં ચૂંટણી યોજાનાર છે તેથી રાજકીય પક્ષો પુરજોશમાં પ્રચાર કરી રહ્યા હતા પરંતુ આજે રવિવારે લોકસભાની ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર કરવાનો અંતીમ દિવસ હતો તેથી રાજકીય પક્ષોએ કેટલાક દિવસથી પ્રચારમાં ખુબ જ જોર લગાવ્યુ હતું. આચારસંહિતાના પગલે હવે જોરશોરથી પ્રચાર થઈ શકશે નહી. રાજકીય પક્ષો હવે શાંતીથી પ્રચાર કરશે તેમ જાણવા મળેલ છે.



લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી તા. ૭ મેને મંગળવારે યોજાનાર છે. મતદાનનો સમય સવારે ૭ થી સાંજના ૬ કલાકનો છે. ભાવનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે હાલ રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા હતાં. આજે રવિવારે પ્રચાર માટેનો અંતિમ દિવસ હતો તેથી છેલ્લા કેટલાક દિવસથી રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કર્યો હતો, રોડ શો, જાહેરસભા સહિતના આયોજન રાજકીય પક્ષોએ કર્યા હતા પરંતુ આજે સાંજના સમયે આચારસંહિતાનો અમલ શરૂ થતા જ પ્રચાર પડઘમ શાંત થઈ ગયા હતાં. ચૂંટણીના ૪૮ કલાક અગાઉ આચારસંહિતાના પગલે રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર કરી શકતા નથી. જાહેરસભા કરી શકતા નથી, માઈક પર પ્રચાર કરી શકતા નથી. ભાવનગરમાં બહારથી પ્રચાર માટે આવેલા લોકોએ ૪૮ કલાકમાં સ્થળ છોડી દેવાનુ હોય છે. જિલ્લાના મતદારો કે ધારાસભ્ય, સાંસદ હોય તો તેઓ રહી શકે છે. આચારસંહિતાનો કડક અમલ કરાવવા ચૂંટણી પંચે પ્રયાસ હાથ ધર્યા છે અને નિયમનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજકીય પક્ષો અને ઉમેદવારો હવે બંધ બારણે બેઠક કરશે અને ડોર ટુ ડોર પ્રચાર કરશે તેમ જાણવા મળેલ છે. લોકસભાની ચૂંટણી આડે હવે માત્ર એક જ દિવસ જ રહ્યો છે તેથી સુરક્ષા વ્યવસ્થા જાળવવા પોલીસ પણ ચેકીંગ હાથ ધરશે.




## અસહ્ય તાપ વચ્ચે રાજકોટ, ખંભાળિયામાં છાંટા વરસ્યા,પાંચ દિવસ હીટવેવનું એલર્ટ

(એજન્સી) રાજકોટ | તા.06


સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ પાંખા વાદળો ધસી આવ્યા હતા અને રાજકોટ તથા ખંભાળિયા અને આસપાસના વિસ્તારોમાં અસહ્ય બફારા વચ્ચે અમીછાંટણા વરસ્યા હતા જ્યારે ગુજરાતમાં એકંદરે આગામી પાંચ દિવસ અકળામણ અનુભવાય તેવું ગરમ ભેજયુક્ત હવામાન રહેવાની અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળે હીટવેવની ચેતવણી જારી કરાઈ છે. રાજકોટની ધરતીને જાણે કે તીવ્ર તાપથી રક્ષવા કુદરતી વાદળોની છત્રી બંધાઈ હતી જેના પગલે બપોરના તાપમાનમાં ૩થી ૪ સે.નો ઘટાડો થયો હતો અને ૩૭ સે.તાપમાન રહ્યું હતું. પરંતુ, ભેજનું પ્રમાણ ૨૦ટકાથી વધીને ૩૫-૪૦ ટકા સુધી પહોંચી જતા પરસેવે રેબઝેબ કરતો બફારો અનુભવાયો હતો.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.




**વૃષભ (બ,વ,ઉ)**

દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.




**મિથુન (ક,છ,ઘ)**

ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.




**કર્ક (ડ,હ)**

આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે.




**સિંહ (મ,ટ)**

આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.




**કન્યા (પ,ઠ,ણ)**

આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.




**તુલા (ર,ત)**

આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.




**વૃશ્ચિક (ન,ય)**

શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.




**ધન (ભ,ધ,ફ)**

તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. મિત્રની સલાહ તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો.




**મકર (ખ,જ)**

આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.



**કુંભ (ગ,શ,સ)**

આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

દિવસ તમારા માટે શુભ છે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

RBIએ આ બોન્ડ પર વ્યાજદર 8 ટકા નક્કી કર્યો, તેમાં ઓછામાં ઓછું રૂ. 1000નું રોકાણ કરી

# RBIએ આ બોન્ડ પર વ્યાજદર 8 ટકા નક્કી કર્યો, ઓછું રૂ. 1000નું રોકાણ કરી શકાય

એજન્સી નવી દિલ્હી તા 06

RBI Announce FRSB (2034) Rates: રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ફ્લોટિંગ રેટ સેવિંગ્સ બોન્ડ (FRSB) 2034 પર 8 ટકા વ્યાજદર નક્કી કર્યા છે. 30 એપ્રિલથી 29 ઓક્ટોબર-2024 સુધી બોન્ડ પર 8 ટકા વ્યાજ મળશે. ઉલ્લેખનીય છે, દર છ મહિને આ બોન્ડ પર વ્યાજદર બદલાય છે.

કેન્દ્ર સરકારે ખાસ પ્રકારનો બોન્ડ ફ્લોટિંગ રેટ બોન્ડ (FRB) જારી કરી રહી છે, જે 2034ના રોજ મેચ્યોર થશે. જેમાં અન્ય રેગ્યુલર બોન્ડની જેમ ફિક્સ વ્યાજદર મળે છે. પરંતુ આરબીઆઈ દ્વારા દર છ મહિને વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવે છે.

શોર્ટ ટર્મ ગવર્નમેન્ટ ડેટ (ટ્રેઝરી બિલ્સ) માટે તાજેતરની હરાજીની એવરેજ યીલ્ડના આધારે વ્યાજદર નિર્ધારિત કરવામાં આવે છે. જે માર્કેટની સ્થિતિના આધારે બદલાતા રહે છે. હાલ આગામી છ માસ માટે આ બોન્ડ પર 8 ટકા વ્યાજ મળશે. અન્ય સ્ત્રોતો કરતાં વધુ અને સુરક્ષિત રિટર્ન FRSBમાં રોકાણ કરનારા રોકાણકારોને આગામી છ માસ સુધી 8 ટકા વ્યાજ મળશે. જે સામાન્ય બેન્ક એફડી કરતાં વધુ છે. માર્કેટની સ્થિતિના આધારે વ્યાજદર બદલાતા હોવાથી રોકાણકારોને આકર્ષક રિટર્ન મળી શકે છે. જેમાં ઓછામાં ઓછા રૂ. 1000થી રોકાણ કરી શકો છો, મહત્તમ રોકાણ મર્યાદા નથી. જે સરકાર દ્વારા જારી કરવામાં આવતાં હોવાથી સુરક્ષિત છે. દર છ માસે વ્યાજની આવક FRSB પર લાગૂ વ્યાજ દર છ માસે મળે છે. દરવર્ષે 1 જાન્યુઆરી અને 1 જુલાઈના રોજ રોકાણકારના ખાતામાં વ્યાજની રકમ જમા થાય છે. જેમાં ક્મ્યુલેટિવ ઈન્ટરેસ્ટ પેમેન્ટ્સ માટે કોઈ જોગવાઈ નથી. જો બેન્ચમાર્ક વધે તો તેનો લાભ રોકાણકારોને મળે છે. લાભદાયી બોન્ડ ખરીદ્યા બાદ તેનો સાત વર્ષનો મેચ્યોરિટી પિરિયડ પૂર્ણ થાય ત્યારબાદ ઉપાડ કરી શકો છે. વરિષ્ઠ નાગરિકો માટે લઘુત્તમ લોક-ઈન પિરિયડ બાદ પ્રિ-મેચ્યોર ઉપાડ શક્ય છે, પરંતુ તેમાં પેનલ્ટી લાગૂ થાય છે. આ બોન્ડ લિસ્ટેડ ન હોવી તેના પર લોન લઈ શકાય નહીં.




## ન્યૂઝ ટ્રેક

### સિંઘાનિયાએ કહ્યું- મારી પર્સનલ લાઈફને બિઝનેસ સાથે કોઈ લેવાદેવા નથી

ગારમેન્ટ્સ અને એપેરલ કંપની રેમન્ડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગૌતમ સિંઘાનિયાએ જણાવ્યું હતું કે તેમની પર્સનલ લાઈફને તેમના બિઝનેસ સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે કહ્યું, 'અમારી વચ્ચે જે કંઈ પણ થયું તેના પર હું કોઈ ટિપ્પણી કરવા માંગતો નથી. હું મારા બિઝનેસ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરું છું અને પરિણામો પર નજર રાખીશ. ખરેખરમાં, સિંઘાનિયાએ 13 નવેમ્બર 2023ના રોજ તેમની પત્ની નવાઝ મોદી સિંઘાનિયાથી અલગ થવાની જાહેરાત કરી હતી. હાલમાં જ રેમન્ડ ગ્રુપની ત્રણ કંપનીઓએ નવાઝ મોદીને તેમના બોર્ડમાંથી હટાવી દીધા છે. JK ઈન્વેસ્ટર્સ લિમિટેડ (JKI), રેમન્ડ કન્ઝ્યુમર કેર (RCCL) અને સ્માર્ટ એડવાઈઝરી એન્ડ ફિનસર્વે 31 માર્ચે એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગ (EGM) દ્વારા નવાઝ મોદીને બોર્ડમાંથી હાંકી કાઢી છે. જ્યારે સિંઘાનિયાને આ વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે વિશ્વાસના અભાવને કારણે કેટલીક કંપનીઓએ તેને બોર્ડમાંથી હટાલી દીધી છે.

### અદાણી પોર્ટ્સ ફિલિપાઈન્સમાં પોર્ટ બનાવશે

અદાણી ગ્રૂપની કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) હવે ફિલિપાઈન્સમાં રોકાણ કરવાની તૈયારી કરી રહી છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અદાણી પોર્ટ્સે ફિલિપાઈન્સના બાટાનમાં 25 મીટર ઊંડો બંદર વિકસાવવામાં રસ દાખવ્યો છે. આગળ જઈને પ્રમુખ માર્કોએ ફિલિપાઈન્સમાં અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની યોજનાને આવકારી છે. તેમણે કહ્યું કે કૃષિ ઉત્પાદનોને હેન્ડલ કરવા માટે બંદરો વિકસાવવા જોઈએ, જેથી ફિલિપાઈન્સ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે. તાજેતરમાં, ગૌતમ અદાણીના પુત્ર અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર (MD) કરણ અદાણીએ ફિલિપાઈન્સના પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર સાથે મુલાકાત કરી હતી. પનામેક્સ જહાજો પણ જહાજનું સંચાલન કરી શકશે અદાણી પોર્ટ દ્વારા વિકસાવવામાં આવનાર પોર્ટ પરથી પેનામેક્સ જહાજોને પણ હેન્ડલ અથવા ઓપરેટ કરી શકાય છે. સામાન્ય રીતે આ પ્રકારના જહાજનું ડેડવેઈટ 50,000 થી 80,000 ટન જેટલું હોય છે. તે મોટા જથ્થામાં માલસામાન વહન કરવામાં સક્ષમ છે.

## બેલસ્ટાર માઇક્રોફાઇનાન્સ લિમિટેડે રૂ. 1,300 કરોડ એકત્રિત કરવા માટે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી તા 06

બેલસ્ટાર માઈક્રોફાઈનાન્સ લિમિટેડે માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી") સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યું છે. કંપની માઈક્રો ઈન્ટરપ્રાઈઝ, સ્મોલ એન્ટરપ્રાઈઝ, કન્ઝ્યુમર ગુડ્સ, ફેસ્ટિવલ, એજ્યુકેશન અને ઈમર્જન્સી લોન જેવી વિવિધ શ્રેણીની લોન પ્રોડક્ટ્સ ઓફર કરે છે. કંપની રૂ. 13,000 મિલિયન (રૂ. 1,300 કરોડ) ("કુલ ઓફર સાઈઝ") સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સ (પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના)ના આઈપીઓ દ્વારા ફંડ એકત્રિત કરવાની યોજના ધરાવે છે. કુલ ઓફર સાઈઝમાં (1) રૂ. 10,000 મિલિયન (રૂ. 1,000 કરોડ)ના મૂલ્યના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને (2) રૂ. 3,000 મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફર)નો સમાવેશ થાય છે. કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી આવકનો ઉપયોગ નાણાંકીય વર્ષ 2025માં અંદાજિત રૂ. 7,600 મિલિયનના ઓનવર્ડ લેન્ડિંગ માટે ભાવિ મૂડી જરૂરિયાતો સંતોષવા તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની દરખાસ્ત કરે છે.ઓફર ફોર સેલમાં એમએજે ઈન્વેસ્ટ ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન ફંડ 2 કે/એસ દ્વારા રૂ. 1,750 મિલિયન (રૂ. 175 કરોડ) સુધીના, અરૂણ હોલ્ડિંગ્સ લિમિટેડ દ્વારા રૂ. 970 મિલિયન (રૂ. 97 કરોડ) સુધીના અને ઓગસ્ટા ઈન્વેસ્ટમેન્ટ્સ ઝીરો પીટીઈ લિમિટેડ દ્વારા રૂ. 280 મિલિયન (રૂ. 28 કરોડ) સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે. આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, એચડીએફસી બેંક લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આઈપીઓ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

## આઈસીઆઈસીઆઈ બેન્કે તેના એનઆરઆઈ ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબર દ્વારા ભારતમાં યુપીઆઈ પેમેન્ટ કરવા સક્ષમ બનાવ્યાં

(એજન્સી) નવી દિલ્હી તા 06

આઈસીઆઈસીઆઈ બેન્કે તેના એનઆરઆઈ ગ્રાહકોને ભારતમાં આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબર મારફત યુપીઆઈ ચૂકવણી કરવા સક્ષમ બનાવ્યા છે. જે એનઆરઆઈ માટે રોજિંદા કરવામાં આવતી ઓનલાઈન ચૂકવણીને વધુ સરળ બનાવશે. આ સુવિધા સાથે બેન્કના એનઆરઆઈ ગ્રાહકો ભારતમાં તેમના NRE / NRO બેન્ક એકાઉન્ટ સાથે રજિસ્ટર્ડ આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબર મારફત યુટિલિટી બિલ, મર્ચન્ટ અને ઈ-કોમર્સ ટ્રાન્જેક્શન કરી શકશે. બેન્ક આ સુવિધા તેની મોબાઈલ બેન્કિંગ એપ આઈમોબાઈલ પે (iMobile Pay) મારફત ઉપલબ્ધ કરાવશે. અગાઉ એનઆરઆઈએ યુપીઆઈ પેમેન્ટ કરવા માટે તેમના બેન્ક એકાઉન્ટને ભારતીય મોબાઈલ નંબર સાથે રજિસ્ટ્રેશન કરાવવુ પડતુ હતું. આઈસીઆઈસીઆઈ બેન્કે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા વિવિધ દેશોમાં યુપીઆઈનો ઉપયોગ કરવા માટે સ્થાપિત ઈન્ટરનેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરતાં આ સુવિધા યુએસએ, યુકે, યુએઈ, કેનેડા, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ, ઓમાન, કતાર અને સાઉદી અરબ સહિત 10 દેશોમાં પ્રદાન કરશે. આ સુવિધાની મદદથી બેન્કના એનઆરઆઈ ગ્રાહકો કોઈપણ ઈન્ડિયન ક્યુઆર કોડ સ્કેન કરી યુપીઆઈ પેમેન્ટ કરી શકશે. આ અંગે આઈસીઆઈસીઆઈ બેન્કના ડિજિટલ ચેનલ્સ અને પાર્ટનરશીપ્સ હેડ શ્રી સિદ્ધાર્થ મિશ્રાએ જણાવ્યું હતું કે, "અમે એનપીસીઆઈ સાથે જોડાણ કરી આઈમોબાઈલ પે (iMobile Pay) મારફત આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબર પર યુપીઆઈ સુવિધા પ્રદાન કરવા બદલ ઉત્સુક છીએ. આ સુવિધા સાથે 10 દેશોમાં વસતા અમારા એનઆરઆઈ ગ્રાહકો ભારતીય મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યા વિના યુપીઆઈની મદદથી પેમેન્ટ કરી શકશે. આ ઈનોવેટિવ સોલ્યુશન અમારા એનઆરઆઈ ગ્રાહકોને સુરક્ષિત, સલામત, અને પડકારમુક્ત ચૂકવણીનો અનુભવ પ્રદાન કરે છે.

## અક્ષય તૃતીયા પહેલા સોના-ચાંદીના ભાવમાં તેજી:સોનું 71,621 રૂપિયે પહોંચ્યું

અક્ષય તૃતીયા પહેલા આજે એટલે કે 6 મેના રોજ સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું રૂ. 430 મોંઘું થઈને રૂ. 71,621 પર પહોંચી ગયું છે.

તેમજ, આજે એક કિલો ચાંદી 976 રૂપિયા મોંઘી થઈ છે અને તે 80,965 રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહી છે. અગાઉ 3 મેના રોજ ચાંદીનો ભાવ 79,989 રૂપિયા પ્રતિ કિલો હતો. આ મહિને 10મી મેના રોજ અક્ષય તૃતીયા છે. આ દિવસે સોનું અને ચાંદી ખરીદવું શુભ માનવામાં આવે છે. 4 મેટ્રો શહેર અને ભોપાલમાં સોનાનો ભાવ દિલ્હી: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 66,200 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 72,200 રૂપિયા છે. ચેન્નાઈ: 10 ગ્રામ 22 કેરેટ સોનાની કિંમત 66,100 રૂપિયા અને 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 72,110 રૂપિયા છે. આ વર્ષે સોના અને ચાંદીમાં શાનદાર તેજી જોવા મળી છે IBJA અનુસાર આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં 8,269 રૂપિયાનો વધારો થયો છે. 1 જાન્યુઆરીએ સોનું રૂ. 63,352 હતું, જે હવે રૂ. 71,621 પ્રતિ 10 ગ્રામ છે. તેમજ, એક કિલો ચાંદીની કિંમત 73,395 રૂપિયાથી વધીને 80,965 રૂપિયા થઈ ગઈ છે.

## કેનેડામાં વસતા ભારતીયો માટે ખુશખબર, સુપર વિઝા અંગે લેવાયો મોટો નિર્ણય



એજન્સી કેનેડા તા 06

Canada to approve 35700 Super Visa: કેનેડાનો સુપર વિઝા 2024 માટેનો ઈનટેક 21 મેથી શરૂ થવા જઈ રહ્યો છે. જેમાં કેનેડા 35700 સ્પોન્સર પાસેથી સુપર વિઝાની અરજી મંગાવશે. તેમાંથી લગભગ 20500 લોકોથી વધુના વિઝા મંજૂર થઈ શકે છે. જેનો લાભ કેનેડામાં વસતા ભારતીયો લઈ શકે છે. 2020ના અરજદારો માટે ખુશીના સમાચાર કેનેડામાં વસતાં લોકો દ્વારા 2020માં તેમના વાલીઓ અને દાદા-દાદીને કેનેડા મુલાકાત માટે સ્પોન્સર કરતી સુપર વિઝા અરજી પર કામગીરી થશે. જેનો પોઝિટિવ જવાબ મળી શકે છે. આ સિવાય નવી અરજી કરનારા લોકો પણ સુપર વિઝાના આ ઈનટેકનો લાભ લઈ શકે છે.

સુપર વિઝા ધારક 5 વર્ષ સુધી વસવાટ કરી શકશે ઈમિગ્રેશન, રેફ્યુજી, એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) બે સપ્તાહમાં સુપર વિઝા અરજીનો જવાબ આપશે. નવી નોટિફિકેશન અનુસાર, સુપર વિઝા ધરાવનાર મુલાકાતી 5 વર્ષ સુધી સળંગ કેનેડામાં વસવાટ કરી શકશે. ઉલ્લેખનીય છે, આ વિઝા વાલીઓ અને દાદા-દાદીને 10 વર્ષ સુધી મલ્ટીપલ એન્ટ્રીની સુવિધા આપે છે. સુપર વિઝા માટે કોણ અરજી કરી શકશે? સ્પોન્સર કેનેડાની સિટીઝનશિપ, PR, તથા રજિસ્ટર્ડ ઈન્ડિયન હોવા જોઈએ જરૂરી દસ્તાવેજો રજૂ કરવા પડશે સગા કરી શકે છે. રજિસ્ટર્ડ ઈન્ડિયનને ભારતીય સ્ટેટ્સનું સર્ટિફિકેટ ઉપરાંત વધારાના પુરાવાની જરૂર પડતી નથી. સ્પોન્સર કરનાર વ્યક્તિએ નિર્ધારિત માપદંડોને આધારે નાણાકીય સ્થિરતા ધરાવતો હોવો જોઈએ. વાલીઓ તથા દાદા-દાદી પાસે સર્ટિફાઈડ પ્રોવાઈડર પાસેથી માન્ય હેલ્થ ઈન્સ્યોરન્સ હોવો જરૂરી છે.

## MRFના ચોથા ક્વાર્ટરનો નફો 7.6% ઘટીને ₹379 કરોડ થયો

ભારતમાં સૌથી મોટી બહુરાષ્ટ્રીય ટાયર ઉત્પાદક કંપની MRF એટલે કે મદ્રાસ રબર ફેક્ટરીએ શુક્રવારે (3 મે) ના રોજ નાણાકીય વર્ષ 2024ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર (Q4FY24)માં કંપનીનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 7.6% ઘટીને 379.6 કરોડ થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો 410.66 કરોડ હતો. જ્યારે છેલ્લા ક્વાર્ટરમાં (Q3FY24) તે 508.02 કરોડ હતું. તેનો અર્થ એ કે કંપનીના સ્ટેન્ડઅલોન ચોખ્ખા નફામાં ત્રિમાસિક ધોરણે (QoQ) 25.27%નો ઘટાડો થયો છે. કંપનીએ 194 રૂપિયાના ડિવિડન્ડની સાથે એમઆરએફના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તેના રોકાણકારોને શેર દીઠ રૂ. 194નું ડિવિડન્ડ આપવાની પણ મંજૂરી આપી છે. કંપનીઓ નફાનો અમુક હિસ્સો તેમના શેરધારકોને આપે છે, તેને ડિવિડન્ડ કહેવાય છે. MRFની આવક 8.55% વધીને 6,215.05 કરોડ થઈ છે ચોથા ક્વાર્ટરમાં કામગીરીમાંથી MRFની સ્ટેન્ડઅલોન આવક 6,215.05 કરોડ હતી.

## FPSB India અને IFSCAએ ટેલેન્ટ ડેવલપમેન્ટ અને GIFT IFSCને ગ્લોબલ ફાઇનાન્સ હબ તરીકે પ્રોત્સાહન આપવા MOU પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) અમદાવાદ । તા.06




FPSB India, નાણાકીય આયોજન માટે દેશની અગ્રણી વ્યાવસાયિક ધોરણ-નિર્ધારિત કરતી સંસ્થા અને ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ ઓથોરિટી (IFSCA)એ GIFT IFSC, ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT) IFSCને પ્રીમિયર 'ગ્લોબલ ફાઈનાન્સ હબ' તરીકે ઉન્નત કરવાઅને કુશળ વ્યાવસાયિકોના ટેલેન્ટ પૂલને મજબૂત કરવા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. આ વ્યૂહાત્મક સહયોગ હેઠળ, FPSB India અને IFSCA ફાઈનાન્શિયલ માર્કેટ ઈકોસિસ્ટમને વધારવા અને GIFT સિટીના વિસ્તરતા નાણાકીય કાર્યબળ માટે કુશળ વ્યાવસાયિકોને પોષવાના ઉદ્દેશ્યથી પરિવર્તનશીલ પ્રવાસ શરૂ કરવા માટે તૈયાર છે.

દેશમાં નાણાકીય ક્ષેત્ર માટે FPSB Indiaની પ્રતિબદ્ધતા વિશે FPSB Indiaના સીઈઓક્રિશન મિશ્રાએ જણાવ્યું, 'આ સહયોગ વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત નાણાકીય આયોજન કુશળતાથી સુસજ્જ એક મજબૂત ટેલેન્ટ પૂલ કેળવવાના અમારા મિશનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. IFSCA સાથેના અમારા પ્રયાસોમા સહયોગ કરીને, અમારો ઉદ્દેશ્ય વ્યાવસાયિકોને સશક્ત કરવાનો છે અને ભારતમાં નાણાકીય સેવાઓ માટેના અગ્રણી સ્થળ તરીકે GIFT IFSCના વિકાસમાં ફાળો આપવાનો છે.'

IFSCAના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર દિપેશ શાહે જણાવ્યું, "અમે એવી સંસ્થાઓને સુવિધા આપવા માંગીએ છીએ જે GIFT IFSC ખાતે ટેલેન્ટ પૂલ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. IFSCA અને FPSB India ચોક્કસપણે GIFT IFSC પર નાણાકીય સેવાઓની ઈકોસિસ્ટમને આગળ વધારવામાં નવા તાલમેલનો ઉમેરો કરશે. સંયુક્ત પહેલ અને જ્ઞાન વહેંચણીના માધ્યમથી, અમે નવીનતાને ઉત્પ્રેરિત કરવા અને GIFT IFSCને નવા યુગની વૈશ્વિક નાણાકીય સેવાઓના હબ તરીકે સ્થાન આપવા માટે તૈયાર છીએ."

ઉચ્ચતમ 75,095થી 1,217 પોઈન્ટ ઘટી ગયો હતો. તે 732 પોઈન્ટના ઘટાડા સાથે 73,878ના સ્તરે બંધ રહ્યો

# કોટક મહિન્દ્રા બેંકનો શેર લગભગ 5% વધ્યો:સેન્સેક્સ 450 પોઈન્ટ ઉછળ્યો

મુંબઈ તા 06

આજે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે એટલે કે 6 મેના રોજ શેરબજારમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ 450 પોઈન્ટના વધારા સાથે 74,330ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. તે જ સમયે, નિફ્ટી પણ 100 અંક વધીને 22,580ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 28માં વધારો અને 2માં ઘટાડો જોવા મળી રહ્યો છે. કોટક મહિન્દ્રા બેંકનો શેર લગભગ 5% વધ્યો ોટક મહિન્દ્રા બેંકના શેરમાં લગભગ 5%નો વધારો જોવા મળી રહ્યો છે. સવારે 9:30 વાગ્યે શેર 68 પોઈન્ટના વધારા સાથે 1,615 પર ટ્રેડ થઈ રહ્યો છે. ખરેખર, કોટક મહિન્દ્રા બેંકે શનિવારે (4 મે) Q4FY24 એટલે કે નાણાકીય વર્ષ 2024ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં બેંકનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે (YoY) 18.22% વધીને 4,133.30 કરોડ થયો છે. ગયા વર્ષે સમાન ત્રિમાસિક (Q4FY23)માં બેંકનો ચોખ્ખો નફો 3,496 કરોડ હતો. જ્યારે છેલ્લા ક્વાર્ટરમાં (Q3FY24) તે 3,005 કરોડ હતો. તેનો અર્થ એ કે ત્રિમાસિક ધોરણે (QoQ) પર બેંકનો ચોખ્ખો નફો 37.53% વધ્યો છે.




Indengine Limitedનો IPO આજે ખુલશે Indengine Limitedનો IPO આજે જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. રિટેલ રોકાણકારો આ IPO માટે 6 મેથી 8 મે સુધી બિડ કરી શકશે. 13 મેના રોજ, કંપનીના શેર નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર લિસ્ટ થશે. 3 મેના રોજ બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આજે 3 મેના રોજ સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં ભારે વધઘટ જોવા મળી હતી. ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીએ 22,794ની સર્વકાલીન ઊંચી સપાટી બનાવી હતી. જોકે, બાદમાં તે નીચે આવ્યો હતો અને 172 પોઈન્ટના ઘટાડા સાથે 22,475ના સ્તરે બંધ રહ્યો હતો.

તે જ સમયે, સેન્સેક્સ દિવસના ઉચ્ચતમ 75,095થી 1,217 પોઈન્ટ ઘટી ગયો હતો. તે 732 પોઈન્ટના ઘટાડા સાથે 73,878ના સ્તરે બંધ રહ્યો હતો. તેના 30 શેરમાંથી 24માં ઘટાડો અને 6માં વધારો જોવા મળ્યો હતો.

## લેન્ક્સેસ ઝઘડીયા ખાતે પોતાની સીએસઆર પહેલ દ્વારા ટકાઉ પરિવર્તનને આગળ ધપાવે છે

(એજન્સી) ઝઘડીયા । તા. 06



લેન્ક્સેસ ગુજરાતના ઝઘડીયામાં અસંખ્ય અસરપૂર્ણ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી (સીએસઆર) પ્રોજેક્ટસ મારફતે ટકાઉતા અને સામુદાયિક વિકાસની પોતાની પ્રતિબદ્ધતાનો પુનઃએકરાર કરે છે. કંપનીએ આ પ્રદેશમાં છેલ્લા બે-ત્રણ વર્ષોમાં શિક્ષણ, પુનઃપ્રાપ્ય ઉર્જા, વ્યાવસાયિક તાલીમ અને જળ સંચયને પોત્સાહન આપવાના હેતુથી અસંખ્ય પહેલોને અમલી બનાવી છે. લેન્ક્સેસ ઝઘડીયામાં પુનઃપ્રાપ્ય ઉર્જા ઉકેલોને પ્રોત્સાહન આપવામાં એક ચાલકબળ રહી છે. આબોહવા રક્ષણના વિષય પર ભાર મુકતા કંપનીએ સોલાર પેનલ્સ અને સોલાર સ્ટ્રીટ લાઈટ્સ સમગ્ર પ્રદેશમાં ગ્રામિણ વિસ્તારો, સરકારી શાળાઓ અને હોસ્પિટલો સહિતના મહત્ત્વના સ્થળોએ ઈન્સ્ટોલ કરી છે. આ સોલાર લાઈટીંગ પ્રોજેક્ટ્સ ફક્ત કાર્બન સ્ત્રાવમાં ઘટાડો કરે છે એટલુ જ નહી પરંતુ સમુદાયને વીજળીનો ટકાઉ સ્ત્રોત પણ પૂરો પાડે છે. આ ઉપરાંત, કંપનીએ ઝઘડીયામાં સમુદાયની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે આ પ્રદેશમાં રેનવોટર હાર્વેસ્ટીંગમાં પણ રોકાણ કર્યુ છે. તેમાં ઓળખી કઢાયેલ ગામડાઓમાંથી વરસાદી પાણી એકત્રિત કરવાનો અને ભૂજળ સ્તરોને રિચાર્જ કરવાનો સમાવેશ થાય છે. લેન્ક્સેસ હંમેશા ફળદાયી શીખાઉ પર્યાવરણનું સર્જન કરવામાં અને યુવા દિમાગોને સશખ્ત બનાવવા પ્રતિબદ્ધ રહી છે. આ પ્રદેશમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવાના હેતુથી કંપનીએ ઇ-લર્નીંગ સોફ્ટવેર્સ પૂરા પાડીને ઝઘડીયામાં મ્યુનિસપલ શાળાઓને પણ ટેકો પૂરો પાડ્યો છે. આ ઇ-લર્નીંગ ટૂલ્સ વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટીવ ઇ-લર્નીંગ અનુભવ પૂરો પાડે છે અને શિક્ષણની આધુનિક વ્યવસ્થા સાથે તેનો પરિચય કરાવે છે. વધુમાં લેન્ક્સેસએ મ્યુનિસિપલ શાળાઓમાં સ્કુલ બેગનું પણ વિતરણ કર્યુ છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, ચૈત્ર વદ-14

# કોરોના વેકસીન અંગે ડરવાની જરૂર નથી

ભારતમાં વેકસીન પ્રોગ્રામ શરૂ થયો ત્યાર પછી ૧૭૫ કરોડ ડોઝ વેકસીનના ગયા છે. એમાં અમુકને ડબલ ડોઝ કે અમુકને બુસ્ટર સહિત ત્રણ ડોઝ ગણી લેવાના. બાકીનાઓએ આપણી સ્વદેશી 'કોવેકસીન' લીધી છે. હવે થયું એવું કે બ્રિટનમાં ૨૦૨૧ આસપાસ ૫૧ કેસ એવા નોંધાયા કે જેમાં કોઈને બ્રેઈન સ્ટ્રોક થયો તો કોઈના પ્લેટલેટ્સ કાઉન્ટ ઘટી ગયા. આ કેસ નોંધાયા પછી કોવિશિલ્ડ વેકસીન બનાવનાર ફાર્મા કંપની 'એસ્ટ્રાજેનકા' પર ૧૦૦ મિલિયન પાઉન્ડનો નુકશાનીનો દાવો અલગ અલગ વકીલો દ્વારા કરાયો. સતત ત્રણ વરસ સુધી જુદી જુદી વિચારધારાના મીડિયા સંસ્થાનો દ્વારા જુદા જુદા રિપોર્ટ્સ વિશ્વભરમાં રજૂ કરવામાં આવ્યા. એમાંથી મોટાભાગના સંસ્થાનો ભારતના કે અન્ય વિકાસશીલ દેશોના હતા, જ્યાં આ વેકસીનનો મહત્તમ ઉપયોગ થયેલો. અમુક અભ્યાસ પછી કંપનીએ બ્રિટનની કોર્ટમાં કબૂલ કર્યું કે- હા, અમારી વેકસીનની અમુક સાઈડ ઈફેક્ટસ છે જ. પણ એ રેર સાઈડ ઈફેક્ટસ છે. એક લાખમાંથી એક લોકોને થાય છે. માર્ચ ૨૦૨૧માં ઑસ્ટ્રિયાની ૪૯ વર્ષીય એક નર્સે એસ્ટ્રાનેજેકાની વેક્સીન લીધી. ૧૦ દિવસની અંદર તેને મગજની નસમાં લોહીના ગઠ્ઠા (સેરેબ્રલ વેઈન થ્રોમ્બોસીસ), ફેફસાની નળીઓમાં લોહીના ગઠ્ઠા (પલ્મોનરી એમ્બોલિઝમ), પ્લેટલેટની ઘટતી સંખ્યા (થ્રોમ્બો-સાયટોપિનિયા) અને ડી- ડાયમરની ઊંચી માત્રા જોવા મળી. ડોકટરોએ તેને સ્વાભાવિક રીતે પ્લેટલેટ ટ્રાન્સફ્યુઝન આપ્યું પણ સ્થિતિ વધુ બગડી. ૧૧માં દિવસે તેનું મૃત્યુ થયું. તેના લોહીના સેમ્પલ જર્મનીના એક હીમેટોલોજિસ્ટ ડો એન્ડ્રિયાસ ગ્રાઈનાશરને મોકલવામાં આવ્યા. સામાન્ય રીતે લોહી પાતળી કરતી દવા હેપેરીન વડે આ પ્રકારની સ્થિતિ બનતું હોવાનું મેડિકલ સાયન્સમાં નોંધાયું છે. પણ ડો એન્ડ્રિયાસની તપાસમાં હેપેરીન નિર્દોષ છૂટી. દુનિયાભરના ડોકટરોનું માથું ભમવા લાગ્યું. વેક્સિનેશન શરુ થાયે માંડ ૩ મહિના થયા હતા ત્યાં એ જર્મન ડોકટર પાસે ૧૧ આવા કેસના ડેટા પહોંચ્યા હતા. ૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં તેમણે એક પેપર પ્રકાશિત કર્યું. અને દુનિયાને જાણકારી આપી કે એસ્ટ્રજેનેકાની વેક્સિનથી બ્લડ ક્લોટિંગ કે લોહી જામવાના કિસ્સા બને છે. એસ્ટ્રજેનેકા વેક્સીન એ એડિનોવાયરસના ખોખામાં બની છે. આ ખોખામાં કોરોના વાયરસનો જેનેટિક માલ ભરી દેવામાં આવે. એડિનોવાયરસના આ ખોખાને ડિલિવરી બોય સમજી લો જે પોતાની અંદર કોરોનાની જેનેટિક માહિતી લઈને કોષ કેન્દ્ર સુધી લઈ જાય છે. કોરોનાની આ નબળી ખેપ દરમ્યાન આપણી રોગ પ્રતિકારક શક્તિ સતર્ક થઇ જાય છે અને વાસ્તવિક હુમલા વખતે એ જડબાતોડ જવાબ આપવા સજ્જ હોય. હવે બન્યું એવું કે આ એડીનો વાયરસનું ખોખું હેકઝોન નામનું એક પ્રોટીનનું બનેલું છે, પ્લેટલેટનાઁ કઙ સાથે એને પ્રેમ થઇ શકે છે એ સંભાવના કદાચ ધ્યાન બહાર રહી હશે કેમ કે દુર્લભ કિસ્સામાં જ આવું બને.

# રાજપીપળા ST ડેપોની બસો ચૂંટણીમાં ફળવાતા મોટાભાગના રૂટ બંધ : મુસાફરો અટવાયા

## ડેપોમાં કુલ 65 બસો છે જેમાંથી 50 બસો ચૂંટણીના કામમાં મોકલાતા પાસ ધારકો અને અન્ય મુસાફરો કલાકો અટવાઈ ઘરે પરત ફર્યા

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા એસટી ડેપો માંથી બધી બસો ચૂંટણી ના કામ માં મોકલી આપતા મુસાફરો અટવાયા હતા અને ખાસ કરીને અભ્યાસ કે નોકરી અર્થે બહાર જતા પાસ ધારકો પણ ડેપો માં બસ ની રાહ જોઈ પરત ફર્યા હતા. મળતી માહિતી અનુસાર તારીખ ૭ મે ના દિવસે લોકસભા ચૂંટણી હોય જેના કામ અર્થે રાજપીપળા સહિત મોટાભાગના એસટી ડેપો ની બસો ત્યાં મોકલી અપાતા હજારો મુસાફરો અટવાઈ ગયા હતા જેમાં ખાસ તો રાજપીપળા થી વડોદરા,અંકલેશ્વર કે ભરૂચ તરફ નોકરી કરતા કે અભ્યાસ કરતા પાસ ધારકો પણ અટવાયા હતા અને અન્ય મુસાફરો પણ અટવાયા હોય રાજપીપળા એસટી ડેપો મા કુલ 65 બસો છે જેમાંથી 50 બસો ચૂંટણી ના કામ માં આપતા સવારથી મુસાફરો બસ ની રાહ જોઈ ઉભેલા જોવા મળ્યા અને કલાકો બાદ જાણ થઈ કે કોઈ બસ મળે તેમ નથી તેમજ બીજા બહાર ના ડેપો માંથી રાજપીપળા આવતી બસો પણ બંધ રહેતા મુસાફરો પાસે જવા માટેનો કોઈજ વિકલ્પ નહિ રહેતા મોટી સંખ્યા માં મુસાફરો ઘરે પરત ફર્યા હતા.જોકે અમુક રૂટ પર બસ જતી હતી પરંતુ તે સમયસર નહિ જતા લોકો અટવાયા હતા. જોકે ડેપો માં બાકી રહેલી બસો દ્વારા મુસાફરો ને ધ્યાને રાખી જરૂરિયાત મુજબના રૂટો નું સંચાલન કરતા હોવાનું ડેપો મેનેજર કે.એચ.નાય એ જણાવ્યું હતું.

# વેસ્ટર્ન રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન વડોદરા ડિવિઝન દ્વારા ઈન્ટરનેશનલ લેબર ડેનું આયોજન કરવામાં આવ્યું


(એજન્સી) અમદાવાદ I તા. 06



આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ નિમિત્તે વેસ્ટર્ન રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન, વડોદરા ડિવિઝન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ડિવિઝનના વિવિધ વિભાગોના કુલ 66 રેલવે કર્મચારીઓને તેમની મહેનત, સમર્પણ અને નિષ્ઠા માટે પ્રશંસા પત્રો આપીને બિરદાવામાં આવ્યા હતા. સ્મૃતિચિહ્ન વડોદરા ડિવિઝનના પ્રતાપ નગર ખાતે આયોજિત કાર્યક્રમમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વેસ્ટર્ન રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન વડોદરા ડિવિઝનના પ્રમુખ શ્રીમતી શ્વેતા સિંહે આ પ્રસંગે તમામ રેલ્વે કર્મચારીઓને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, લાઈન પર કામ કરતા તમામ કર્મચારીઓ, જેઓ અથાક અને સમર્પણ અને મહેનતથી કામ કરે છે. કોઈપણ સિઝનમાં કામ કરો, આ સન્માન અમારા માટે ગર્વની ક્ષણ છે. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંઘે તેમના સંબોધનમાં તમામ રેલ્વે કર્મચારીઓના સમર્પણ અને સમર્પિત કાર્યની પ્રશંસા કરી હતી અને પશ્ચિમ રેલ્વે વડોદરા ડિવિઝનને વધુ ઉંચાઈ પર લઈ જવા હાકલ કરી હતી. કામ કરતી વખતે તમારી સલામતી પર સંપૂર્ણ ધ્યાન આપવા માટે કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સુખાકારીની કાળજી રાખવાની ટીપ્સ પણ આપવામાં આવી હતી. જેમાં એન્જિનિયરિંગ વિભાગ, વિદ્યુત વિભાગ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગના રેલ્વે કર્મચારીઓએ સન્માન મેળવ્યું હતું. ડો. શ્રીમતી ધારા વી રાવે આરોગ્ય સંબંધિત મહત્વની માહિતી શેર કરી અને મુખ્ય કલ્યાણ નિરીક્ષક મિસ દીપ્તિ બેન એ કલ્યાણને લગતી વિસ્તૃત માહિતી આપી હતી.

# અડાજણ ગામમાં 151 કુંડીય વિશ્વ શાંતિ વૈદિક યજ્ઞનું આયોજન

સુરત : સદગુરુ સદાફલદેવ વિહંગમ યોગ સંસ્થાન દંડકવન આશ્રમ વાસંદાના સહયોગથી અડાજણ કડવા પાટી પાટીદાર સમાજ દ્વારા તા. ૫-૫-૨૦૨૪ રવિવારના રોજ અડાજણ ગામ પવન પેલેસ પાસેના ગ્રાઉન્ડ પર




૧૫૧ કુંડીય વિશ્વ શાંતિ વૈદિક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.૧૫૧ કુંડીય વિશ્વ શાંતિના કાર્યક્રમમાં વારાણસી સ્થિત સ્વર્વેદ મહામંદિર ધામ તથા વિહંગમ યોગી સદગુરુ સ્વતંત્ર દેવજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના ભૌતિક તથા આધ્યાત્મિક વિકાસ અર્થે આયોજિત વિશ્વ શાંતિ યજ્ઞમાં અડાજણ ગામના લોકોએ સહ પરિવાર ૧૫૧ યજ્ઞ વિધિમાં શાસ્ત્રક મંત્રો સાથે આહુતિ અર્પણ કરી હતી. વિહગમ યોગ સંત સમાજ તથા અડાજણ ગામ કડવા પાટીદાર સમાજના લોકો વિશ્વ શાંતિ યજ્ઞમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક યજ્ઞ વિધિ ની પૂર્ણાહુતિ બાદ સદગુરુ સ્વતંત્ર દેવજી મહારાજ દ્વારા વિશ્વ શાંતિની કામના કરવા સાથે સર્વ શ્રદ્ધાળુઓને શુભઆશિષ પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે ભોજન સમારંભ પણ યોજવામાં આવ્યો હતો.

# ચાણસ્મા ડેપો દ્વારા ચૂંટણી કામ માટે 20 બસો મુકાઇ

નીતિન ઠાકર : ચાણસ્મા

૭ મી મેના રોજ ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ચૂંટણી દરમિયાન અવ્યવસ્થા ન જળવાય તે માટે તંત્ર દ્વારા સંપુર્ણ વ્યવસ્થા કરી દેવાઈ છે ત્યારે ૬ મેના રોજ ચાણસ્મા વિસ્તારમાં ચૂંટણીમાં કામ કરનારા અધિકારી કર્મચારીઓ સાથે ઈવીએમ મશીનો સહીત ની સામગ્રી મતદાન મથકો સુધી પહોંચાડવાની હોઈ અને બીજા દિવસે ચુંટણી માં ફરજ બજાવતા કર્મચારીઓ ઈ.વી. એમ. મશીનો પરત લાવવા માટે ચાણસ્મા ડેપો દ્વારા ૨૦ એસ ટી બસો ની ચૂંટણી કામ માટે ફાળવણી કરાઈ હોવાનું ડેપો મેનેજર ગુંજન પંચાલે જણાવ્યું હતું.

# ચાંદલોડિયા અંબાજી માતાના મંદિરનો 11મો પાટોત્સવ ઉજવાયો



ચાંદલોડિયા સાયોના અંડરબ્રિજ પાસે આવેલા અંબાજી માતા અને બિલેશ્વર મહાદેવ મંદિરનો ૧૧મો પાટોત્સવ નિમિત્તે નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. આ નવચંડી હવનની પૂજામાં ૧૧ યજમાન બેઠા હતાં. ચાંદલોડિયા અંબાજી માતાના મંદિરનો ૧૧માં પાટોત્સવની ઉજવણીમાં ૩૫૦૦થી વધુ શ્રધ્ધાળુઓએ હવન અને પ્રસાદનો લાભ લીધો હતો.

# દેડિયાપાડા તાલુકાની કરજણ નદીનું પ્રદુષિત પાણી સુરત જિલ્લાના 28 ગામો પી રહ્યા છે

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના રેલ્વા ભરાડા ગામ પાસેથી કરજણ નદી પસાર થાય છે. અહીંયા કરજણ નદી ઉપર મોટો ચેકડેમ બનાવવામાં આવ્યો છે. આ ચેકડેમ નું સંગ્રહ થયેલું પાણી સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકા અંદાજીત ૨૪ થી ૨૮ ગામોને ઉમરપાડા પાણી પુરવઠા યોજના અંતર્ગત પીવાનું શુધ્ધ પાણી પાઈપલાઈન દ્વારા ઉમરપાડા તાલુકા ચવડા ગામે ટાંકી બનાવીને આપવામાં આવી રહ્યું છે. ત્યારે દુઃખની વાત એ છે કે અત્યારે કરજણ નદી સુકાઈ ગઈ છે. કરજણ નદીનું વહેતું પાણી બંધ થઈ ગયું છે. આ ચેકડેમ નું સંગ્રહ થયેલું સ્થિર પાણી બંધિયાર હાલતમાં છે. આ પાણીમાંથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવે છે. સંગ્રહ થયેલું પાણી પ્રદુષિત બન્યું છે. જે મનુષ્યોને પીવાલાયક નથી ? તેમ છતાં ઉમરપાડા તાલુકાના અંદાજીત ૨૮ ગામના આદિવાસી લોકો આ પ્રદુષિત પાણી પી રહ્યા છે. આદિવાસી લોકો બિમાર પડશે ? પાણી જન્ય રોગચાળનો ભોગ બનશે તેને માટે કોણ જવાબદાર છે.? એવી લોક ચર્ચાએ જોર પકડ્યું છે. ઉમરપાડા પાણી પુરવઠા વિભાગમાં કેવી લોલમલોલ ચાલે છે તેનું આ સચોટ ઉદાહરણ છે.

# લગ્ન પહેલાના અફેર બાબતે વ્હેમ રાખતા પતિ એ પત્નીને માર મારી કાઢી મૂકતા અભયમ ટીમે સમાધાન કરાવ્યું

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકા માંથી એક મહિલા નો 181 અભયમ ટીમ પર કોલ આવેલ તેમણે જણાવેલ કે તેમના પતિ વ્હેમ રાખી ને મારઝૂડ કરે છે. અને એક અઠવાડિયા થી તેમને ઘરે થી કાઢી મૂક્યા છે અને રાખવા માટે ના પાડે છે જેથી રાજપીપળા અભયમ ટીમ સ્થળ પર પહોંચી કાઉંસેલિંગ કરી પારિવારિક ઝગડા નું સમાધાન કરી મહિલા ને સાસરી માં પહોચાડ્યા હતા. મળતી માહિતી અનુસાર પીડિત મહિલા એ જણાવ્યું હતું કે તેમને પાંચ વર્ષ ની બાળકી છે અને પતિ હીરા ઘસવા માટે કામ કરવા જાય છે. એક અઠવાડિયા પહેલાં હું કામ કરતી હતી એ સમયે અજાણ્યા નંબર પરથી મારા પર કોલ આવ્યો તો મારા પતિ એ ઉપાડ્યો હતો. એ મોબાઈલ નંબર મારા લગ્ન પહેલા અફેર હતા એ વ્યક્તિ નો હતો. એમને લગ્નબાદ મારા પતિ ને આ હકીકત જણાવી પણ હતી અને લગ્ન બાદ અમે ખૂબ સારી રીતે રહેતા હતા. લગ્ન ના આઠ વર્ષ બાદ એ વ્યક્તિ નો મારા પર કોલ આવ્યો તેથી મારા પતિ વ્હેમ કરવા લાગ્યા કે મારા જાણ વિરુદ્ધ તું એના સાથે વાત કરે છે તેથી જ તે તને કોલ કરે છે.નક્કી તારૂ એ વ્યક્તિ સાથે હજુ પણ અફેર ચાલે છે. એવા વહેમો કરીને મારઝૂડ કરવા લાગ્યા માટે મે એમને સમજાવવા ના ઘણા પ્રયત્નો કર્યા કે મારા એ વ્યક્તિ સાથે કોઈ સંપર્ક નથી. છતાં પણ મારા પતિ એ મારઝૂડ કરી મને ઘરમાંથી કાઢી મૂકી અને હવે રાખવા માટે ના પાડે છે. એક અઠવાડિયા થી હું મારી દાદી ના ઘરે રહું છું. ત્યારબાદ સામાપક્ષ નું કાઉંસેલિંગ કરતા પતિ એ જણાવ્યું કે મારા પત્ની હજુ પણ એના સાથે સંબંધ રાખતી હશે તો જ કોલ આવેલ. અને મે કોલ ઉપાડ્યો તો સામાવાળા એ કોલ કટ કરી નાખ્યો. મારે એમને છૂટાછેડા જ આપી દેવા છે મારા સાથે વિશ્વાસઘાત કર્યો છે. જેથી અભ્યમ ટીમે બન્ને પક્ષો નું કાઉંસેલિંગ કર્યું અને બંને ને સમજાવ્યા એક બીજા પર વિશ્વાસ રાખી સારી રીતે રહે મારઝૂડ ના કરે તેમના પત્ની ને સમજે અને વહેમો રાખીને ઝગડા ના કરે.

# પાટણ જિલ્લા પત્રકાર એકતા પરિષદ દ્વારા દાતાઓના સહયોગથી પક્ષીઘર અને માટીના કુંડાનું વિતરણ અને પાણીની પરબ ચાલુ કરાઈ

નિતીન ઠાકર : ચાણસ્મા



જીવ દયાનું ઉત્તમ ઉદાહરણ અને ઉનાળાની કાળજાળ ગરમીમાં પક્ષીઓ માટે પક્ષીઘર અને પાણીના કુંડા નું પાટણ જિલ્લા પત્રકાર એકતા પરિષદ દ્વારા ચાણસ્મા ખાતે વિતરણ કરવામાં આવ્યું સાથે સાથે ઉનાળાની કાળજાળ ગરમીમાં પાણીની પરબ દ્વારા લોકોની તરસ છીપાવવા માટે પાણીની પરબ પણ ચાલુ કરવામાં આવી ચાણસ્મા ખાતે આવેલ ગણપતિ મંદિર ની બાજુમાં આજરોજ તારીખ 5 5 2024 ને રવિવારના દિવસે સવારે 10:00 કલાકે દાતાઓના મોટા સહયોગથી પાણીના કુંડા અને પક્ષીના માળા વિતરણ કરવામાં આવે સાથે સાથે પાણીનું પરબનું સ્ટેન્ડ બનાવી પાણીની પરબ શરૂ કરવામાં આવી પાણીના પરબના સ્ટેન્ડના દાતા તરીકે પટેલ હંસાબેન વિક્રમભાઈ ચીમનલાલ તથા પાણીના કુંડાના અને પક્ષીઘરના દાતા વ્યાસ બચુભાઈ અંબાલાલ પરિવાર દ્વારા દાન આપવામાં આવ્યું હતું. આજના શુભ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અખંડ ભારતીય રાષ્ટ્રીય સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા આજના આ પ્રસંગે ચાણસ્મા ગામ તથા પાટણ જિલ્લા ના પત્રકાર મિત્રો મોટા આગેવાનો પ્રતિષ્ઠિત નાગરિકો તથા પંખી ઘર અને કુંડા પોતાના ઘરે બાધવા માટે ચાણસ્મા ના નગરજનો લઈ જવા માટે ઉમટી પડ્યા હતા. આજના આ પ્રસંગને અનુરૂપ ચાણસ્મા નગરના લોકોએ ચાણસ્મા ના પત્રકારો તથા પાટણ જિલ્લાના તમામ પત્રકારોને એક આગવી નજરથી જોયા હતા લોકો કહેવા લાગ્યા છે પત્રકાર માત્ર સમાચાર જ નથી બનાવતા જીવ દયા ના કામ માટે પણ આગળ ને આગળ રહે છે.

# રાજપીપળામાં એ.સી.નું વીજ બિલ ઓછું અને પંખાનુ બિલ વધુ આવતા ગ્રાહકો વિમાસણમાં

ભરત શાહ : રાજપીપળા



રાજપીપળા શહેર મા DGVCL ના કેટલાંક ગ્રાહકો વિશેષ કૃપા દ્રષ્ટિ મેળવતા હોય તેવુ જણાય છે. ઘર માં એસી. ફ્રીજ, વોશીંગ મશીન સહીત ના ભારે વિજ વપરાશ ધરાવતાં ઉપકરણો હોવા છતાં તેમના વિજ બિલો નહીવત આવતા જણાયા છે જ્યારે એનાથી વિપરીત પંખા અને લાઈટ ધરાવતા ગ્રાહકોનું વીજબીલ વધુ આવતુ હોવાની બુમો કેટલાંક ગ્રાહકો દ્વારા ઉઠવા પામી છે. આ વિરોધાભાસી બાબતો કંઈક અજુગતું બની રહ્યુ હોવાની ચાડી ખાઈ રહી છે, અને સામાન્ય સમઝ ધરાવતા લોકો ના ગળે ઉતરે તેમ નથી. DGVCL ના સત્તાધીશો આ ભાબતે તપાસ કરી પગલાં લે તેવી માંગ ઉઠી છે. કારણ કે લોક ચર્ચા મુજબ બિલ ફાડવા આવતા કર્મચારીઓ એચ્યુલ રીડીંગ કરતા ઓછુ બિલ ફાડી ને ખાસ ગ્રાહકો ને રાહત પહોંચાડી રહ્યા છે..? અથવા વિજ મીટર મા કંઈક કારીગરી કરવામા આવી રહી હોવાની શંકા ઉઠી રહી છે. DGVCL ની વિજિલન્સ ટીમ દ્વારા સ્થાનિક વિભાગ ને જાણ કર્યા વગર ઓચીંતી રેડ કરવામા આવે તો ઘણા બધાં મોટાં માથાં ઝડપાઈ જવાની ભારોભાર શક્યતા રહેલી છે, આ બાબતે સુરત ડીવીઝન ખાસ ધ્યાને લઈ ને સત્વરે કામગીરી આદરે તે સાચા ગ્રાહકો અને કંપનીના હિત મા કહેવાશે. જોકે આ વેપલો લગભગ આખા જિલ્લામાં ચાલી રહ્યો હશે અને તેમાં વીજ કંપની ના જ કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ ની મિલિભગ હશે કેમ કે જ્યારે જ્યારે અન્ય જિલ્લાની ટીમો વીજ ચેકીંગ માં આવે છે ત્યારે ટીમો આવતા પહેલાં જ મીટર માં છેડછાડ કરનાર ગ્રાહક ને આ બાબતની ખબર પહોંચી જાય છે અને એ ગ્રાહક સચેત થઇ પોતાનું ડાયરેક્ટ કરેલું મીટર સીધુ કરી દેતા કોઈપણ ચમરબંધી અધિકારી તપાસ માં આવે તો કંઈ મળતું નથી.

# સમસ્યાઓ સામે લડવાનો સાચો રસ્તો

એકવાર કૃષ્ણ, બલરામ અને સાત્યકિ (સાત્યકિ દ્વારકાનો બહુ મોટો યોધ્ધા હતો) જંગલમાં ફરવા માટે ગયા. સાંજ પડવા આવી અને રસ્તો ભૂલી ગયા કૃષ્ણએ કહ્યું, “આપણે જંગલમાં રાતવાસો કરીએ અને સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીને ત્રણે વ્યક્તિનો જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સૂતેલાની રક્ષા કરે.



પ્રથમ સાત્યકિનો જાગવાનો વારો હતો. એ સમયે બ્રહ્મરાક્ષસ આવ્યો સાત્યકીએ બ્રમ્હરાક્ષસ સાથે લડાઈ શરૂ કરી. સાત્યકિ બ્રહ્મરાક્ષસને બરાબરની લડાઇ લડી રહ્યો હતો, આ લડાઈમાં જ્યારે સાત્યકિને વાગે એટલે એ દર્દની ચીસ પાડે. એનું પરિણામ એ આવે કે સાત્યકિની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય અને કદ મોટું થવાથી આવનારા મુક્કાની તાકાત વધી જાય સાત્યકીનો જાગવાનો સમય પૂરો થયો એટલે એમણે તુરંત જ બલરામને જગાડયા. હવે બલરામે આ રાક્ષસ સામેની લડાઈ ચાલુ કરી પરંતુ જે સાત્યકિએ કર્યું એવું જ બલરામે કર્યું. બલરામ પણ ચીસ પાડે અને બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય. એમનો સમય પૂરો થયો એટલે એમણે કૃષ્ણને જગાડયા. કૃષ્ણએ બ્રહ્મરાક્ષસ સાથેની આ લડાઈમાં નવી વ્યૂહરચના અપનાવી પોતાને જ્યારે તક મળે ત્યારે રાક્ષસને બરાબરનો મારી લે અને રાક્ષસ મારે તો સામે જોઈને ખડખડાટ હસે એનું પરિણામ એ આવ્યું કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ નાનું થવા લાગ્યુ અને થોડા સમયની લડાઈમાં એનું કદ નાની પૂતળી જેવું થઈ ગયું પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પેલા પૂતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો.


આપણા બધાના જીવનમાં પણ આવા જ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ રૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા રાખીએ એટલે એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે- ખલાસ કરી દે. પરંતુ જો આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પૂતળી જેવું થઈ જાય અને આપણે એને મારી શકીએ....

ક્રિમા વી.સોની, કોટડા જ.કચ્છ

# બુટલેગર નિકુંજ શાહને પાસા હેઠળ હિંમતનગર જેલમાં ધકેલતી સાગબારા પોલીસ

ભરત શાહ : રાજપીપળા

પ્રશાંત સુંબે પોલીસ અધિક્ષક નર્મદા, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા ઝુંબેશ અન્વયે તેમજ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીને જાળવી રાખવા સારૂ ગેર કાયદેસર પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઈસમો વિરૂધ્ધ પાસા અને



તડીપાર જેવા અટકાયતી પગલા લેવા થયેલ સુચના મુજબ સાગબારા પોલીસ સ્ટેશન દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ અને જીલ્લા કલેકટર નર્મદા તરફ પોલીસ અધિક્ષક, નર્મદા નાઓ મારફતે મોકલતા જીલ્લા મેજિસ્ટ્રેટ અને જીલ્લા કલેકટર નર્મદા દ્વારા આવી ગેર કાયદેસર પ્રવૃત્તિની ગંભીરતા સમજી ત્વરીત નિકુંજ અશોક શાહ રહે.ટીંબાના મુવાડા તા.ગળતેશ્વર જી.ખેડા વાળા વિરૂધ્ધ પાસ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે પાસા વોરંટ ઈસ્યુ થયા બાદ સામાવાળાને પકડી પાડવા લોકેશ યાદવ મદદનીશ પોલીસ અધિક્ષક,રાજપીપલા ડિવીઝન રાજપીપલા અને પી.જે.પંડયા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર નાઓના માર્ગદર્શન હેઠળ સી.ડી.પટેલ પોલીસ સબ ઈન્સ્પેકટર સાગબારા પોલીસ સ્ટેશન તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા સામાવાળાને તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ અટક કરી જીલ્લા જેલ હિંમતનગર ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# અંબરીશભાઈ મિત્ર મંડળ આયોજિત અમરેલી લોકસભા ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થન માં જંગી જાહેરસભા

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



ખાંભાના ત્રાકૂડા ગામે અંબરીશભાઈ ડેર ના મિત્રમંડળ દ્વારા આયોજિત સ્નેહ સંવાદ સંમેલનમાં મોટી સંખ્યામાં જંગી જાહેરસભાને ગજાવતા મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી અને સ્ટાર પ્રચારક શ્રી રઘુભાઈ હૂંબલ ના અધ્યક્ષ સ્થાને તેમજ ભારતીય જનતા પાર્ટીના ૧૪- અમરેલી લોકસભાના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા તથા સાવરકુંડલા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા અને ધારી ના ધારાસભ્ય શ્રી જેવી કાકડીયા તથા યુવા આગેવાન શ્રી અલ્પેશભાઈ કથીરીયા અને ધાર્મિક માલવિયા ની ઉપસ્થિતિ માં ખાંભા તાલુકાના ત્રાકૂડા ગામે મોટી જનમેદની સાથે અંબરીશભાઈ ના નેજા હેઠળ યોજાયેલ સ્નેહ સંવાદ સંમેલન માં મંચસ્થ ઉપર ઉપસ્થિત મહાનુભાવો એ પોતાના પ્રવચનમાં નરેન્દ્ર મોદી સાહેબ ને ફરીવાર ત્રીજી વખત દિલ્હી ની ખુરશી સુધી પહોંચાડવા માટે ૭ તારીખે મતદાન કરી જંગી મતદાન કરી વિજ્ય બનાવવા માટે આહવાન કર્યું હતું આ તકે અમરેલી લોકસભા ના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા દ્વારા પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે હું એક સામાન્ય ખેડૂત શું અને હું જાણું શું ખેડૂતો ની વેદના હું સમજું છું. ગરીબોની વેદના સામેની પાર્ટી ઈંગ્લેન્ડ સુધીનો અભ્યાસ કર્યો છે. પરંતુ હું દસ પાસ શું એલોકો કહે છે.

# મત આપવા માટે કચ્છના નાગવીરી ગામના અગ્રણી નાગવીરીથી અમદાવાદ સુધીનું 500 કિમીનું અંતર કાપી કાપ્યું

મહેશ એલ.સોની : નખત્રાણા

૭મેના રોજ લોકસભાની ચૂંટણી છે ત્યારે ઘણા લોકો મતદાન પ્રત્યે નિરસતા દાખવતા હોય છે અને એમ માનતા હોય છે કે એક મત નહિ આપીએ તો શું થઈ ફરક પડવાનો ? પણ એક મતની કિંમત શું હોય એનું ઉત્કૃષ્ટ ઊદાહરણ નાગવીરીના એક જાગૃત અગ્રણીએ પુરૂ પાડ્યું છે. વાત જાણે એમ છે કે કચ્છના નાગવીરી ગામે ભગવાન શ્રી લક્ષ્મી નારાયણનું ભવ્ય નૂતન મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે શ્રાવણ માસમાં મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉજવવાનો હોતા ગામનાં ધંધાર્થે ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં વસતા પાટીદારો માદરે વતનમાં પોતાના નવા મકાન બનાવવા માટે તેમજ જૂના મકાનોને નવા રંગરૂપ આપવા વતનમાં રોકાયા છે. મૂળ નાગવીરી ગામનાં પણ વર્ષોથી અમદાવાદને કર્મભૂમિ બનાવી રહેતા ગામનાં અગ્રણી શ્રી ગોવિંદ ભાઈ



હિરજીભાઈ લીંબાણી પણ પોતાનું નવું મકાન બનાવવા વતનમાં ઘણા સમયથી રોકાયા છે. લોકસભાની ચુંટણી ૭ તારીખે હોતા વળી તેમનું મતદાન ક્ષેત્ર પણ અમદાવાદ ખાતે હોઈ એક મતની કિંમત સમજી ગામથી પાંચસો કિલોમીટર દુર (આવવા જવાના ૧૦૦૦કિમી) અમદાવાદ ખાતે મતદાન કરવા ગઈ કાલે રવાના થયા હતા જેઓ મતદાન કરી બીજે દિવસે વતન પરત ફરશે.આમ માત્ર એક મતની કિંમત કેટલી અમૂલ્ય છે એવું પ્રેરણાદાયી ઉદાહરણ તેમણે પુરૂ પાડ્યું છે.

# જો તમે તમારા ઘરમાં આ 7 છોડ લગાવશો તો મચ્છર પૂંછડી નીચે રાખીને ભાગી જશે

સાંજ પડતાની સાથે જ ઘરના અજાણ્યા ખૂણેથી મચ્છરો આવવા લાગે છે. તમે પહેલાથી જ જાણો છો કે તેમના કરડવાથી ઘણી બીમારીઓ થવાનું જોખમ રહેલું છે. તેથી, તેમને ઘરની બહાર ફેંકી દેવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તમારી આ સમસ્યાને દૂર કરવા માટે, અમે તમને કેટલાક એવા છોડ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે કુદરતી મચ્છર ભગાડનાર તરીકે મદદ કરી શકે છે.મચ્છર ભગાડનાર છોડઃ જો તમે ઘરમાં આ 7 છોડ લગાવશો તો મચ્છર ઉનાળા અને વરસાદની સિઝનમાં મચ્છરોનો આતંક ચરમસીમા પર હોય છે. સાંજ પડતાની સાથે જ તેઓ તેમની છુપાઈની જગ્યાઓમાંથી બહાર આવે છે અને તમને કરડવા લાગે છે. મચ્છર ડેન્ગ્યુ, મેલેરિયા વગેરે જેવા અનેક ખતરનાક રોગોના વાહક છે. તેથી તેમનો ડંખ ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે. તેથી, આપણે બધા ચિંતિત છીએ કે મચ્છરોને આપણા ઘરથી કેવી રીતે દૂર રાખી શકાય.જો કે, મચ્છરોને ભગાડવા અથવા મારવા માટે બજારમાં વિવિધ ઉત્પાદનો ઉપલબ્ધ છે (મોસ્કિટો રિપેલન્ટ્સ) જે દૂર કરવા માટે સરળ હોવાનો દાવો કરે છે, પરંતુ તે બધા અસરકારક નથી. કેટલીકવાર આ વસ્તુઓનો ધુમાડો તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. તો અમે તમને એવા જ કેટલાક છોડ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેની સુગંધ તમને જેટલી વધુ સુખદ હશે, તેટલા જ મચ્છરોને તે ખરાબ લાગશે અને તેઓ તમારા ઘરથી ભાગી જશે. ચાલો જાણીએ કે કયા છોડ મચ્છરોને દૂર કરવામાં મદદ કરી શકે છે





**મેરીગોલ્ડ |** નારંગી અને પીળા ફૂલોવાળો આ છોડ ખૂબ જ સુંદર છે, જે તમારી બાલ્કનીની સુંદરતામાં વધારો કરે છે. તેની સુગંધ ખૂબ જ સરસ છે, પરંતુ મચ્છરો અને અન્ય ઉડતા જંતુઓને તે બિલકુલ પસંદ નથી અને તે તેમને દૂર ભગાડવામાં મદદ કરે છે. મેરીગોલ્ડના છોડ રોપવાથી મચ્છરોથી બચાવવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થઈ શકે છે.

**લવંડર |** લવંડર તેલનો ઉપયોગ મચ્છરોને ભગાડવા માટે કોમર્શિયલ મચ્છર ભગાડનારા ઉત્પાદનોમાં પણ થાય છે. આવી સ્થિતિમાં, જો તમે આ છોડને ઘરમાં લગાવો છો, તો તેની સુગંધ મચ્છરોને દૂર કરવામાં ઘણી મદદ કરશે અને તેઓ સરળતાથી ભાગી જશે. આ સિવાય લવંડરની સુગંધ પણ તમને સારી ઊંઘ લાવવામાં મદદ કરશે.

**લસણનો છોડ |**

મચ્છરોને કાચા લસણની ગંધ બિલકુલ પસંદ નથી. તેથી આ છોડને ઘરમાં લગાવવાથી મચ્છર તેની આસપાસ ભટકશે નહીં અને તમારા ઘરમાંથી તેમનો આતંક દૂર થઈ જશે.

**રોઝમેરી |**

એવું કહેવાય છે કે રોઝમેરી પ્લાન્ટ કુદરતી મચ્છર ભગાડનાર છે, જે મચ્છરોને દૂર રાખે છે. વાદળી ફૂલોવાળા આ સુંદર છોડની વિશેષતા એ છે કે તે ઉનાળાની ઋતુમાં ખીલે છે અને તેને ખીલવા માટે ઠંડી અને સૂકી જગ્યાની જરૂર હોય છે. તેથી, આ છોડ તમને મચ્છરોથી દૂર રાખવામાં મદદ કરી શકે છે.

**તુલસીનો છોડ |** ઔષધીય ગુણોથી ભરપૂર એવા તુલસીના છોડની ગંધ મચ્છરોને ગમતી નથી. આ સિવાય તુલસીની ગંધ અન્ય નાના ઉડતા જંતુઓને પણ દૂર ભગાડે છે. તેથી ઘરમાં તુલસીનો છોડ લગાવવો ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

**ખુશબોદાર છોડ |** આ છોડનો ઉપયોગ આયુર્વેદિક દવામાં પણ થાય છે. આ સિવાય દરેક ઋતુમાં ઉગતા આ છોડની સુગંધ મચ્છરોને ભગાડે છે. તો આ છોડને તમારી બાલ્કની કે બગીચામાં સફેદ ફૂલોથી વાવો.1હોર્સમિન્ટના છોડ, જેમાં સિટ્રોનેલા જેવી સુગંધ હોય છે, તે ગરમ આબોહવામાં ઉગે છે અને તેનો ઉપયોગ વિવિધ દવાઓ બનાવવા માટે પણ થાય છે. તેની ગંધ મચ્છરોને દૂર રાખે છે. તેથી તમે તેને તમારા ઘરમાં પણ ઈન્સ્ટોલ કરી શકો છો.

# અમરનાથ યાત્રા માટે ઘરે બેઠા ઑનલાઈન કરો રજીસ્ટ્રેશન, ફૉલો કરો સ્ટેપ બાય સ્ટેપ પ્રોસેસ



અમરનાથ યાત્રા આ વર્ષે એટલે કે 2024માં 29મી જૂનથી શરૂ થઈ રહી છે અને આ યાત્રા 52 દિવસો સુધી ચાલશે, જેની સમાપ્તી 19મી ઓગસ્ટે થશે. લાખો ભક્તો આ પવિત્ર સ્થળે જવા માટે ઉત્સુક છે, પરંતુ રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં કેટલાક પડકારોનો સામનો કરી રહ્યા છે. જો તમે પણ આમાંથી છો, તો હવે ચિંતા કરવાની જરૂર નથી. અહીં ઘરે બેઠા મોબાઈલ દ્વારા અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરવાની સંપૂર્ણ પ્રક્રિયા આપવામાં આવી છે. વાસ્તવમાં અમરનાથ યાત્રા એટલે કે બાબા બર્ફાનીના દર્શન માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા 15 એપ્રિલથી જ શરૂ થઈ ગઈ છે. આ યાત્રા 1લી જુલાઈથી 31મી ઓગસ્ટ 2024 સુધી ચાલુ રહેશે.

## ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા માટે આ સ્ટેપને ફોલો કરો

» સૌથી પહેલા શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાઓ.
» હોમપેજ પર આપેલ 'રજિસ્ટર' પર ક્લિક કરો.
» આગળ વધતા પહેલા બધી સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો.
» તમારું નામ, ફોન નંબર અને અન્ય જરૂરી માહિતી ભરો.
» તમારો માન્ય ફોટો, આઈડી પ્રૂફ અને મેડિકલ સર્ટિફિકેટ અપલોડ કરો.
» રજિસ્ટ્રેશન ફોર્મ સબમિટ કરો.
» કન્ફર્મેશન પેજ ડાઉનલોડ કરો અને તેની પ્રિન્ટ આઉટ લઈ લો.
» રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર આવેલા OTPને નાખો.
» અરજી ફી ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા જમાં કરો.
» યાત્રા માટે પરમિટ ડાઉનલોડ કરો.
» શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડની મોબાઈલ એપ ડાઉનલોડ કરી શકાય છે. આ માટે આ સ્ટેપને ફોલો કરો
» તમારા ફોનમાં શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડની એપ ડાઉનલોડ કરો.
» જો તમે નવા યુઝર છો, તો હોમ પેજને સ્કિપ કરી દો.
» યાત્રા રજિસ્ટ્રેશનનું હોમ પેજ ખુલી જશે.
» અહીં યાત્રાનો રૂટ અને તારીખનો વિકલ્પ આવશે.
» યાત્રાની તારીખ પસંદ કરો અને સ્લોટ ચેક કરો.
» તમારી સંપૂર્ણ માહિતી ભરો.
» યાત્રા માટે મેડિકલ સર્ટિફિકેટ પણ જરૂરી રહેશે.
» **અમરનાથ યાત્રા માટે કેટલી છે રજીસ્ટ્રેશન ફી?**
» અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન ફી પ્રતિ વ્યક્તિ 150 રૂપિયા છે. વેબસાઈટ પર દર્શાવેલ બેંક શાખાઓ દ્વારા રજિસ્ટ્રેશન ફીની ચૂકવણી કરી શકાય છે. અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવવા માટે આ દસ્તાવેજોને જરૂર પડે છે. કોઈ અધિકૃત ડૉક્ટર દ્વારા જારી કરવામાં આવેલું માન્ય આરોગ્ય પ્રમાણપત્ર (CHC), આધાર કાર્ડ, ઓળખ કાર્ડ (ચૂંટણી કાર્ડ).
» **આ ડોક્યુમેન્ટ છે જરૂરી**
» અરજી પત્રક સંપૂર્ણપણે ભરેલું હોવું જોઈએ.
» ભક્તનું આરોગ્ય પ્રમાણપત્ર
» ચાર પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ
» આ બાબતો ધ્યાનમાં રાખો
» અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવવાની વય મર્યાદા 13થી 70 વર્ષ છે. એટલે કે 13 વર્ષથી નીચેના અને 70 વર્ષથી વધુ ઉંમરના લોકો યાત્રામાં ભાગ લઈ શકતા નથી. આ સિવાય 6 અઠવાડિયાથી વધુની ગર્ભવતી મહિલાઓનું પણ યાત્રા માટે રજિસ્ટ્રેશન નહીં થાય.
» અમરનાથ યાત્રા રજિસ્ટ્રેશન માટે સ્વાસ્થ્ય પ્રમાણપત્ર, આધાર કાર્ડ વગેરે હોવું જરૂરી છે.
» રજિસ્ટ્રેશન માટે દરેક મુસાફરની ફી રૂ. 150 છે.
» મુસાફરી શરૂ કરતા પહેલા જમ્મુ અને કાશ્મીર વિભાગના કોઈપણ કેન્દ્રમાંથી RFID કાર્ડ મેળવવાનું રહેશે. આ વિના મુસાફરીની મંજૂરી આપવામાં આવશે નહીં.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં ચહેરાને ઠંડક આપશે ચંદન પાવડર, આ રીતે ઘરે જ બનાવો ફેસ પેક

ઉનાળાની ઋતુમાં ચહેરા પર કંઈક ઠંડી વસ્તુ લગાવવાનું મન થાય છે. આ ઋતુમાં દાદી-નાનીની ફેવરીટ વસ્તુ એટલે કે ચંદન પાવડરનો ઉપયોગ કરી શકાય છે. ચહેરા પર તેને લગાવવાથી ઘણા ફાયદા મળી શકે છે, ચંદનમાં એન્ટીઑકિસડન્ટ હોય છે, જે સ્કિન સેલ્સને હેલ્ધી રાખે છે, સાથે જ સમય પહેલા દેખાતા એજિંગના સંકેતોથી દૂર રાખે છે. અહીં જુઓ તેનાથી ફેસપેક કેવી રીતે બનાવવું-



## ચંદન અને દહીં


ચંદનમાં ઘણા બધા ગુણો હોય છે અને આ બધા ગુણો ત્વચા માટે ફાયદાકારક છે. ચંદનમાં એન્ટીઈન્ફ્લેમેટરી, એન્ટીઑકિસડન્ટ ગુણ હોય છે સાથે જ એન્ટિપ્રાયરેટિક એન્ટિસેપ્ટિક એન્ટિપ્સોરેટિક ગુણો પણ હોય છે. આ તમામ ગુણોથી ભરપૂર ચંદન ચહેરા માટે બેસ્ટ ઉપાય છે અને સ્કિન સંબંધિત અનેક સમસ્યાઓને દૂર કરવા માટે ચંદનનો ઉપયોગ કરી શકાય છે. જો તમારી સ્કિન ડ્રાય છે તો તમે ચંદનને દહીંની સાથે મિક્સ કરીને ફેસ પેક તરીકે ઉપયોગ કરી શકાય છે.

### » આ રીતે કરો ઉપયોગ

» થોડા દહીંમાં ચંદનનો પાવડર મિક્સ કરી લો.
» આ પેસ્ટને ચહેરા પર લગાવો.
» પેસ્ટ સુકાઈ જાય પછી સ્વચ્છ પાણીથી ધોઈ લો.
» આ ઉપાય અઠવાડિયામાં 2થી 3 દિવસ કરો.

### » ચંદન અને ગુલાબજળ

» જે લોકોની સ્કિન ઓઈલી છે તેઓ ચંદનના પાવડરની સાથે ગુલાબજળનો ઉપયોગ કરી શકે છે. ગુલાબજળમાં પણ ઘણા એન્ટીબેક્ટેરિયલ, એન્ટિસેપ્ટિક સહિતના

ગુણો હોય છે અને આ બધા ગુણો ત્વચા સંબંધિત સમસ્યાઓને ઘટાડવામાં મદદ કરે છે. તેમજ ગુલાબજળને ચંદન સાથે મિક્સ કરીને ફેસ પેક તરીકે ઉપયોગ કરી શકાય છે.

### » આ રીતે કરો ઉપયોગ

» ચંદનના પાવડરમાં ગુલાબજળ મિક્સ કરીને પેસ્ટ બનાવી લો.
» આ પેસ્ટને મસાજ કરતા ચહેરા પર લગાવો.
» પેસ્ટ સુકાઈ જાય પછી ચહેરાને ઠંડા પાણીથી ધોઈ લો.

## શું આપણે ઉનાળામાં અર્જુનની છાલનો ઉકાળો પી શકીએ?

શું અર્જુન છાલનો ઉકાળો પીવો સલામત છે?: અર્જુન છાલને આયુર્વેદમાં ઔષધી ગણવામાં આવે છે. તેમાં જોવા મળતા પ્રાકૃતિક ગુણો સ્વાસ્થ્ય સંબંધી અનેક સમસ્યાઓમાં રાહત આપે છે. તે ઘણા રોગો માટે રામબાણ ગણાય છે. તેથી, નિષ્ણાતો આહારમાં અર્જુનની છાલનો સમાવેશ કરવાની ભલામણ કરે છે. દરેક વ્યક્તિ અર્જુનની છાલનું અલગ અલગ રીતે સેવન કરે છે. કેટલાક લોકો અર્જુનની છાલના પાવડરનું સેવન કરે છે. ઘણા લોકો તેની છાલનો ઉકાળો બનાવીને તેનું સેવન કરે છે. અર્જુનની છાલનો ઉકાળો અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં ફાયદાકારક માનવામાં આવે છે. તે શરીરમાંથી નબળાઈ દૂર કરવામાં અને પાચન સંબંધિત સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. આ ફાયદાઓને કારણે, ઘણા લોકો દરરોજ તેનું સેવન કરે છે. પરંતુ શું ઉનાળામાં તેનું સેવન કરવું સલામત છે? શું તે તેના ગરમ સ્વભાવને કારણે ઉનાળામાં નુકસાનકારક છે? આ વિશે વધુ જાણવા માટે, શું ઉનાળામાં અર્જુનની છાલનો ઉકાળો પીવો સલામત છે?નિષ્ણાતોના મતે ઉનાળામાં અર્જુનની છાલનો ઉકાળો પીવો સલામત છે. પરંતુ તેની સાથે સાથે તેની માત્રાનું પણ ખાસ ધ્યાન રાખવું તમારા માટે જરૂરી છે. શરૂઆતમાં તમારે અર્જુનની છાલનો ઉપયોગ ઓછી માત્રામાં કરવો જોઈએ.

# કાચી કેરીથી કઈ નવું ટ્રાય કરો, આ રીતે ફટાફટ બનાવો ખટ્ટમીઠા પાપડ; સૌ કોઈ પૂછશે કેવી રીતે બનાયા?

કાચી કેરી બજારમાં ભરપૂર મળી રહી છે. જો તમે આ કેરીઓમાંથી માત્ર ચટણી અને અથાણું જ બનાવો છો. તો હવે ટ્રાય કરો ટેસ્ટી કેરીના પાપડ (આમ પાપડ). આમ તો ઘરે કેરીના પાપડ બનાવવા એ એક મુશ્કેલીભર્યું કામ લાગે છે, પરંતુ આ સરળ રેસિપીથી તેને ઝપપટ બનાવીને તૈયાર કરી શકાય છે.



સામગ્રી
કાચી કેરી- 4
ખાંડ - 1/2 કપ
ઘી - 1 ચમચી
ગરમ મસાલો - 1/2 ચમચી
સિંધવ મીઠું - સ્વાદ મુજબ
લાલ મરચું પાવડર - 1 ચમચી

## બનાવવાની રીત

કેરીના પાપડ બનાવવા માટે સૌથી પહેલા કેરીને સારી રીતે ધોઈને પાણી સુકાઈ જાય ત્યાં સુધી સૂકવી લો. પછી કેરીને છોલી લો.હવે તેમાંથી પલ્પ કાઢી લો. પછી એક મોટું વાસણ લો, તેમાં કેરીના ટુકડા અને 1 કપ પાણી નાખીને ગેસ પર ઉકળવા માટે રાખી દો.આમાં વાસણને ઢાંકીને 4 થી 5 મિનિટ કેરીના ટુકડા નરમ થઈ જાય ત્યાં સુધી પકાવી લો. 5 મિનિટ પછી કેરીને ચેક કરી લો. જો કેરીના ટુકડા નરમ થઈ ગયા છે, તો ગેસ બંધ કરી દો.હવે પલ્પને ઠંડુ કરો અને તેને ગરણીની મદદથી ગાળી લો. આ પછી, બાકીના કેરીના રેસા કાઢી નાખો અને ગાળેલા કેરીના પલ્પનો ઉપયોગ કરો.હવે તેમાં ખાંડ, ગરમ મસાલો, સિંધવ મીઠું અને લાલ મરચું ઉમેરીને બરાબર મિક્સ કરી લો. કેરીના પલ્પમાં ખાંડ અને મસાલા જ્યારે સારી રીતે મિક્સ થઈ જાય, ત્યારે પલ્પને થોડો ઘટ્ટ થાય ત્યાં સુધી ફરીથી પકાવી લો.હવે તેને કોઈ પ્લેટ અથવા ટ્રે પર પોલિથીન શીટ રાખીને કેરીના પાકેલા દ્રાવણને પોલીથીનમાં નાખીને પાતળો ફેલાવી લો. પછી બાકીના પલ્પને બીજી શીટ પર ફેલાવી દો.હવે તડકામાં કેરીના પાપડને સૂકવી લો. જ્યારે તે સારી રીતે સુકાઈ જાય, ત્યારે તમારા કેરીના પાપડ બનીને તૈયાર થઈ જશે. તેની ઉપર સિંધવ મીઠું નાખો અને સર્વ કરો.

# વૉટ દેતા પહેલા વિચારજો કે તમે જેને વૉટ કરો છો એ તમારા લાયક છે તો કેમ?

એક ખાસ વાત મારી અને તમારી,તમારી અને મારી.શું? વોટ ફરજિયાત કરજો,નિશ્ચય થી વોટ કરજો.ભલે ગરમી હોય પણ વોટ કરવા ઘરેથી નિકલજો. ખબર છે ને ૨૦૦વર્ષ સુધી દેશ ને આઝાદ કરવા અસંખ્ય નિર્દોષ લોકો એ કુરબાની આપી છે આ કુરબાનીઓની ઈચ્છા હતી કે આઝાદ ભારતમાં બધાને વોટ નો અધિકાર મળે.

આ અધિકાર ની તાકાત શું છે? નેતાઓ તમારા વોટ થી જ વિજય પ્રાપ્ત કરવાના છે માટે વોટ દેતા પહેલા વિચારજો કે તમે જેને વોટ કરો છો એ તમારા લાયક છે તો કેમ? વોટ કરવો એ પ્રત્યેક ભારતીય નાગરિક નો અધિકાર છે. તમે તમારા વિચારોને વોટ આપીને વ્યક્ત કરી શકશો. વોટિંગ એ લોકશાહી નો પર્વ છે.૧૯૪૭ માં ભારત અને પાકિસ્તાન ના ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાન ને ભારત એ દેશ ચલાવવા નાણાકીય સહાય આપી હતી. હાલા કી ત્યારે ભારત પાસે ખાસ તિજોરીમાં મૂડી નહતી છતાંય એ સમય ના રાજકારણ એ પાકિસ્તાન ને સહાયતા કરી હતી. આજ આઝાદી ના આટલા વર્ષો બાદ ભારત અને પાકિસ્તાન ની સ્થતિ વિશે વિચારશો તો સમજાશે કે લોક તંત્ર લોકશાહીની તાકાત શું છે?

આઝાદી બાદ થી આજ સુધી પાકિસ્તાન એ એકમાત્ર એવો દેશ છે કે જે અન્ય દેશોની સહાયતા ઓ પર જીવી રહ્યો છે.ત્યાં પ્રજા બેહાલ ને રાજા ભ્રષ્ટાચાર એવી હાલત છે.પ્રજા પાસે ખાવા બે ટંક રોટલા નથી ને નેતાઓ પાસે અધધધ નાણાં ક્યાં સાચવવા એ સમસ્યા છે. એવું નથી ભારતમાં ભ્રષ્ટાચાર નહિવત છે ભારત માં પણ ભ્રષ્ટાચાર વ્યાપક છે પરંતુ અહિયાં નું મીડિયા સજાગ છે ને પત્રકારો અને રિપોર્ટર એ લોકશાહી પ્રથા ને પ્રાધાન્ય આપે છે. ન્યુઝ મીડિયા કે એજન્સીઓ સરકાર ના દબાવ હેઠલ કામ નથી કરતી મીડિયા ને મળેલ કાયદાકીય સ્વતંત્રતા નો ઉપયોગ ભરપુર કરે છે.ઉચ્ચ હોદા પર બેઠલો કર્મચારી કે પછી રાજ્ય નો સી. એમ કેમ ના હોય મીડિયા ના કેમેરા માંથી બચવું બધા માટે અશક્ય છે. ન્યુઝ ૨૪ ચેનલ પર આવતો કાર્યક્રમ મારો ફેવરિટ છે "કોફી પે ચર્ચા" આ કાર્યક્રમ માં રાજકીય પક્ષ ની અંદરની પરિવાર કે પાર્ટીઓની ગુપ્ત વાતો વિશે એંકર સૌરભ ની ખાસ વિશ્લેષણ કરવાની રીત હોય કે "માહોલ ક્યાં હે" ન્યુઝ ૨૪ માં રાજીવ રંજનની લોકોની ભીડ વચ્ચે જઈને દેશના રાજકારણ થી લઈને સમસ્યાઓ વિશે વાતચીત કરવાની રીત અલગ જ છે..




વૉટ ફોર મી

- રુપાલી દવે

આજતક ન્યુઝ ચેનલની બાહોશ પત્રકાર અંજના ઓમ કશ્યપની મુદ્દા ના ઊંડાણ પૂર્વક ચર્ચા કરવામાં નિષ્ણાંત છે. સુધીર ચોધરી પત્રકાર નું ઊંડાણ છે નું ને સાબિતી સહિત નો સચોટ કાર્યક્રમ પ્રત્યેક દર્શક ની પહેલી પસંદ છે. ગોપી ઘાંઘર,મૌસમી વગેરે મહિલા રિપોર્ટર નું રિપોર્ટિંગ ગભરાયા વગર નું બિન્દાસ પરફેક્ટ રિપોર્ટિંગ હોય.,ઈન્ડિયા ટીવી ના રજત શર્મા હોય કે રીપબલિકન ટીવી ના અર્ણવ ગોસ્વામી, એબીપી ન્યૂઝ, ઝી ન્યુઝ વગેરે ન્યુઝ ચેનલો ના એંકરો નો વિષય મોટાભાગે પબ્લિક ની સમસ્યા અને રાજનીતિમાં ચાલતા કૌંભાંડ વિશે વધારે હોય છે.ભારતીય મીડિયા કે પ્રિન્ટ મીડિયા પ્રત્યેક ચેલેન્જ ને ઝડપી લે છે એટલે ભારત અને પાકિસ્તાન બન્ને દેશ વચ્ચે જમીન આસમાન નો ફર્ક છે. જ્યારે આટઆટલા પત્રકારો,રીપોટરો,પ્રિન્ટ મીડિયાની દિવસ રાત ગમે તે ગરમી,ઠંડી,વરસાદ માં મહા મહેનત એ ખુદને રિસ્ક માં મૂકીને ન્યુઝ એકત્રિત કરીને તમારા સામે રજૂ કરવાની મહેનત "વોટ કોને કરશો?" બધાની મહેનત ને બિરદાવવા ખાતર પણ વોટ કરવો પ્રત્યેક જનતા માટે વોટ કરવો અતિ આવશ્યક છે.

પશ્ચિમ આધુનિક દેશોમાં વર્ષો સુધી વોટ માત્ર પુરુષો આપી શકતા હતા મહિલાઓ ને વોટનો



અધિકાર નહતો. ભારતમાં તો આઝાદી બાદ સ્ત્રીઓ અને પુરુષોના સમાન અધિકારની વાત ને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ૧૮ વર્ષ બાદ ભારત ની પ્રત્યેક જનતા ને વોટ નો અધિકાર છે એ એન.આર.આઈ ભલે હોય પણ ભારત ના નાગરિકત્વ ને વોટ નો અધિકાર છે. ચૂંટણીઓમાં જોર જોરથી ચાલતી અમુક અફવા હસ્યાસ્પદ હોય છે. હાલ માંજ ફેક ન્યુઝ બધાના મોબાઈલ મા બ્લીંક થયા કે વોટ આપવા જશે નહિ એના ખાતા માંથી ૩૫૦રૂ કપાઈ જશે. પોસ્ટ એ એવો દાવો કર્યો કે ખાતા મા રૂપિયા નહિ હોય તો ફોન રિચાર્જ ના રૂપિયા કપાઈ જશે.લોકો ગભરાઈ ગયા ને બોલ્યા કે મામલો શું છે?બાદ માં ચૂંટણી પંચ એ

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવી જણાવ્યું કે આવી ભ્રામક ખબરો થી સાવચેત રહેજો,આ પ્રકારની ખબર બે બુનિયાદ સાબિત કરીને દાવો ખોટો ઠરાવ્યો.

ભારત માં ૧૯૫૧-૫૨ ની પ્રથમ ચૂંટણી થી આજ સુધી ની ૧૭ લોકસભા અને ૪૦૦ વિધાન સભાની વધુ ચૂંટણીઓ લડાઈ છે.એમાં મતદાતા એ ઉમેદવાર ના ગુણ અનુસાર મતદાન કર્યું હોત તો ભારતની સ્થિતિ આજ થી અલગ હોત.આજનું રાજકારણ એ જ્ઞાતિ,જાતિ,ધર્મ થી અલગ વિકાસ નું રાજકારણ છે.હા!!

વિકાસ ના રાજકારણ માં દેશની જનતા એ મોંઘવારી,બેકારી, સરકારી સંસ્થાઓનું નીજીકરણ વગેરે વગેરે જેવી અનેક સમસ્યાઓ નો સતત સામનો કરવો પડ્યો છે પરંતુ આજ ભારત પ્રગતિના પંથે તેજ દોડી રહ્યું છે અન્ય દેશો ની સરખામણી માં ભારત ની વસ્તી અનુસાર સમૃદ્ધ માનવામાં આવે છે. રોડ,રસ્તા,વીજળી,પાણી વગેરે સગવડતા મહદઅંશે દેશના ખૂણે ખૂણે પોહચી છે. ભારત માં પ્રત્યેક નેતાઓ ની રાજનીતિ "વાસુદેવ કુટુમ્બકમ" થવા લાગી છે એનું કારણ ભારત જેવા વિશાળ જન સંખ્યા ધરવતા દેશ મા અનેક સંસ્કૃતિઓ,ભાષા,કલ્ચર વગેરે વગેરે વિવિધતા માં રંગાયેલ છે. વોટર એ નેતાઓના પ્રલોભનોથી દુર રહેવું આવશ્યક છે એનું મુખ્ય કારણ છે ચૂંટણી જીત્યા બાદ એ તમને અને તમને આપેલ પ્રલોભન ભૂલી જશે.એવા નેતાને વોટ આપજો કે જેમાં તમને ભરોષો હોય.. દેશના વિકાસ અને સમૃદ્ધિ માટે અડગ નિર્ણય ધરાવતો હોય ને જેનું સ્વપ્નું સમ્રાટ અશોક ની જેવું "અખંડ દેશ શ્રેષ્ઠ દેશ" નું હોય..

# વરુણ-જાહન્વીએ નવી ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું!

વરુણ ધવન અને જાહન્વી કપૂરે તેમની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. ફિલ્મનું ટાઈટલ 'સની સંસ્કારી કી તુલસી કુમારી' છે. શશાંક ખેતાન તેનું નિર્દેશન કરશે. કરન જોહર આ ફિલ્મના નિર્માતા છે. મેકર્સે શનિવારે ફિલ્મનું શૂટિંગ શરૂ કરતા પહેલા મુહૂર્ત પૂજાનું આયોજન કર્યું હતું. કરણ જોહરે આ પૂજા સમારોહનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કર્યો છે.

આ શેર કરતાં કરને લખ્યું, 'એકદમ સાચો પ્રેમ! 'સની સંસ્કારી અને તુલસી કુમારી'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. અમારા પરિવારને તમારો પ્રેમ અને આશીર્વાદ આપો. કરને પોતાની પોસ્ટમાં એમ પણ જણાવ્યું કે આ ફિલ્મ આવતા વર્ષે 18 એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ત્રીજી ફિલ્મ વરુણ સાથે અને બીજી ફિલ્મ જાહન્વી સાથે ફિલ્મની વાત કરીએ તો શશાંક ખેતાનની વરુણ ધવન સાથે આ ત્રીજી ફિલ્મ છે. આ પહેલા બંને દુલ્હનિયા ફ્રેન્ચાઈઝીની બંને ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે. આ ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' 2014માં રિલીઝ થઈ હતી અને બીજી ફિલ્મ 'બદ્રીનાથ કી દુલ્હનિયા' 2017માં રિલીઝ થઈ હતી. શશાંક બીજી વખત જાહન્વી સાથે કામ કરશે. આ પહેલા તેણે એક્ટ્રેસની ડેબ્યૂ ફિલ્મ 'ધડક' ડિરેક્ટ કરી હતી.

'સની સંસ્કારી કી તુલસી કુમારી' એક લવ સ્ટોરી છે. એવી ચર્ચા છે કે આ ફિલ્મ દુલ્હનિયા ફ્રેન્ચાઈઝીનો ભાગ બની શકે છે. ફિલ્મમાં વરુણ, સની અને જાહન્વી તુલસી નામના પાત્રમાં જોવા મળશે. વરુણ અને જાહન્વી ઉપરાંત રોહિત સરાફ, મનીષ પોલ, સાન્યા મલ્હોત્રા અને અક્ષય ઓબેરોય જેવા કલાકારો પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



# બ્રહ્માસ્ત્રનું શૂટિંગ આવતાં વર્ષથી શરૂ થશે

રણબીર કપૂર અને આલિયા ભટ્ટની 'બ્રહ્માસ્ત્ર'ની સિકવલ પડતી મૂકાઈ નથી પરંતુ આવતાં વર્ષથી તેનું શૂટિંગ શરુ થશે તેમ જાણવા મળ્યું છે. 'બ્રહ્માસ્ત્ર'ની મૂળ વાર્તામાં જ તેની સિકવલનો ઈશારો આપી દેવાયો હતો. આ ફિલ્મ ત્રણ ભાગમાં બનાવાશે તેવું અગાઉ જ જાહેર કરાયું હતું. જોકે, થોડા સમય પહેલાં એવી અફવા પ્રસરી હતી કે બજેટના પ્રશ્નોના કારણે આ સિકવલ પાછી ઠેલાઈ ગઈ છે અને તે કદાચ હવે બનાવાશે કે નહીં તે અંગે અનિશ્ચિતતા સર્જાઈ છે. જોકે, ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર આ અફવાઓમાં કોઈ દમ નથી. 'બ્રહ્માસ્ત્ર'ની સિકવલ બનવાની છે એ હકીકત છે. અયાન મુખર્જી હાલ 'વોર ટૂ'માં વ્યસ્ત છે. તે પછી તરત જ તે આ સિકવલનું કામ શરુ કરી દેશે. ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરુ કરી દેવાશે. 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મ શરુ થયા બાદ કોરોના સહિતનાં કારણોને લીધે બહુ લંબાઈ ગઈ હતી અને મૂળ જાહેરાતનાં સાત વર્ષ બાદ રીલીઝ થઈ હતી. જોકે, સિકવલમાં આટલો વિલંબ નહિ થાય અને મોટાભાગે ૨૦૨૬ સુધીમાં જ તે રીલિઝ કરી દેવાશે તેવો દાવો કરવામાં આવી રહ્યા છે. 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મ રણબીર અને આલિયા માટે બહુ ખાસ છે કારણ કે આ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન જ બંને પ્રેમમાં પડયાં હતાં.



# એક દિવસ હીરામંડીના સેટ પર ભૂખી રહી અદિતિ રાવ

## બોલી, 'ગુસ્સાવાળા સીન માટે ભણસાલી સરે આવું કરાવ્યું'

આજકાલ અદિતિ રાવ હૈદરી 'હીરામંડી' સિરીઝમાં બિબ્બો જાનના રોલને કારણે ચર્ચામાં છે.હાલમાં જ એક્ટ્રેસે ખુલાસો કર્યો છે કે, તેની આ સિરીઝમાં એક સીન હતો, જેમાં તે ખૂબ જ ગુસ્સામાં દેખાઈ રહી હતી. પરંતુ આ કરવું તેમના માટે સૌથી મુશ્કેલ હતું. સિરીઝના ડિરેક્ટર સંજય લીલા ભણસાલીએ તેને એક દિવસ સેટ પર ખાવાનું પણ નહોતું ખાવા દીધું જેના કારણે તે સીનને પરફેક્ટ રીતે આપી શકે

-અદિતિએ ભણસાલી સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો હતો. એક્ટ્રેસે કહ્યું કે ભણસાલી હંમેશા તેમને ચીડવતા હતા કારણ કે તે સીન કરતી વખતે ગુસ્સે થઈ શકતી ન હતી. ભણસાલી કહેતા હતા કે, જો હું ગુસ્સાવાળા સીન માટે કહું તો તું લવસીન કરે છે.

અદિતિએ વધુમાં કહ્યું કે ગુસ્સાના સીન તેના માટે સૌથી મુશ્કેલ છે. તેમણે કહ્યું, 'તે દિવસે અમે 2-3 ટેક કર્યા અને પછી તેમણે (ભણસાલીએ) મારી સાથે થોડી વાત કરી. તેમની સાથે વાત કર્યા પછી મને લાગ્યું કે જાણે હું કોઈ અલગ જ દુનિયામાં ગઈ છું. તેમના ખુલાસા પછી હું સીનની માર્મિકતાને સમજી શકી હતી.

પછી તેમણે કહ્યું કે અમે આ સીન શૂટ કરવાના છીએ. તેઓએ મારા સિવાય બધાને લંચ બ્રેક આપ્યો. ભણસાલી સર મને પૂછ્યું- શું આ ઠીક છે? મેં જવાબ આપ્યો હા. પછી મેં કઈ ન જમ્યું. આ ખરેખર બરાબર છે. પછી હું વાનમાં ગયો અને સર દ્વારા કહેલું બધું યાદ આવ્યું. આ પછી અમે ગુસ્સાવાળો સીન શૂટ કર્યો. ભોજન ન ખાવાને કારણે હું ગુસ્સે થઈ ગઈ હતી, જેના કારણે સીન સરળતાથી શૂટ કરવામાં આવ્યો હતો.

સંજય સરની ફિલ્મોની ભવ્યતા જુઓ છો. આ ખૂબ સરળતાથી શક્ય છે. સંજય સર આ માટે સખત મહેનત કરે છે. તેઓ જાણે છે કે કલાકારોમાંથી બેસ્ટ કેવી રીતે મેળવવું. તેઓ ઈચ્છે છે કે તેની ફિલ્મો બેસ્ટ રીતે બને. તે પૂર્ણતામાં માને છે. આ કારણોસર તેઓ તેમના કામને હળવાશથી લેતા નથી.

અત્રે ઉલ્લેખનીય સહ કે, વેબ સિરીઝ 'હિરામંડી' 1 મેના રોજ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે. આ સિરીઝમાં મનીષા કોઈરાલા, સોનાક્ષી સિંહા, અદિતિ રાવ હૈદરી, ફરદીન ખાન, શેખર સુમન અને તાહા શાહ બદુશા જેવા પાત્રો છે.



# ફેમિલી સ્ટ્રગલ વિશે વાત કરતા ઈમોશનલ થયા દેઓલ બ્રધર્સ

## સની દેઓલ બોલ્યો, 'વહુ ઘર આવ્યા બાદ સંપૂર્ણ વાતાવરણ બદલાઈ ગયું...'

હાલમાં જ સની દેઓલ અને બોબી દેઓલ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના લેટેસ્ટ એપિસોડમાં મહેમાન તરીકે જોવા મળ્યા હતા. શોમાં પોતાના પરિવારના સંઘર્ષની ચર્ચા કરતી વખતે સની ભાવુક થઈ ગયો હતો. સનીએ કહ્યું કે હું, પિતા અને બોબી, અમે ત્રણેય ઘણા વર્ષોથી સખત મહેનત કરી રહ્યા હતા પરંતુ કંઈપણ યોગ્ય થઈ રહ્યું ન હતું. પણ અમારા દીકરા કરણના લગ્ન પછી અમારી દીકરી અમારા ઘરે આવતાની સાથે જ આખું વાતાવરણ બદલાઈ ગયું છે.

એપિસોડમાં સનીએ તેની વહુ દિશા આચાર્યના વખાણ કર્યા અને કહ્યું, 'અમે (દેઓલ પરિવાર) 1960થી લાઈમલાઈટમાં છીએ. પરંતુ છેલ્લા કેટલાક સમયથી હું સમજી શકતો ન હતો કે કેટલીક વસ્તુઓ થઈ રહી નથી. પછી મારા દીકરાના લગ્ન થયા, દિશા (સનીની વહુ) દીકરી બનીને અમારા ઘરે આવી.

સનીએ આગળ કહ્યું- 'અને પછી 'ગદર 2' રિલીઝ થઈ હતી, તે પહેલાં પાપાની ફિલ્મ (રોકી અને રાનીની લવસ્ટોરી) રિલીઝ થઈ. 'ગદર 2' રિલીઝ થયા પછી શું થઈ રહ્યું છે તે હું સમજી શકતો ન હતો. અને પછી 'એનિમલ' આવ્યો જેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા.

ગત વર્ષે રિલીઝ થયેલી બોબી દેઓલની ફિલ્મ 'એનિમલ' 917 કરોડ રૂપિયાની કમાણી કરીને વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. આ પછી સની દેઓલની 'ગદર 2' 691 કરોડના કલેક્શન સાથે વર્ષની ચોથી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની.



ધર્મેન્દ્ર સ્ટારર 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'એ બોક્સ ઓફિસ પર 355 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનાર 7મી ફિલ્મ હતી.

જો કે આ બધાની વચ્ચે સનીના નાના પુત્ર રાજવીર દેઓલે પણ તેની ફિલ્મ 'દોનો' બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. વર્કફ્રન્ટની વાત કરીએ તો સની અને કરણ આગામી ફિલ્મ 'લાહોર 1947'માં જોવા મળશે. તેને આમિર ખાન પ્રોડ્યુસ કરી રહ્યો છે અને રાજકુમાર સંતોષી દિગ્દર્શિત છે.

# શું અભિનેત્રી નતાશા-હાર્દિક પંડ્યાના સબંધોમાં આવી તિરાડ? મળ્યા સંકેતો



બોલિવૂડ અભિનેત્રી અને મોડલ નતાશા સ્ટેનકોવિક અને ભારતીય ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા વચ્ચે અણબનાવના અહેવાલો છે. બંને વચ્ચે શા માટે અણબનાવ થયો? તેનો એક સંકેત પણ સામે આવ્યો છે. IPL 2024માં આ દિવસોમાં હાર્દિક પંડ્યાનું પ્રદર્શન બહુ સારું નથી જેના કારણે ક્રિકેટર પણ ટ્રોલનો સામનો કરી રહ્યો છે.


અભિનેત્રી નતાશા અને હાર્દિક પંડ્યાના લગ્ન 31 મે 2020ના રોજ થયા હતા. કપલે કોર્ટ મેરેજ કર્યા હતા. બંનેની લવ સ્ટોરી કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછી નહોતી. નતાશા લગ્ન પહેલા જ પ્રેગ્નન્ટ થઈ ગઈ હતી અને પ્રેગ્નન્ટ થયા બાદ બંનેએ લગ્ન કરી લીધા હતા. બંનેના લગ્નના એક મહિના પછી એટલે કે 30 જૂનના રોજ પુત્રનો જન્મ થયો હતો. નતાશા અવારનવાર તેના પુત્ર અને પરિવાર સાથેની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે. જ્યાં બે કપલ વચ્ચે હંમેશા આટલો પ્રેમ જોવા મળ્યો છે ત્યારે હવે બંનેના સંબંધોમાં ખટાશ આવી છે તેવી અફવા સામે આવી છે.

નતાશા અવારનવાર હાર્દિક પંડ્યાની મેચ જોવા આવતી હતી અથવા પછીથી તેના માટે મેસેજ પોસ્ટ કરતી હતી પરંતુ લાંબા સમયથી તે તેની કોઈ મેચ જોવા નથી આવતી કે ન તો તેની સાથે કોઈ ફોટો શેર કરતી હતી. તે તેના કામ અને મોડેલિંગ માટે રોજેરોજ બહાર જતી રહે છે પરંતુ હાર્દિક પંડ્યા દ્વારા ટ્રોલ થયા બાદ તેના તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી અને ન તો અભિનેત્રી તેનાથી પરેશાન હોય તેવું લાગે છે. અભિનેત્રીએ 14 ફેબ્રુઆરી 2024ના રોજ પોતાનો અને હાર્દિક પંડ્યાનો છેલ્લો ફોટો પણ શેર કર્યો હતો. અભિનેત્રી માત્ર તેના પુત્ર સાથેની તસવીર શેર કરી રહી છે. આ કારણે સોશિયલ મીડિયા પર તેમના અલગ થવાના સમાચારો ટ્રેન્ડ કરી રહ્યા છે. ચાહકોનું કહેવું છે કે બંને વચ્ચે સંબંધોમાં ચોક્કસપણે તિરાડ આવી છે. ઘણા યુઝર્સ એવું પણ કહે છે કે બંને જલ્દી છૂટાછેડા લઈ શકે છે.

# ટાઈટેનિકમાં કેપ્ટનની ભૂમિકા ભજવનાર અભિનેતા બર્નાર્ડ હિલનું નિધન, ટીવી-થિયેટર પણ કર્યું

ફિલ્મ 'ટાઈટેનિક'માં કેપ્ટન એડવર્ડ સ્મિથની ભૂમિકા ભજવનાર અભિનેતા બર્નાર્ડ હિલનું નિધન થયું છે. જો કે, બર્નાર્ડના મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. BBCના જણાવ્યા અનુસાર, અભિનેતાના એજન્ટ લૂ કોલસને પુષ્ટિ કરી કે તેમનું મૃત્યુ 5 મે, રવિવારની સવારે થયું હતું. તેમની અંતિમ ક્ષણોમાં તેની સાથે તેમની મંગેતર એલિસન હાજર હતી.

11 ઓસ્કર જીતનાર બે ફિલ્મોમાં અભિનય કરનાર બર્નાર્ડ એકમાત્ર ફિલ્મ સ્ટાર હતો. તેણે 1997માં રિલીઝ થયેલી 'ટાઈટેનિક' અને 2003માં રિલીઝ થયેલી 'લોર્ડ ઑફ ધ રિંગ્સ'માં મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. આ બંને ફિલ્મોએ 11-11 ઓસ્કર એવોર્ડ જીત્યા હતા.



અભિનેતાના નિધન પર તેની કો-સ્ટાર અભિનેત્રી બાર્બરા ડિક્સને તેમને યાદ કર્યા છે. અભિનેત્રીએ ટ્વીટમાં લખ્યું છે કે, 'ખૂબ જ દુખ સાથે તમને જણાવું છું કે બર્નાર્ડ હિલનું નિધન થયું છે. અમે 1974માં વિલી રસેલના શો 'જ્હોન પોલ જ્યોર્જ રિંગો એન્ડ બર્ટ'માં સાથે કામ કર્યું હતું. તે એક અદ્ભુત અભિનેતા હતા. તેમની સાથે મળવું અને કામ કરવું સન્માનની વાત હતી. ભગવાન તમારી આત્માને શાંતિ આપે.

'ટાઈટેનિક' અને 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' સિવાય, હિલે તેની કારકિર્દીમાં 'ગાંધી' અને 'ધ સ્કોર્પિયન કિંગ' સહિત ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું હતું.

# નયનતારા કરીના કપૂરની જગ્યા લેશે...?

## ટોક્સિકમાં યશની બહેનનો રોલ કરી શકે , વ્યસ્ત શિડ્યુલને કારણે કરીનાએ ફિલ્મ છોડી

કરીના કપૂર કન્નડ સિનેમામાં યશ સ્ટારર ફિલ્મ 'ટોક્સિક'થી ડેબ્યૂ કરવાની હતી, જો કે, તેમણે તેમના વ્યસ્ત શેડ્યૂલને કારણે આ ફિલ્મ છોડી દીધી હતી. હાલ રિપોર્ટ મળી રહ્યા છે કે કરીનાની જગ્યાએ મેકર્સ સાઉથની લેડી સુપરસ્ટાર નયનતારાને ફિલ્મમાં કાસ્ટ કરવા જઈ રહ્યા છે. પિંકવિલાના હાલના રિપોર્ટમાં ફિલ્મ ડેવલપમેન્ટ સાથે જોડાયેલા એક સ્ત્રોતને ટાંકીને લખવામાં આવ્યું છે કે ફિલ્મ 'ટોક્સિક'ના નિર્દેશક ગીતુ મોહનદાસ અને યશની નયનતારા સાથે છેલ્લા અઠવાડિયામાં ઘણી વખત મુલાકાત થઈ છે. રિપોર્ટમાં લખવામાં આવ્યું છે કે, નયનતારાએ ફિલ્મ 'ટોક્સિક' કરવામાં રસ દાખવ્યો છે અને હાલમાં લોજિસ્ટિક્સ પર કામ કરવામાં આવી રહ્યું છે. ફિલ્મમાં યશની બહેનના પાત્રની સ્ક્રિપ્ટ ખૂબ જ સારી રીતે કરવામાં આવી છે અને તે મજબૂત ભૂમિકા નયનતારાની છબી સાથે ખૂબ જ સારી રીતે મેળ ખાય છે. સ્ક્રિપ્ટ વાંચ્યા પછી નયનતારા ગીતુ મોહનદાસથી ખૂબ જ ખુશ છે કે તેમણે આટલું મજબૂત પાત્ર બનાવ્યું છે. કરીના કપૂર ફિલ્મ 'ટોક્સિક'માં યશની બહેનનો રોલ કરવા જઈ રહી હતી. તેણે એક ઈન્ટરવ્યૂ દરમિયાન આ અંગે ઈશારો પણ કર્યો હતો. જોકે વ્યસ્ત શિડ્યુલને કારણે તેમણે ફિલ્મ છોડી દીધી છે. ફિલ્મના નિર્માતાઓ ઈચ્છતા હતા કે કરીનાને બદલે ફિલ્મમાં યશની બહેનની કોઈ પેન ઈન્ડિયા પ્રેઝન્ટવળી એક્ટ્રેસ નિભાવે.



નયનતારાએ ગયા વર્ષે ફિલ્મ 'જવાન'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી, ત્યાર બાદ તેની સમગ્ર ભારતની ઈમેજ વિકસિત થઈ છે.

આ પહેલા નયનથારા કન્નડ ફિલ્મ સુપર (2010) માં જોવા મળી હતી. જો નયનતારા આ ફિલ્મ કરશે તો તે તેની બીજી કન્નડ ફિલ્મ હશે.



# તારક મહેતાનો સોઢી બે અઠવાડિયાથી ગાયબ!

## પિતાએ કહ્યું, અમે બધા ખૂબ ચિંતિત છીએ, અમારા પુત્રના પાછા આવવાની રાહ જોઈ રહ્યા છીએ

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ફેમ એક્ટર ગુરુચરણ સિંહ ગુમ થયાને બે અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. પોલીસ હજુ સુધી તેઓને શોધી શકી નથી. હવે પિતા હરગીત સિંહ, જેમણે અભિનેતાના ગુમ થવાનો રિપોર્ટ નોંધાવ્યો હતો, તેમણે આ મામલે ચિંતા વ્યક્ત કરી છે. તેઓ ચિંતિત છે કારણ કે તેમને તેમના પુત્ર વિશે કોઈ નક્કર માહિતી નથી મળી રહી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા હરગીતે કહ્યું, 'જે કંઈ થયું તે ખૂબ જ આઘાતજનક છે. અમે બધા ખૂબ જ ચિંતિત છીએ. અમે પોલીસ તરફથી તેના વિશેના કોઈપણ અપડેટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. તેના પાછા આવવાની પણ રાહ જોવાઈ રહી છે.

ગુરુચરણ છેલ્લા બે અઠવાડિયાથી ગુમ છે. તેના પિતાની ફરિયાદ બાદ દિલ્હી પોલીસે અપહરણનો કેસ નોંધ્યો છે અને 50 વર્ષીય અભિનેતાને શોધી રહી છે. અભિનેતાનું છેલ્લું લોકેશન દિલ્હીના પાલમમાં તેના ઘરથી થોડા કિલોમીટર દૂર મળી આવ્યું હતું. તેણે એટીએમમાંથી 7000 રૂપિયા ઉપાડી લીધા અને પછી તેનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો.

અભિનેતા ગુરચરણ સિંહ 22 એપ્રિલના રોજ દિલ્હીથી મુંબઈ માટે રવાના થયા હતા, ત્યારબાદ તેમના તરફથી કોઈ સમાચાર નથી. અભિનેતાએ 2020 માં લોકડાઉન દરમિયાન તેના પિતાની સંભાળ રાખવા માટે ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' છોડી દીધો હતો. એક્ટિંગથી દૂર રહ્યા બાદ ગુરુચરણ દિલ્હીમાં તેના માતા-પિતા સાથે રહે છે.

ગુરુચરણ સિંહ 22 એપ્રિલે દિલ્હીથી મુંબઈ આવવા નીકળ્યા હતા. દીકરો મુંબઈ ના પહોંચતાં અંતે ગુરુચરણના પિતાએ પોલીસ ફરિયાદ કરી હતી. આ કેસમાં ગુરુચરણના પિતા હરગીત સિંહે 25 એપ્રિલે બપોરે 3 વાગ્યે દિલ્હીના પાલમ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ પ્રમાણે, 'મારો દીકરો ગુરુચરણ સિંહ 50 વર્ષનો છે અને તે 22 એપ્રિલ, સવારે સાડાઆઠ વાગ્યે મુંબઈ જવા રવાના થયો. તે મુંબઈ પહોંચ્યો નથી કે ઘરે પણ આવ્યો નથી. તેનો ફોન પણ લાગતો નથી. તેની માનસિક સ્થિતિ સારી છે. અમે તેની શોધખોળ કરી, પરંતુ હવે તે મિસિંગ છે.'

પોલીસે જણાવ્યું હતું કે ગુરુચરણે 22 એપ્રિલના રોજ એટીએમમાંથી 7,000 રૂપિયા ઉપાડી લીધા હતા, ત્યાર પછી તેનો ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. તેનું છેલ્લું લોકેશન દિલ્હીના પાલમમાં તેના ઘરથી થોડા કિલોમીટર દૂર મળી આવ્યું હતું. આ સિવાય પોલીસને પાલમ વિસ્તારમાંથી કેટલાક સીસીટીવી ફૂટેજ પણ મળ્યા છે, જેમાં એક્ટર બેગ લઈને રોડ ક્રોસ કરતો જોવા મળે છે. હવે પોલીસ તેના ઘરની આસપાસના બાકીના સીસીટીવી કેમેરાને પણ સ્કેન કરી રહી છે, એ જાણવા માટે કે તેણે દિલ્હી એરપોર્ટ પહોંચવા માટે કયો રસ્તો અપનાવ્યો હતો.



### AICWAએ અપીલ કરી હતી

દરમિયાન ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિયેશન (AICWA)ના પ્રમુખ અને સ્થાપક સુરેશ શ્યામલાલ ગુપ્તાએ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને આ મામલાને વહેલી તકે ઉકેલવા અપીલ કરી છે. ગુપ્તાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને આ અપીલ કરી હતી અને કહ્યું હતું કે સમગ્ર બોલિવૂડ અને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી ગુરુચરણના પરિવારની સાથે છે.

**બે-વાર શો છોડયો :** ગુરુચરણ 2008થી આ શો સાથે જોડાયા હતા. 2013માં તેમણે આ શો છોડી દીધો હતો. 2014માં પબ્લિક ડિમાન્ડને કારણે ગુરુચરણ ફરી શોમાં જોડાયા હતા. છ વર્ષ સુધી કામ કર્યા બાદ 2020માં ગુરુચરણે ફરી આ શો છોડી દીધો હતો. હવે તેના સ્થાને બલવિંદર સિંહ સૂરી, રોશન સિંહનું પાત્ર ભજવે છે. શો છોડ્યા બાદ ગુરુચરણ અન્ય કોઈ સિરિયલમાં જોવા મળ્યા નથી. તેમણે કહ્યું હતું, 'જુઓ, મારા પિતાની એ સમયે સર્જરી થવાની હતી અને એ કારણે મેં શો છોડ્યો હતો, અન્ય કેટલીક બાબતો પણ હતી અને મારે એના પર ધ્યાન આપવાનું હતું. જીવનમાં આગળ વધવાનું હતું અને બીજાં કારણો પણ હતાં. જોકે એ આ અંગે વાત કરવા માગતો નથી.'

### 'અચાનક પોતાની વાતથી ફરી ગયો'

જેનિફરે વધુમાં કહ્યું હતું, 'અચાનક 9 જૂન, 2023માં ગુરુચરણે મને ફોન કરીને મળવા બોલાવી. તેણે મને કહ્યું કે અસિત મોદીએ તેનાં સાડાત્રણ વર્ષના બાકી પૈસા આપી દીધા છે. મને તેની વાત પરથી જ ખ્યાલ આવી ગયો કે હવે તે મારા માટે જુબાની આપશે નહીં. તેણે મને એવું પણ કહ્યું કે તે મારી ને અસિત વચ્ચે સમાધાન કરાવી શકે છે. મને ગુરુચરણની વાતો સાંભળીને આંચકો લાગ્યો.

**જેનિફરના સમર્થનમાં કોર્ટમાં જુબાની આપવાનો હતો :** જેનિફરે સિરિયલના પ્રોડ્યુસર અસિત મોદી વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ કર્યો હતો. જેનિફરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'ગુરુચરણે જ સિંગાપોરમાં અસિત મોદીના ખરાબ વર્તનથી મને બચાવી હતી. અસિત મોદીએ જ્યારે મારી સાથે ફ્લર્ટ ને ટચ કરવાની ટ્રાય કરી ત્યારે ગુરુચરણ જ વચ્ચે આવ્યો હતો અને અસિત મોદીને દૂર રહેવાની ચીમકી આપી હતી. તેને અસિત મોદીની હરકતોની જાણ હતી. મે, 2023માં ગુરુચરણે મને આશ્વાસન આપ્યું હતું કે તે મીડિયામાં કંઈ નહીં બોલે, પરંતુ કોર્ટમાં જરૂરથી જુબાની આપશે.'

# ધોની પહેલીવાર નંબર-9 પર બેટિંગ કરવા આવ્યો હરભજન ભડક્યો

## ધોનીએ રમવું જ ન જોઈએ..., ક્રિકેટ છોડવાની આપી સલાહ

એજન્સી પંજાબ તા 06

પંજાબ કિંગ્સ vs ચેન્નાઈ સુપર કિંગ્સ IPL 2024ની 53મી મેચ દરમિયાન કંઈક એવું થયું જે કોઈએ વિચાર્યું પણ નહતું. જ્યારે એમએસ ધોની નંબર-9 પર બેટિંગ કરવા આવ્યા ત્યારે સમગ્ર ક્રિકેટ જગત આશ્ચર્યચકિત થઈ ગયું. ધોનીની T-20 કારકિર્દીમાં આ પહેલી વખત હતું જ્યારે તે આ સ્થિતિમાં બેટિંગ કરવા આવ્યા હોય. આ મેચમાં તેમની પહેલાં મિશેલ સેન્ટનર અને શાર્દુલ ઠાકુર જેવા ખેલાડીઓ બેટિંગ કરવા આવ્યા હતા. ધોનીના આ નિર્ણયથી બધા આશ્ચર્યચકિત અને ગુસ્સે થયા હતા. જ્યારે ટીમને સૌથી વધુ જરૂર હતી, ત્યારે તે આટલા નીચે બેટિંગ કરવા આવ્યા, તેમજ ફેન્સ પણ ધોનીની એક ઝલક મેળવવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. જો કે ધોની 9માં નંબર પર આવીને પણ કંઈ કરી શક્યો ન હતો અને હર્ષલ પટેલના બોલ પર ગોલ્ડન ડક થયો. પૂર્વ ભારતીય ક્રિકેટર હરભજન સિંહ ધોનીના 9માં નંબર પર બેટિંગ કરવાના નિર્ણયથી ગુસ્સે થયા અને તેણે ધોનીને ક્રિકેટ છોડવાની સલાહ આપી હતી. હરભજને અગાઉ પણ ધોનીને લઈને નિવેદન આપવાને લઈને ચર્ચામાં આવ્યો છે. હરભજન સિંહે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું, 'જો એમએસ ધોની 9માં નંબર પર બેટિંગ કરવા માગતો હોય તો તેમણે ના રમવું જોઈએ. તેમના કરતા પ્લેઈંગ ઈલેવનમાં ફાસ્ટ બોલરને સામેલ કરવું વધુ સારું છે. તે નિર્ણય લેનાર છે અને તેમણે પહેલા બેટિંગ ન કરવા આવીને ટીમને નિરાશ કરી છે.' શાર્દુલ ઠાકુ પહેલા બેટિંગ કરવા આવ્યા. ઠાકુર ક્યારે પણ ધોની જેવા શોટ ન મારી શકે અને મને સમજાતું નથી કે ધોનીએ આ ભૂલ કેમ કરી? તે હું માનવા તૈયાર નથી કે ધોનીને નીચેના ક્રમમાં બેટિંગ માટે મોકલવાનો નિર્ણય કોઈ અન્ય વ્યક્તિએ લીધો હોય. પૂર્વ ભારતીય સ્પિનરે આગળ કહ્યું, 'CSKને ઝડપથી રન બનાવવાની જરૂર હતી અને ધોનીએ અગાઉની મેચમાં તે કર્યું છે. તે આશ્ચર્યજનક હતું કે તે પંજાબ કિંગ્સ સામેની મહત્વપૂર્ણ મેચમાં બેટિંગ કરવા ઉતર્યા હતા. CSK જીતે તો પણ હું ટીકા કરીશ. લોકોને જે કહેવું હોય તે કહેવા દો. હું તો જે સાચું છે તે જ કહીશ.



**રાહુલ ચહરે 2 બોલમાં 2 વિકેટ ઝડપી હતી :** પંજાબના સ્પિનર રાહુલ ચહરે સતત 2 બોલમાં 2 વિકેટ લીધી હતી. ચહરે 8મી ઓવરમાં પોતાનો સ્પેલ શરૂ કર્યો હતો. સ્પેલના પહેલા જ બોલ પર ઋતુરાજ ગાયકવાડ કોટ બિહાઈન્ડ થયો. વિકેટકીપર જીતેશ શર્માએ તેનો કેચ પકડ્યો ત્યાર બાદ શિવમ દુબે ઓવરના બીજા જ બોલ પર આઉટ થયો હતો. ચહરે તેને ગુગલી ફેંક્યો હતો. બોલ શિવમના બેટ પર વાગ્યો અને સીધો જિતેશના હાથમાં આવ્યો. રાહુલ ચહરે મેચમાં કુલ 3 વિકેટ લીધી હતી.

**ધોનીએ શાનદાર કેચ પકડ્યો :** સીએસકેના વિકેટકીપર એમએસ ધોનીએ વિકેટ પાછળ શાનદાર કેચ લીધો અને જીતેશ શર્માને પેવેલિયન પરત મોકલ્યો. 10મી ઓવરમાં સિમરજીતે એક શોર્ટ બોલ ઓફ-સ્ટમ્પ તરફ ફેંક્યો. જીતેશે બેક-ફૂટ પર શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલનો બાઉન્સ વધુ હતો અને તે બેટની બહારની કિનારે અથડાયો. સ્ટમ્પની પાછળ ઊભેલા ધોનીએ હવામાં કૂદકો માર્યો અને કેચ કર્યો હતો. એમએસ ધોનીએ આઈપીએલમાં પોતાના 150 કેચ પૂરા કર્યા.

**દેશપાંડેએ એક ઓવરમાં બે બોલ્ડ કર્યા :** બીજી વિકેટ 5માં બોલ પર પડી. રાઈલી રુસો લેગ સાઈડ પર ફેંકવામાં આવેલ લેન્થ બોલને સમજી શક્યો નહીં અને બોલ સ્વિંગ થઈને સીધો ઓફ સ્ટમ્પ તરફ ગયો. રાઈલી રુસોએ આ સિઝનમાં 5 મેચમાં માત્ર 79 રન બનાવ્યા છે. પંજાબની ઈનિંગ્સની 19મી ઓવરમાં કગિસો રબાડાનો બોલ સીધો અમ્પાયર પાસે ગયો હતો.

# ધોની ગોલ્ડન ડક થયો, દેશપાંડેએ એક ઓવરમાં બે બોલ્ડ કર્યા; મેચ મોમેન્ટ્સ

એજન્સી પંજાબ તા 06

IPL-2024ની 53મી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સે પંજાબ કિંગ્સને 28 રનથી હરાવ્યું. રવિવારે ધર્મશાલા મેદાનમાં પંજાબે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ચેન્નઈએ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 167 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબની ટીમ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 139 રન બનાવી શકી હતી. CSKનો વિકેટકીપર અને પૂર્વ કેપ્ટન એમએસ ધોની મેચમાં પોતાનું ખાતું ખોલાવી શક્યો ન હતો. તે હર્ષલ પટેલના બોલ પર ગોલ્ડન ડક થયો. બીજી તરફ ચેન્નાઈએ શાનદાર બોલિંગ કરી હતી. ટીમના ઝડપી બોલર તુષાર દેશપાંડેએ પંજાબની ઈનિંગની બીજી ઓવરમાં 2 વિદેશી ખેલાડીઓને આઉટ કર્યા હતા. ધોની ભલે બેટથી કંઈ ખાસ કરી શક્યો ન હતો, પરંતુ તેણે વિકેટ કીપિંગ કરતા જીતેશ શર્માનો શાનદાર કેચ ઝડપ્યો હતો. મેચ મોમેન્ટ્સ.... મેચ દરમિયાન શાર્દુલ ઠાકુરનો કેચ શશાંક સિંહે છોડ્યો હતો. 17મી ઓવરના ત્રીજા બોલ પર સેમ કરને લેગ સ્ટમ્પ તરફ શાર્દુલને લેન્થ બોલ ઉભો હતો. જો કે, બોલ તેના હાથમાંથી સરકી ગયો અને સિક્સર માટે બાઉન્ડ્રી રોપની બહાર ગયો. ત્યારે શાર્દુલ 10 રન પર બેટિંગ કરી રહ્યો હતો. કગિસો રબાડાએ ડાઈવિંગ કેચ કર્યો કાગીસો રબાડાએ શાનદાર કેચ લીધો હતો. અર્શદીપ સિંહે બીજી ઓવરના 5માં બોલ પર અજિંક્ય રહાણેની વિકેટ લીધી હતી. રહાણેએ આ બોલ પર મિડ-વિકેટ તરફ શોટ રમ્યો હતો. ત્યાં ફિલ્ડિંગ કરી રહેલા કાગિસો રબાડાએ એક શાનદાર ઝડપી ડાઈવિંગ કેચ ઝડપી લીધો હતો. 19મી ઓવરના ચોથા બોલ પર શાર્દુલ ઠાકુરની વિકેટ બાદ એમએસ ધોની બેટિંગ કરવા આવ્યો હતો. હર્ષલ પટેલે સ્લોઅર યોર્કર ફેંક્યો હતો. ધોની તેને પીક કરી શક્યો નહીં, તેણે વિચાર્યું કે તે ફુલ ટોસ હશે. બોલ અંદર આવ્યો અને સીધો સ્ટમ્પ પર પડ્યો. ધોનીએ કોઈ રન બનાવ્યા વગર જ પેવેલિયન પરત ફરવું પડ્યું હતું.તુષાર દેશપાંડેએ પોતાના સ્પેલની પહેલી જ ઓવરમાં 2 વિકેટ ઝડપી હતી. બંને વિકેટ બોલ્ડ કરીને લીધી હતી. પહેલી વિકેટ જોની બેયરસ્ટોની પડી. દેશપાંડેએ ઓવરના ત્રીજા બોલ પર લેન્થ બોલ ફેંક્યો.

## જાડેજાના જાદુ સામે પંજાબ કિંગ્સની શરણાગતિ

બાપુનો ઓલરાઉન્ડ શો, 43 રન બનાવ્યા અને 3 વિકેટ પણ લીધી; CSKએ ગત મેચનો બદલો લીધો ચેન્નઈ સુપર કિંગ્સે IPL-2024ના પ્લેઑફ માટે પોતાની આશા મજબૂત કરી છે. ટીમે વર્તમાન સિઝનની 53મી મેચમાં પંજાબ કિંગ્સને 28 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે CSK પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને આવી ગઈ છે. ચેન્નઈના 11 મેચ બાદ 12 પોઈન્ટ છે. આ જીત સાથે CSKની ટીમ ત્રીજા નંબરે આવી ગઈ છે. રવિવારે ધર્મશાલા મેદાનમાં પંજાબે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ચેન્નઈએ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 167 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબની ટીમ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 139 રન બનાવી શકી હતી. રવીન્દ્ર જાડેજાએ ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું હતું. તેણે 26 બોલમાં 43 રનની ઈનિંગ રમી હતી. આટલું જ નહીં તેણે 3 વિકેટ પણ લીધી હતી. ચેન્નઈ તરફથી રવીન્દ્ર જાડેજાએ સૌથી વધુ 43 રન બનાવ્યા હતા. CSKનો પૂર્વ કેપ્ટન એમએસ ધોની પહેલા જ બોલ પર બોલ્ડ થયો હતો. તેને હર્ષલ પટેલે આઉટ કર્યો હતો. ઋતુરાજ ગાયકવાડે 32 અને ડેરીલ મિચેલે 30 રન બનાવ્યા હતા. મોઈન અલી અને શાર્દૂલ ઠાકુરે 17-17 રનનું યોગદાન આપ્યું હતું. પંજાબ તરફથી રાહુલ ચહર અને હર્ષલ પટેલે 3-3 વિકેટ લીધી હતી. ટાર્ગેટને ચેઝ કરતી વખતે પંજાબ તરફથી ઓપનર પ્રભસિમરન સિંહે સૌથી વધુ 30 રન બનાવ્યા હતા. તેના સિવાય શશાંક સિંહે 27 રનની ઈનિંગ રમી હતી. ચેન્નઈ તરફથી રવીન્દ્ર જાડેજાએ 3 વિકેટ લીધી હતી. તુષાર દેશપાંડે અને સિમરજીત સિંહે 2-2 વિકેટ લીધી હતી. શાર્દૂલ ઠાકુર અને મિચેલ સેન્ટનરને 1-1 વિકેટ મળી હતી.

# એન્ટી ડોપિંગ એજન્સીએ રેસલર બજરંગને સસ્પેન્ડ



એજન્સી નવી દિલ્હી તા 06

નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)એ કુસ્તીબાજ બજરંગ પુનિયાને અનિશ્ચિત સમય માટે સસ્પેન્ડ કરી દીધો છે. બજરંગ પુનિયાએ ડોપ ટેસ્ટ માટે પોતાના સેમ્પલ આપ્યા નહોતા, જેના પછી NADAએ આ કાર્યવાહી કરી છે. 10 માર્ચે, ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવા માટે એશિયન ક્વોલિફાયર્સના નેશનલ ટ્રાયલ્સ દરમિયાન, નાડાએ બજરંગને તેના સેમ્પલ આપવા કહ્યું હતું. પરંતુ, બજરંગે સેમ્પલ આપવાનો ઈન્કાર કર્યો હતો. NADAએ વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી (WADA)ને જણાવવું પડ્યું કે એક એથ્લેટે પોતાનો સેમ્પલ કેમ સબમિટ ન કર્યો. 23 એપ્રિલે NADAએ બજરંગને નોટિસ આપી હતી અને 7 મે સુધીમાં જવાબ આપવા કહ્યું હતું. બજરંગે હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી અને તેથી તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

બજરંગ પુનિયાએ પોસ્ટ કરીને આનો જવાબ આપ્યો. તેણે લખ્યું- મેં ક્યારેય NADA અધિકારીઓને સેમ્પલ આપવાનો ઈનકાર કર્યો નથી, તેઓએ મને પહેલા મારા સેમ્પલ લેવા માટે એક્સપાયર્ડ કીટ આપી હતી.

# કોલકાતાએ સિઝનમાં બીજી વખત લખનઉને હરાવ્યું

કોલકત્તા તા 06

કોલકાતા નાઈટ રાઈડર્સે IPL-2024માં લખનઉ સુપર જાયન્ટ્સ સામે બીજી જીત મેળવી છે. ટીમે વર્તમાન સિઝનની 54મી મેચમાં લખનઉને 98 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે KKR પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. કોલકાતાના 16 પોઈન્ટ છે. ટીમ પ્લેઑફમાં સ્થાન મેળવવાથી માત્ર એક જીત દૂર છે.

લખનઉએ રવિવારે હોમ ગ્રાઉન્ડ ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી (એકાના) સ્ટેડિયમમાં ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું. કોલકાતાએ 20 ઓવરમાં 6 વિકેટે 235 રન બનાવ્યા હતા. ટીમે સિઝનમાં છઠ્ઠી વખત 200+ રન બનાવ્યા છે. આ ઉપરાંત એકાના સ્ટેડિયમમાં પ્રથમ વખત 200થી વધુ રનનો સ્કોર બન્યો છે. જવાબમાં લખનઉની ટીમ 16.1 ઓવરમાં 137 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણાએ 3-3 વિકેટ લીધી હતી. આન્દ્રે રસેલને 2-2 વિકેટ મળી હતી. મિચેલ સ્ટાર્ક અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી. લખનઉના માર્કસ સ્ટોઈનિસે સૌથી વધુ 36 રન બનાવ્યા હતા. કેપ્ટન કેએલ રાહુલે 25 રનની ઈનિંગ રમી હતી. કોલકાતાએ બિશ્નોઈની વિકેટ સાથે 98 રનથી જીત મેળવી 17મી ઓવર લઈને આવેલા હર્ષિત રાણાએ રવિ બિશ્નોઈને LBW આઉટ કર્યો. આ વિકેટ સાથે કોલકાતાએ આ મેચ 98 રને જીતી લીધી છે. સૌથી મોટી હાર છે. બીજી તરફ કોલકાતાએ સતત ત્રીજી મેચ જીતી લીધી છે.



# રમનદીપ સિંહે હવામાં ડાઈવિંગ કરી પકડ્યો જાદુઈ કેચ!

IPLની 17મી સિઝનની 54મી મેચ લખનઉ સુપર જાયન્ટ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાઈ હતી. લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં KKRએ પ્રથમ બેટિંગ કરીને 235/6 રન બનાવ્યા હતા. જ્યારે કેએલ રાહુલની ટીમ ટાર્ગેટનો પીછો કરવા મેદાનમાં ઉતરી ત્યારે કેકેઆરના યુવા ખેલાડી રમનદીપ સિંહે ફિલ્ડિંગ દરમિયાન શાનદાર કેચ લઈને ચાહકોના દિલ જીતી લીધા હતા. IPL 2024ની કોલકાતા લખનૌની મેચમાં વાસ્તવમાં, મિશેલ સ્ટાર્કે KKR માટે લખનૌની ઈનિંગની બીજી ઓવર ફેંકી હતી. અર્શિને ઓવરના છેલ્લા બોલને લેગ સાઈડ પર ફ્લિક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ બેટની બહારની કિનારી લઈને ડીપ બેકવર્ડ પોઈન્ટ તરફ હવામાં ગયો.આ દરમિયાન કવર પર ફિલ્ડિંગ કરી રહેલા રમનદીપ સિંહની નજર બોલ પર હતી, તે પાછળની તરફ દોડતી વખતે ઝડપથી બોલ તરફ ગયો અને આગળ ડાઈવ કરીને અને સ્લાઈડ કરીને એક ઉત્તમ કેચ લીધો. તેનો જબરદસ્ત કેચ જોઈને સ્ટેડિયમમાં હાજર પ્રશંસકો તેમજ તેના સાથી ખેલાડીઓ પણ દંગ રહી ગયા હતા. રમનદીપ સિંહના આ શાનદાર કેચને ચાહકો ટૂર્નામેન્ટનો કેચ ગણાવી રહ્યા છે.નોંધનીય છે કે આ મેચમાં રમનદીપ સિંહે શાનદાર ફિલ્ડિંગની સાથે સાથે તેની ઘાતક બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. તેણે છેલ્લી ઓવરોમાં માત્ર 6 બોલનો સામનો કર્યો અને અણનમ 25 રન બનાવ્યા, જેમાં એક ફોર અને ત્રણ સિક્સરનો સમાવેશ થા છે.તેના સિવાય સુનિલ નારાયણે પણ ટીમને 200થી ઉપરનો લક્ષ્યાંક આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.



# બેટરે ફટકાર્યો શોટ, બોલરને પ્રાઈવેટ પાર્ટ પર બોલ વાગ્યો

મહારાષ્ટ્રના પુણેમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ક્રિકેટ રમતા 11 વર્ષના બાળકનું મૃત્યુ થઈ ગયું હતું. ખરેખર તો પુણેના લોહગાંવમાં ક્રિકેટ રમતી વખતે બાળકના પ્રાઈવેટ પાર્ટ પર બોલ વાગ્યો હતો જેના કારણે તેનું મોત થઈ ગયું. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ

બાળકના મૃત્યુ બાદ ખળભળાટ મચી ગયો હતો. મૃતક છોકરાની ઓળખ શૌર્ય ઉર્ફે શંભુ કાલિદાસ ખાંડવે તરીકે થઈ છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. આ દુર્ઘટના ગુરુવારે સર્જાઈ હતી. રિપોર્ટ અનુસાર શૌર્ય અન્ય મિત્રો સાથે ક્રિકેટ પ્રેક્ટિસ કરી રહ્યો હતો. શું હતી ઘટના? માહિતી મુજબ શૌર્ય બોલિંગ કરી રહ્યો હતો અને એક બાળક બેટિંગ કરી રહ્યો હતો. શૌર્યએ બોલ ફેંકતાની સાથે જ બેટ્સમેને બોલ સીધો શૌર્યની દિશામાં માર્યો અને તે તેના પ્રાઈવેટ પાર્ટને જોરથી વાગ્યો. જેના પછી થોડી વારમાં શૌર્ય જમીન પર ઢળી પડ્યો. ત્યારે અન્ય ખેલાડીઓ અને તેના મિત્રો તેની તરફ દોડી આવ્યા હતા. પહેલા તો મિત્રોને કંઈ ખબર ન પડી એટલે તેઓએ ક્રિકેટ રમતા અન્ય છોકરાઓને બોલાવીને શૌર્યને જોવા કહ્યું.

# મુંબઈ હાર્દિક અને કોચ સામે એક્શન લેવા જોઈએ...:

IPL 2024: મુંબઈ ઈન્ડિયન્સ IPL 2024થી બહાર થનારી પહેલી ટીમ છે. મુંબઈ ઈન્ડિયન્સ 3 મે, શુક્રવારે કોલકતા સામે હારી ગઈ હતી, અને આ હારની સાથે જ તેઓ IPL 2024માંથી બહાર આવી ગયા હતા. આ મેચમાં મોટાભાગનો સમય સુધી મુંબઈના કંટ્રોલમાં હતો. પરંતુ કેટલીક ભૂલોના અને બેટ્સમેનોની નિષ્ફળતાને કારણે આ ટીમ હારી ગઈ હતી. આ હાર પછી પૂર્વ ઓપનર વિરેન્દ્ર સહવાગે આ લોકોને ઘણું સંભળાવ્યું છે. મેચમાં સાત અને આઠમાં નંબર પર બેટિંગ કરતા હાર્દિક પંડ્યા અને ટિમ ડેવિડથી પણ સેહવાગ નારાજ છે. ક્રિકબઝ સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, કેકેઆરએ આન્દ્રે રસેલને બચાવી રાખ્યો હતો. તે માત્ર બે બોલ રમ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિક પંડ્યા અને ટિમ ડેવિડને બચાવ્યા હતા. તેનાથી તમને શું મળ્યું? ઘણા બોલ બાકી હતા અને તે ઓલઆઉટ થઈ ગયો. તમે પહેલા આવી શકતા હતા અને કદાચ એ પહેલા ગેમ પૂરી થઈ શકતી હતી. મને ખબર જ નથી કે, ચેન્જ કર્યા પછી તેમને શું થઈ જાય છે હાર્દિક પંડ્યા સાત અને ટિમ ડેવિડ આઠ રન પર છે. મને ખબર જ ન પડી તેમણે શું કર્યુ. આ બધા ખેલાડીઓ એટલા ખરાબ છે કે, જો પહેલા બેટિંગ કરશે તો આઉટ થઈ જશે? તે મુંબઈ માટે ખૂબ ઓછો રમે છે સેહવાગને હાર્દિક પર એટલા માટે ગુસ્સો આવે છે.



# મહિલા T20 વર્લ્ડ કપનું શેડ્યુલ જાહેર

ICC Women's T20 World Cup Schedule 2024 : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મહિલા ટી20 વર્લ્ડ કપનું શેડ્યુલ જાહેર કરી દીધું છે. આ વખતે મહિલા ટી20 વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં રમાવાનો છે. આ વર્લ્ડ કપમાં શરૂઆતી મુકાબલો 3 ઓક્ટોબરે ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. ત્યારે છ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ પોતાની મેચની શરૂઆત ક્વોલિફાયર-1 સામે કરશે. ભારતના ગ્રૂપમાં પાકિસ્તાન અને ક્વોલિફાયર-1 સાથે રખાયું છે. ત્યારે ગ્રૂપ-બીમાં સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, વેસ્ટઈન્ડિઝ, બાંગ્લાદેશ અને ક્વોલિફાયર-2 છે. ઓસ્ટ્રેલિયાએ ગત વર્ષ કેપ ટાઉનમાં યજમાન સાઉથ આફ્રિકાને હરાવીને રેકોર્ડ છઠ્ઠી વખત ખિતાબ જીત્યો હતો. ભારતીય ટીમનું શ્રેષ્ઠ પ્રદર્શન 2020માં રહ્યું હતું.

# છેલ્લી વખત જોઈ લો જલવો!:ફરી ક્યારેય મેદાનમાં નહીં દેખાય આ દિગ્ગજ પ્લેયર્સ

એક દિવસ તો એવો આવે જ છે, જ્યારે દરેક ક્રિકેટરે મેદાનને અલવિદા કહેવું પડે છે. પોતાના મનગમતા ક્રિકેટરોને મેદાન છોડીને જતા જોઈને ફેન્સ નિરાશ થઈ જાય છે. તાજેતરમાં ઘણા એવા દિગ્ગજ ભારતીય ક્રિકેટરો છે જેઓ આ અંતિમ પડાવ પર પહોંચ્યા છે. એવું લાગી રહ્યું છે કે હાલમાં ચાલી રહેલી IPL ટૂર્નામેન્ટ તેમની કારકિર્દીની છેલ્લી સિઝન હોઈ શકે છે. આવામાં આપણે એવા 5 દિગ્ગજ ખેલાડીઓની વાત કરીએ જેમની IPL 2024ની સિઝન તેમના કરિયરની છેલ્લી IPL સિઝન હોઈ શકે છે...


### મહેન્દ્ર સિંહ ધોની

ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની વર્તમાન ઉંમર 42 વર્ષ અને 302 દિવસ છે. આગામી સિઝન સુધીમાં તે 43 વર્ષના થઈ જશે. આટલું જ નહીં ધોની ઓર્થોડોક્સની સમસ્યાથી પણ પરેશાન છે. આ જ કારણ છે કે તેમને ઘણી વખત પગની સર્જરી કરાવવી પડી છે. વધતી ઉંમર અને ફિટનેસની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને, એવું અનુમાન લગાવી શકાય છે કે ચાલુ IPLની સિઝન તેમની કારકિર્દીની છેલ્લી IPL બની શકે છે.



### લેગ સ્પિનર અમિત મિશ્રા

લખનઉ સુપર જાયન્ટ્સના અનુભવી લેગ સ્પિનર અમિત મિશ્રા પણ ધોનીની રાહ પર જ છે. મિશ્રાની હાલની ઉંમર 41 વર્ષ છે. આગામી સિઝન સુધીમાં તે 42 વર્ષના થઈ જશે. ચાલુ સિઝનમાં તેમને અત્યાર સુધી ખૂબ ઓછી મેચ રમવાની તક મળી છે. પરંતુ જ્યારે તક મળી છે ત્યારે પણ કંઈ ખાસ અસરકારક નથી રહ્યા. આ સિવાય તેમને ફિટનેસની પણ સમસ્યા છે. મિશ્રાની વધતી ઉંમર અને ફિટનેસને જોતા તે આગામી સમયમાં મેદાનમાં જોવા મળે તેવી શક્યતા ઓછી છે.



**દિનેશ કાર્તિક :** રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના વિકેટકીપર બેટર દિનેશ કાર્તિક ચોક્કસપણે મેદાનમાં ખૂબ જ ફિટ દેખાય છે. પણ તેમની પણ ઉંમર વધુ કહી શકાય તેટલી છે. કાર્તિક હાલમાં 38 વર્ષના છે. આગામી સિઝન સુધીમાં તે 39 વર્ષના થઈ જશે. આવી સ્થિતિમાં, આગામી સમયમાં ભાગ્યે જ કોઈ ટીમ તેમનામાં રસ બતાવશે.

**ઈશાંત શર્મા :** દિલ્હી કેપિટલ્સના અનુભવી ઝડપી બોલર ઈશાંત શર્મા પણ આ ખાસ લિસ્ટમાં આવે છે. ઈશાંત શર્માની હાલની ઉંમર 35 વર્ષ છે. આવતા વર્ષ સુધીમાં તે 36 વર્ષના થઈ જશે. શર્મા સાથે ફિટનેસની સમસ્યા હોવાનું જણાય છે. આ સિવાય તે ફાસ્ટ બોલર છે. 36 વર્ષની ઉંમરે ફાસ્ટ બોલિંગ કરવી ખૂબ મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં, આગામી સમયમાં ભાગ્યે જ કોઈ ટીમ તેમનામાં રસ બતાવશે.

**રિદ્ધિમાન સાહા :** ગુજરાત ટાઈટન્સના વિકેટકીપર બેટર રિદ્ધિમાન સાહાની પણ ઉંમર ઘણી છે. હાલમાં તેમની ઉંમર 39 વર્ષની છે. આગામી સિઝન સુધીમાં તે 40 વર્ષના થઈ જશે. સાહા પહેલા જ ટીમ ઈન્ડિયામાંથી સંન્યાસ લઈ ચૂક્યા છે. તે હાલ ઘરેલુ ક્રિકેટમાં પણ ભાગ લેતા નથી. આવી સ્થિતિમાં, તે આગામી IPLમાં જોવા મળે તેવી શક્યતા ઓછી છે.

# બ્રાઝિલમાં ભારે વરસાદ અને પૂરના કારણે 58નાં મોત:અનેક પુલ તૂટ્યા, 70 હજાર લોકો બેઘર

બ્રાઝિલ તા 06

બ્રાઝિલના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ છે. રાજ્ય સંરક્ષણ એજન્સીના જણાવ્યા અનુસાર પૂરને કારણે અત્યાર સુધીમાં 58 લોકોનાં મોત થયા છે. જ્યારે 74થી વધુ લોકો ઘાયલ થયા છે. પૂરના કારણે 70 હજારથી વધુ લોકોને તેમના ઘર છોડવા પડ્યા હતા. આ સિવાય 67 લોકો ગુમ થયાના અહેવાલ છે. બ્રાઝિલના રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યનું પોર્ટો એલેગ્રે શહેર પૂરને કારણે સૌથી વધુ પ્રભાવિત થયું છે. સોમવાર (28 એપ્રિલ) થી રિયો ગ્રાન્ડે દો સુલ સાથે અથડાતા વાવાઝોડાથી 300 નગરપાલિકાઓ પ્રભાવિત થઈ છે.



આબોહવા પરિવર્તન માટે જવાબદાર ગણાય છે્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાએ પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી છે અને કેન્દ્ર સરકાર તરફથી મદદનું વચન આપ્યું છે. તેમણે પૂર અને વરસાદ માટે હવામાન પરિવર્તનને પણ જવાબદાર ગણાવ્યું છે. બ્રાઝિલના હવામાન વિભાગે પણ કહ્યું છે કે વરસાદની વધતી તીવ્રતા માટે અલ નીનો જવાબદાર છે. નદીઓ રેકોર્ડ સ્તરે વહી રહી છે બ્રાઝિલના રિયો ગ્રાન્ડે દો સુલ રાજ્યમાં વરસાદને કારણે ડેમ તૂટી જવાનો ભય છે. ગુઆબા નદી, જે શહેરમાંથી વહે છે, તે 5.04 મીટરની વિક્રમી ઊંચાઈ પર છે, જે 1941 પછી સૌથી વધુ છે. બચાવ કર્મચારીઓને લોકોને બચાવવામાં મુશ્કેલી પડી રહી છે. વહેતા પાણીને કારણે રસ્તાઓ ધરાશાયી થયા છે અને પુલ ધોવાઈ ગયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર બચાવકર્મીઓ લોકોને સુરક્ષિત સ્થાનો પર લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોર્ટો એલેગ્રે એરપોર્ટે શુક્રવાર 3 મેના રોજ અનિશ્ચિત સમય માટે ફ્લાઈટ્સ સ્થગિત કરી. હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.શહેરમાં ભારે વરસાદને કારણે 3થી વધુ હાઈડ્રો પ્લાન્ટ બંધ થઈ ગયા છે. જેના કારણે શહેરમાં પીવાના પાણીની અછત સર્જાઈ છે.

5 લાખ લોકોને પીવાનું પાણી મળતું નથી. રિયો ગ્રાન્ડે ડુ સુલ ગવર્નર એડ્યુઆર્ડો લેઈટે જણાવ્યું હતું કે તેમના રાજ્યને આપત્તિ પછી પુનઃનિર્માણ માટે મોટા પ્રમાણમાં રોકાણના 'માર્શલ પ્લાન' ની જરૂર પડશે. આપણે આજ સુધી આવી સ્થિતિ ક્યારેય જોઈ નથી. દેશમાં અત્યાર સુધીની આ સૌથી ખરાબ સ્થિતિ છે.

ન્યૂઝ ફ્લેશ

## સાડી પરંપરાની ન્યુયોર્કના ટાઈમ્સ સ્ક્વેર પર દુનિયાભરની 500થી વધુ મહિલાએ ભાગ લીધો

ન્યુ યોર્ક: ન્યુ યોર્ક સિટીમાં ટાઈમ્સ સ્ક્વેરમાં 'સારી ગોઝ ગ્લોબલ' કાર્યક્રમમાં સાડીના પોષાકની કાલાતીત ભવ્યતા, હેરિટેજ અને સાંસ્કૃતિક વૈવિધ્યતા પ્રદર્શિત કરવામાં આવી હતી. ભારતીય-અમેરિકી સમુદાય તેમજ બાંગલાદેશ, નેપાળ, યુકે, યુએસએ, યુએઈ, યુગાન્ડા, ટ્રિનિડાડ અને ગુયાનાની પાંચસોથી વધુ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન બ્રિટિશ વુમેન ઈન સારીઝ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્રોતો દ્વારા કન્યાઓ, યુવતીઓ અને મહિલાઓના સશક્તિકરણમાં કાર્યરત અન્ય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કરાયું હતું. અગાઉ લંડનમાં ટ્રાફલગર સ્ક્વેર ખાતે ઐતિહાસીક સાડી વોકેથોન અને રોયલ એસ્ટોક લેડીઝ જેવા વૈશ્વિક કાર્યક્રમોની સફળતાથી પ્રેરાયેલા આ કાર્યક્રમનો હેતુ સાંસ્કૃતિક વૈવિધ્યતાની ઉજવણી ઉપરાંત ગ્રામીણ ભારતના કારીગરોને ટેકો આપવા અને પરંપરાગત કારીગરીને જાળવવાનો પણ હતો. કાર્યક્રમમાં સાડીને સમગ્ર વિશ્વની મહિલાઓની એકતા અને સશક્તિકરણના પ્રતીક તરીકે ગણાવવામાં આવી હતી. તેમણે વૈશ્વિક સ્તરે આ પોષાકને પ્રોત્સાહન આપવાની હાકલ કરી હતી. ન્યુ યોર્ક શહેરના આંતરરાષ્ટ્રીય બાબતોના ડેપ્યુટી કમિશનર દિલિપ ચૌહાણે આયોજકોના સંચાલકોનું બહુમાન કર્યું હતું અને આદાનપ્રદાન અને વૈશ્વિક સમુદાયનો જણાવ્યું કે સાડી તેની વૈવિધ્યતા અને ચેરિટીની પ્રતિનિધિ ડો. જેસિકા સિમ્સએ સાંસ્કૃતિક વૈવિધ્યતાને પ્રોત્સાહન આપવામાં સાડીના મહત્વને બિરદાવ્યું હતું.

## વ્હાઈટ હાઉસના ઝાંપાના દરવાજા સાથે મોટર ભટકાવી : ડ્રાઈવરનું સ્થળ પર જ મૃત્યુ

સિક્યુરીટી પ્રોટોકોલ અમલી હોવા છતાં આ બન્યું, જોકે વ્હાઈટ હાઉસને તો કોઈ નુકસાન થયું નથી રાત્રે સાડા દસે ડ્રાઈવરની ઓળખ નથી થઈ વોશિંગ્ટન: શનિવારે રાત્રે ૧૦.૩૦ કલાકે પ્રમુખનાં સત્તાવાર નિવાસ સ્થાન 'વ્હાઈટ હાઉસ'ના બહારનાં પ્રવેશદ્વારના (ઝાંપા)ના દરવાજા સાથે અચાનક મોટર ભટકાતાં હડકંપ મચી ગઈ હતી. સિક્યુરીટીનો સ્પષ્ટ પ્રોટોકોલ અમલી હોવા છતાં આ ઘટના બનતા થોડી અફડા-તફડી તો થાય જ તે સહજ છે. પરંતુ પ્રમુખના નિવાસ સ્થાન વ્હાઈટ હાઉસને કોઈ નુકસાન થાય તેમ ન હતું કારણ કે તે તો બહારના ઝાંપાથી ઘણું દૂર છે. આમ છતાં સલામતી પ્રોટોકોલ તૂટયો તે યોગ્ય તો કહેવાય જ નહીં તેમ પોલીસે અધિકારીઓનું પણ કહેવું છે. મોટર એક પુરૂષ ચલાવતો હતો. તેની ઓળખ હજી થઈ શકી નથી. જોકે આ ઘટના પાછળ કોઈ રાજકીય દ્રષ્ટિકોણ હોવાની વાત જ પોલીસે મૂળમાંથી દૂર કરી નાખી હતી, અને સ્પષ્ટતઃ જણાવ્યું હતું કે, આ વાસ્તવમાં અન્ય ટ્રાફિક ઘટના જેવી જ એક ઘટના છે. વોશિંગ્ટન મેટ્રોપોલિટન પોલીસ ડીપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે ફીફીન્ય સ્ટ્રીટ અને પેન્સીલવાનિયા એવન્યુ (NW) ના ઈન્ટર સેકશન ઉપરની સિક્યુરીટી બેરિયર તોડી મોટર સીધી વ્હાઈટ હાઉસના ઝાંપા સાથે અથડાઈ હતી. સિક્યુરીટીનો સ્પષ્ટ પ્રોટોકોલ અમલી હોવા છતાં આ ઘટના બનતા થોડી અફડા-તફડી તો થાય જ તે સહજ છે. પરંતુ પ્રમુખના નિવાસ સ્થાન વ્હાઈટ હાઉસને કોઈ નુકસાન થાય તેમ ન હતું કારણ કે તે તો બહારના ઝાંપાથી ઘણું દૂર છે. આમ છતાં સલામતી પ્રોટોકોલ તૂટયો તે યોગ્ય તો કહેવાય જ નહીં તેમ પોલીસે અધિકારીઓનું પણ કહેવું છે.

# બિલાવલ ભુટ્ટો પાકિસ્તાનના વિદેશ મંત્રી બનશે:કહ્યું હતું- જો નવાઝ જીતશે તો હું ફરીથી આ પદ નહીં સંભાળું

એજન્સી ઇસ્લામાબાદ તા 06

પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો વડાપ્રધાન શહબાઝ શરીફની કેબિનેટમાં પરત ફરી શકે છે. પાકિસ્તાની અખબાર 'ધ ટ્રિબ્યુન' અનુસાર ભુટ્ટોને પાકિસ્તાનના વિદેશ મંત્રી બનાવવામાં આવી શકે છે. વાસ્તવમાં ભુટ્ટોની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) અને પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ (PML-N) વચ્ચે સરકાર રચવાનો કરાર અંતિમ સ્વરૂપમાં છે.

અખબારે દાવો કર્યો છે કે બિલાવલ ભુટ્ટો પહેલા વિદેશ મંત્રી બનવા તૈયાર ન હતા. પરંતુ બાદમાં પાર્ટીના નેતાઓએ તેમને આ પદ માટે મનાવી લીધા હતા. હવે PPPના કેબિનેટમાં ઔપચારિક સમાવેશનો સમય નક્કી કરવામાં આવી રહ્યો છે. બિલાવલ ભુટ્ટોએ ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે જો નવાઝ જીતશે તો તેઓ ફરીથી તેમની કેબિનેટમાં વિદેશ મંત્રીનું પદ નહીં સંભાળે. પીપીપીએ પણ હેરાફેરીના આરોપો વચ્ચે ચૂંટણી પછી રચાયેલી સરકારમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો. પરંતુ પીપીપીએ પીએમએલ-એનને બહારથી ટેકો આપ્યો હતો, ત્યારબાદ પીએમએલ-એનના શહેબાઝ શરીફ વડાપ્રધાન બન્યા હતા, જ્યારે પીપીપીના આસિફ અલી ઝરદારીએ રાષ્ટ્રપતિ પદ સંભાળ્યું હતું. બિલાવલ ભુટ્ટોની પાર્ટી પીપીપીનું માનવું છે કે બિલાવલના કાર્યકાળના છેલ્લા 16 મહિના દરમિયાન પાકિસ્તાનની છબી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર રીતે સુધરી હતી. આવી સ્થિતિમાં જો તેઓ વિદેશ મંત્રાલયમાં પાછા ફરે છે તો તેમને અને તેમની પાર્ટીને ફાયદો થશે. જો કે, પીપીપીના કેબિનેટમાં સામેલ થવું કે કેમ તે અંગેનો અંતિમ નિર્ણય પાર્ટીની સેન્ટ્રલ એક્ઝિક્યુટિવ કમિટી દ્વારા લેવામાં આવશે.હાલમાં જ વર્તમાન વિદેશ મંત્રી ઈશાક ડારને પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેથી બિલાવલને વિદેશ મંત્રી બનાવી શકાય. અહેવાલો અનુસાર, ડાર ક્યારેય વિદેશ મંત્રી તરીકે કામ કરવા માંગતા ન હતા. તેને તેનું મનપસંદ નાણા મંત્રાલય જોઈતું હતું. શાહબાદ શરીફ (ડાબે), આસિફ અલી જરાદી (વચ્ચે), બિલાવલ (જમણે). પ્રેસ કોન્ફરન્સમાં પીએમએલ-એન અને પીપીપી વચ્ચે ગઠબંધન સરકારની રચના વિશે માહિતી આપી.જોકે, તેમની મુલાકાત અનેક કારણોસર વિવાદાસ્પદ પણ રહી હતી.પીપીપીએ બજેટ રજૂ કરતા પહેલા સરકારમાં સામેલ થવું જોઈએ અહેવાલો અનુસાર, શહેબાઝ શરીફ પીપીપી ઈચ્છે છે જૂનમાં રજૂ થનાર બજેટ પહેલા કેબિનેટમાં જોડાઓ. જો કે હજુ સુધી આ અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. પરંતુ એ નિશ્ચિત છે કે પીપીપી કેબિનેટનો હિસ્સો બનશે.



## બિલાવલના કાર્યકાળમાં પાકિસ્તાનની છબી સુધરી

બિલાવલ ભુટ્ટોની પાર્ટી પીપીપીનું માનવું છે કે બિલાવલના કાર્યકાળના છેલ્લા 16 મહિના દરમિયાન પાકિસ્તાનની છબી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર રીતે સુધરી હતી. આવી સ્થિતિમાં જો તેઓ વિદેશ મંત્રાલયમાં પાછા ફરે છે તો તેમને અને તેમની પાર્ટીને ફાયદો થશે. જો કે, પીપીપીના કેબિનેટમાં સામેલ થવું કે કેમ તે અંગેનો અંતિમ નિર્ણય પાર્ટીની સેન્ટ્રલ એક્ઝિક્યુટિવ કમિટી દ્વારા લેવામાં આવશે.હાલમાં જ વર્તમાન વિદેશ મંત્રી ઈશાક ડારને પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેથી બિલાવલને વિદેશ મંત્રી બનાવી શકાય. અહેવાલો અનુસાર, ડાર ક્યારેય વિદેશ મંત્રી તરીકે કામ કરવા માંગતા ન હતા. તેને તેનું મનપસંદ નાણા મંત્રાલય જોઈતું હતું.

## વડાપ્રધાન મોદી પર વાંધાજનક ટિપ્પણી કરી હતી

લાવલ ભુટ્ટોએ જ્યારે તેઓ વિદેશ મંત્રી હતા ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વાંધાજનક ટિપ્પણી કરી હતી. આ સિવાય તેઓ સમયાંતરે ભારત અને વડાપ્રધાન મોદી વિશે બોલતા રહે છે. 2023માં, તેઓ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનમાં વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા 12 વર્ષ પછી ભારત પણ આવ્યા હતા. 2011 પછી કોઈપણ પાકિસ્તાની વિદેશ મંત્રીની ભારતની આ પ્રથમ મુલાકાત હતી. જોકે, તેમની મુલાકાત અનેક કારણોસર વિવાદાસ્પદ પણ રહી હતી.પીપીપીએ બજેટ રજૂ કરતા પહેલા સરકારમાં સામેલ થવું જોઈએ અહેવાલો અનુસાર, શહેબાઝ શરીફ પીપીપી ઈચ્છે છે જૂનમાં રજૂ થનાર બજેટ પહેલા કેબિનેટમાં જોડાઓ. જો કે હજુ સુધી આ અંગે કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. પરંતુ એ નિશ્ચિત છે કે પીપીપી કેબિનેટનો હિસ્સો બનશે.શાહબાદ શરીફ (ડાબે), આસિફ અલી જરાદી (વચ્ચે), બિલાવલ (જમણે). પ્રેસ કોન્ફરન્સમાં પીએમએલ-એન અને પીપીપી વચ્ચે ગઠબંધન સરકારની રચના વિશે માહિતી આપી.

# ઓસ્ટ્રેલિયન મહિલા સાંસદને ડ્રગ્સ આપી જાતીય શોષણ કરાયું

સિડની તા 06

સિડની: ઓસ્ટ્રેલિયાની મહિલા સાંસદે દાવો કર્યો છે કે, તેમને નાઈટ આઉટ દરમિયાન ડ્રગ્સ આપવામાં આવ્યું હતું અને તેમની ઉપર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના ૨૭ માર્ચની રાત્રે તેમના મત વિસ્તારમાં ઘટી હતી.

સોશિયલ મીડિયા સાઈટ ઈન્સ્ટાગ્રામમાં પોસ્ટ કરવામાં આવેલા નિવેદનમાં ક્વીન્સલેન્ડના સાંસદ બ્રિટની લૌગાએ કહ્યું કે, ૨૮ એપ્રિલની સવારે તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. જે બાદ તેમના મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. આ ટેસ્ટમાં તેમના શરીરમાંથી ડ્રગ્સ હોવાની માહિતી મળી હતી. તેમણે કહ્યું કે, તેમના શરીરમાં જે દવાઓની હાજરી મળી હતી

તે તેમણે ક્યારેય લીધી નહતી. બ્રિટનીએ કહ્યું કે, તેમણે આ અઠવાડિયા દરમિયાન તેમના શહેરની અન્ય સ્ત્રીઓનો સંપર્ક કર્યો હતો. આ તમામ મહિલાઓને સમાન અનુભવો થયાં હતાં. તેમણે વધુમાં ઉમેર્યું કે, આપણે ડ્રગ્સ કે હુમલાના ડર વિના આપણા શહેરોમાં મુક્ત થઈને ફરી શકવા જોઈએ. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

આ સાથેજ તેમણે કહ્યું કે, આ વિસ્તારમાં અન્ય કોઈ મહિલાએ ફરિયાદ નોંધાવી નથી. ક્વીન્સલેન્ડના હાઉસિંગ મિનિસ્ટર મેગન સ્કેનલોને બ્રિટનીના આરોપોને ચોંકાવનારા અને ભયાનક ગણાવ્યા હતા.

તેમણે કહ્યું કે, બ્રિટની એક સહકર્મી, મિત્ર અને યુવા મહિલા છે અને તેની સાથે બનેલી ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ થવી જરૂરી છે.

આ સાથે જ તેમણે મહિલાઓની સાથે થતી ઘરેલુ હિંસા અને જાતીય હુમલાઓના મામલાઓને સરકાર ગંભીરતાથી લઈ રહી હોવાનું કહ્યું હતું.

## હમાસના આતંકીઓ દ્વારા પેલેસ્ટાઇનની બેન્કમાંથી 580 કરોડ રૂપિયાની લૂંટ

ગાઝા સિટી : ઈઝરાયેલ સાથે યુદ્ધ વચ્ચે હમાસના આતંકીઓએ બેંકો લૂટવાનું શરૂ કરી દીધુ છે. આ દાવો ફ્રાંસના એક અખબાર દ્વારા કરાયો છે. જેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ગયા મહિને બેન્ક ઓફ પેલેસ્ટાઈનમાંથી ૭૦ મિલિયન ડોલર એટલે કે આશરે ૫૮૦ કરોડ રૂપિયા લૂંટીને હથિયારધારી ગેંગ ફરાર થઈ ગઇ હતી, જેમાં હમાસના આતંકીઓ પણ સામેલ હતા. ઈઝરાયેલના હુમલાને પગલે ગાઝામાં ભુખમરો ફાટી ભોજન પણ નથી. આ સ્થિતિ વચ્ચે હમાસ દ્વારા પેલેસ્ટાઈનની બેન્કને લૂંટવામાં આવી હતી. ફ્રાંસના અખબાર લે મોંડેએ પોતાની રિપોર્ટમાં કહ્યું હતું કે બેંક ઓફ પેલેસ્ટાઈનની જુદી જુદી બ્રાંચમાં આ લૂટ ચલાવવામાં આવી હતી. બેંકના દસ્તાવેજોના આધારે આ દાવો અખબારે કર્યો હતો. જેમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે બેંકની તિજોરી સુધી પહોંચવા માટે છતમાં છેદ કરવામાં આવ્યો હતો. જે બેન્કમાં આ લૂંટ ચલાવવામાં આવી તેની સ્થાપના ૧૯૬૦માં કરવામાં આવી હતી અને ગાઝામાં પણ તેની અનેક બ્રાન્ચ આવેલી છે. દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના ટોચના અધિકારી સિંડી મૈક્કેને જણાવ્યું હતું કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધના છ મહિનાથી વધુનો સમય વીતી જવા અને પેલેસ્ટાઈન ક્ષેત્રમાં ખાદ્ય સામગ્રી મોકલવા પર ઈઝરાયેલ દ્વારા પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જેને પગલે હાલ ગાઝામાં ભુખમરો ફાટી નીકળ્યો છે. ઈઝરાયેલના આકરા પ્રતિબંધોને કારણે ઉત્તરી ગાઝાની સ્થિતિ વધુ કફોડી છે.

## ઇઝરાયલમાં અલજઝીરા પર પ્રતિબંધ, ઓફિસ પર પોલીસના દરોડા:કેમેરા-ફોન જપ્ત કર્યા

ઈઝરાયેલ તા 06

ઈઝરાયલમાં પ્રતિબંધ બાદ પોલીસે રવિવારે મોડી સાંજે કતારના મીડિયા હાઉસ અલજઝીરાની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. BBCએ ઈઝરાયલના કોમ્યુનિકેશન મિનિસ્ટર શ્લોમો કરહીના હવાલેથી જણાવ્યું છે કે દરોડામાં અલ જઝીરાના કેમેરા સહિત ઘણી વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ઈઝરાયલમાં અલજઝીરાની ઓફિસ જેરૂસલેમની એમ્બેસેડર હોટલમાં છે. શ્લોમોએ એક વીડિયો શેર કર્યો છે, જેમાં પોલીસ હોટલના રૂમમાં પ્રવેશતી જોવા મળી રહી છે. ઈઝરાયલની કેબિનેટે રવિવારે (5 મે) કતારની ન્યૂઝ ચેનલ અલ જઝીરા પર પ્રતિબંધ મૂક્યો હતો. ઈઝરાયલના બ્રોડકાસ્ટ મંત્રી શ્લોમો કરહીએ આ આદેશને તાત્કાલિક અસરથી લાગુ કર્યો છે. કેબિનેટ અનુસાર, હમાસ યુદ્ધ પર ચેનલના રિપોર્ટિંગથી અસંતોષના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈઝરાયલે અલ જઝીરા પર કતારનું મુખપત્ર હોવાના આરોપ લગાવ્યા છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સોશિયલ મીડિયા સાઈટ X પર એક પોસ્ટમાં કહ્યું કે અમારી સરકારે સર્વસંમતિથી આ નિર્ણય લીધો છે. નેતન્યાહુએ અલ જઝીરાને ઉશ્કેરણીજનક કૃત્ય કરતી ચેનલ ગણાવી હતી. ઈઝરાયલના મીડિયા હાઉસ ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર અલજઝીરા પર યુદ્ધ ભડકાવવાનો અને વિશ્વભરમાં ઈઝરાયલની છબી ખરાબ કરવાનો આરોપ છે. અલજઝીરાની સ્પષ્ટતા - હમાસ સાથે અમારો કોઈ સંબંધ નથી.

# જયશંકરે કહ્યું- PoKને ફરી ભારતનો હિસ્સો બનાવીશું:વિદેશ મંત્રીએ કહ્યું- દેશ આને ભૂલ્યો નથી



વિદેશ મંત્રી એસ જયશંકરે રવિવારે (5 મે) ઓડિશાની મુલાકાત દરમિયાન PoKને ભારતનો એક ભાગ ગણાવ્યો હતો. લોકો પીઓકેને ભૂલી ગયા હતા. પરંતુ, લોકો હવે તેને ફરીથી દેશનો ભાગ બનાવવા માગે છે. ઓડિશાના કટકમાં જયશંકરને પૂછવામાં આવ્યું કે તેઓ ભારતની PoK યોજના વિશે શું વિચારે છે? આના પર તેમણે જવાબ આપ્યો કે PoK ક્યારેય દેશની બહાર નથી રહ્યો, તે ભારતનો એક ભાગ છે. હવે તમે જાણો છો કે કવી રીતે PoK બહારના લોકો (પાકિસ્તાન) દ્વારા નિયંત્રિત હતું. તમે જાણો છો કે બહારના લોકો (પાકિસ્તાન) કેવી રીતે ચોરી કરે છે જ્યારે ઘરની જવાબદારી સંભાળવા માટે કોઈ યોગ્ય વાલી નથી. આમ થયું અને વાલીએ બહારના વ્યક્તિને ઘરમાં પ્રવેશવા દીધો. જયશંકરે કહ્યું કે પાકિસ્તાનની આઝાદીના શરૂઆતના વર્ષોમાં આ વિસ્તારો પર ધ્યાન આપવામાં આવ્યું નહોતું, જેના કારણે અહીં (PoK) સ્થિતિ વધુ ખરાબ થઈ હતી. ભવિષ્યમાં શું થશે? તે કહેવું ખૂબ મુશ્કેલ છે. પરંતુ, હું તમને કહેવા માંગુ છું કે દેશના લોકો પીઓકેને ભૂલ્યા નથી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ 370 પહેલા હટાવી દેવી જોઈતી હતી. 370 પહેલા કાશ્મીરમાં અલગતાવાદ અને આતંકવાદ હતો. વિદેશ મંત્રી આ દિવસોમાં ઓડિશાના પ્રવાસે છે. તેઓ અહીં ભાજપ માટે પ્રચાર કરી રહ્યા છે. તેઓ પાર્ટીના વરિષ્ઠ નેતાઓને મળ્યા અને ચૂંટણી સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. 370 હટાવ્યા બાદ પથ્થરમારો બંધ થયો, આતંકવાદી હુમલામાં ઘટાડો થયો કેન્દ્ર સરકારે 5 ઓગસ્ટ, 2019ના રોજ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કરી હતી. આ સાથે જ રાજ્યને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ એમ બે ભાગમાં વહેંચવામાં આવ્યું હતું.

# ટ્રુડોએ કહ્યું- નિજ્જરની હત્યા બાદ શીખો અસુરક્ષિત હતા:3 ભારતીયોની ધરપકડ સુધી તપાસ મર્યાદિત નથી

એજન્સી ટોરેન્ટો તા 06

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં 3 ભારતીયોની ધરપકડ બાદ બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ રવિવારે કહ્યું, 'હત્યાની તપાસ માત્ર ત્રણ ભારતીયોની ધરપકડ સુધી મર્યાદિત નથી, તે હજુ પણ ચાલુ છે.' ઑન્ટેરિયોમાં શીખ ફાઉન્ડેશન ઑફ કૅનેડાના કાર્યક્રમમાં ટ્રુડોએ ત્રણેય ધરપકડનો સ્વીકાર કર્યો અને કહ્યું, 'કેનેડા કાયદાનું પાલન કરતો દેશ છે. નિજ્જરની હત્યા બાદ કેનેડામાં રહેતા શીખ સમુદાયના લોકો અસલામતી અનુભવી રહ્યા હતા. અહીં દરેક વ્યક્તિને ભેદભાવ અને હિંસાથી સુરક્ષિત રહેવાનો મૂળભૂત અધિકાર છે. બીજી તરફ વિદેશ મંત્રી એસ જયશંકરે કટકમાં કહ્યું કે વિદેશમાં અમારા દૂતાવાસોને ધમકીઓ મળે છે. અત્યારે આપણી સૌથી મોટી સમસ્યા કેનેડા છે. ત્યાંની સરકારે તેમના દેશમાં અલગતાવાદ અને હિંસાને સમર્થન કરનારાઓને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપી છે. દુનિયા એકતરફી નથી, કંઈક થશે તો વિરોધ થશે. ન્યુટનનો નિયમ ત્યાં પણ લાગુ પડશે.

આ પહેલા શનિવારે નિજ્જર કેસમાં ભારતના કનેક્શનના કેનેડાના દાવા પર જયશંકરે કહ્યું હતું કે ભારત પર આરોપ લગાવવો કેનેડાની રાજકીય મજબૂરી છે. આવતા વર્ષે ત્યાં ચૂંટણી થવાની છે, તેથી દેશમાં વોટબેંકની રાજનીતિ ચાલી રહી છે. આને ભારત સાથે કોઈ લેવાદેવા નથી. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત વિરુદ્ધ કામ કરતા લોકોને કેનેડામાં આશ્રય આપવામાં આવે છે. ખાસ કરીને જેઓ પંજાબના છે તેઓ કેનેડાથી કામ કરે છે. ખાલિસ્તાન તરફી લોકો કેનેડાની લોકશાહીનો દુરુપયોગ કરી રહ્યા છે. આજે તેઓ કેનેડાની વોટબેંક બની ગયા છે. કેનેડામાં શાસક પક્ષ પાસે સંસદમાં બહુમતી નથી. આવી સ્થિતિમાં સત્તામાં આવવા માટે ઘણી પાર્ટીઓ ખાલિસ્તાની સમર્થકો પર નિર્ભર છે.

કેનેડિયન પોલીસની ચાર્જશીટ મુજબ, નિજ્જરની હત્યાને અંજામ આપવામાં ત્રણેય આરોપીએ અલગ-અલગ ભૂમિકા ભજવી હતી. તેમાંથી એક નિજ્જરનું લોકેશન શોધવાની જવાબદારી હતી. બીજો આરોપી ડ્રાઈવર હતો અને ત્રીજાએ તેના પર ગોળીબાર કર્યો હતો. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, ત્રણેય આરોપી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગ સાથે પણ સંપર્ક ધરાવે છે. આ તમામ 2021માં ટેમ્પરરી વિઝા પર કેનેડા ગયા હતા. તેમની સામે ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે કહ્યું હતું કે બાકીના આરોપીઓની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.



## પત્રકારોના રક્ષણ માટે યુનોની મહાસભાના પ્રમુખે મહાત્માજીના શબ્દો યાદ કર્યા

યુનો: પ્રેસનાં સ્વાતંત્ર્ય વિષે યુનોની મહાસભાના પ્રમુખ ડેનિસ ફ્રાંસીએ યુનોના સભ્ય દેશોને સંદેશો પાઠવતાં મહાત્માજીના શબ્દોને યાદ કર્યા હતા. ''વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે'' નિમિત્તે પોતાનાં 'x' પોસ્ટ ઉપર મોકલેલા સંદેશામાં લખ્યું કે, 'પ્રેસનાં સ્વાતંત્ર્ય ઉપર આક્રમણ કરવાથી લોકશાહી ભયમાં મુકાય છે.'

ખોટી માહિતી, વિકૃત રીતે કરેલી રજૂઆત, ગેરમાર્ગે દોરતી માહિતી, તેમજ પર્યાવરણ કટોકટી જેવા નામે પ્રેસ ઉપર પ્રતિબંધો મુકાય છે. જે સ્વીકાર્ય બની શકે તેમ નથી. યોગ્ય પણ નથી. આથી ફ્રી-મીડીયાનાં કૌશલ્ય અને પ્રતિબદ્ધતા ઉપર અસર થાય છે.

આ સાથે મૂળ દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિ તેવા ડેનિસ ફ્રાંસીએ મહાત્મા ગાંધીજીના શબ્દો યાદ કરતાં લખ્યું, 'પ્રેસનું સ્વાતંત્ર્ય એટલું અમુલ્ય છે કે કોઈ દેશને તે છોડવું પોસાય તેમ નથી.' આથી આપણે સર્વે પત્રકારો અને મીડીયાને દુનિયાભરમાં સલામતી આપવા પ્રતિબદ્ધ બનીએ.યુનોની ૭૮મી મહાસભાના પ્રમુખપદે રહેલા ફ્રાંસીએ વધુમાં લખ્યું કે, 'દુનિયામાં અનેક સ્થળોએ પત્રકારોને ધાક-ધમકી આપવાના, અપહરણ કરવાના, ત્રાસ આપવાના, મનઘડંત રીતે બંદીવાન બનાવવાની અને હત્યાઓ પણ કરવાની ઘટનાઓ વધી રહી છે, તે ચિંતાજનક છે.'

### ભારત 1000 વર્ષ માટે સશક્ત થાય તેનો પાયો નાંખી રહ્યો છું : પીએમ

# 'મોદી અને યોગીને તો સંતાનો નથી, તમારા બાળકો માટે કામ કરી રહ્યા છે'.. અયોધ્યાથી PMનો હુંકાર

(એજન્સી) નવી દિલ્હી | તા 06

દેશમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન મંગળવારે થવાનું છે ત્યારે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના ઈટાવા અને લખીમપુરમાં કોંગ્રેસ અને સપાના ગઠબંધન પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, મોદી અને યોગીને તો સંતાનો નથી. તેઓ તમારા સંતાનો માટે જ કામ કરે છે જ્યારે કોંગ્રેસ અને સપા પોતાના સંતાનોને ગાદી સોંપવા માટે કામ કરે છે.

મુસ્લિમો વોટબેન્કના રાજકારણ માટે તેમનો ઉપયોગ થતો હોવાનું સમજી ગયા છે, તેથી વિકાસના મુદ્દે ભાજપ તરફ આકર્ષાયા છે. ભાજપ નેતા નરેન્દ્ર મોદીએ રવિવારે ઈટાવામાં જણાવ્યું હતું કે એનડીએ સરકાર ભારતના 140 કરોડ ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરનારી સરકાર છે. ૨૦૧૯માં સંસદમાં મુલાયમસિંહ યાદવે તેમને વિજય માટેના આશીર્વાદ આપ્યા હતા. તેઓ ભારત માટે ૨૫ વર્ષનો રસ્તો બનાવી રહ્યા છે. મોદી રહે ના રહે આ દેશ રહેશે. મારી આગળ પાછળ કોઈ નથી. મોદી-યોગીને તો સંતાનો નથી. અમે તમારા સંતાનો માટે ખપી રહ્યા છીએ.

તેમણે કોંગ્રેસના ઘોષણા પત્રમાં વારસા કરવાળો મુદ્દો ઉઠાવતા કહ્યું કે, મોદી તમારા સંતાનોના નામે વારસો લખવા માગે છે. ગરીબનું ઘર જ મોદીનો વારસો છે. કોઈ મૈનપુરી અને ઈટાવાને જાગીર માને છે. કોઈ અમેઠી અને રાયબરેલીને પોતાનો ગઢ ગણાવે છે. કોંગ્રેસ અને સપા પર પરિવારવાદનો આક્ષેપ કરતાં તેમણે કહ્યું કે આ લોકો માત્ર પોતાના સંતાનો માટે જ કામ કરે છે. પરંતુ અમે તમારા સંતાનોને સીએમ અને પીએમ બનાવવા કામ કરીએ છીએ. કોણ જાણે છે કે તમારા સંતાન ૨૦૪૭માં પીએમ-સીએમ બનશે. શાહી પરિવારની કુપ્રથા એક ચાવાળાએ તોડી નાંખી. હવે ગરીબનો પુત્ર પણ પીએમ-સીએમ બની શકે છે.

તેમણે ઉમેર્યું કે, ભારત આગામી 1000 વર્ષ સુધી સશક્ત રહે તેનો મોદી પાયો નાંખી રહ્યો છે. તેમણે મોદી સરકારની યોજના અને રામ મંદિર, કાશીના કોરિડોર અંગે પણ સવાલ કર્યા હતા. તેમણે કહ્યું પહેલાની સરકારો આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી કરતી નહોતી. ઉત્તર પ્રદેશની સપા સરકાર આતંકીઓના કેસ પાછા ખેંચી લેતી હતી. તેમની સરકારોમાં આતંકી સંગઠન ખુલ્લેઆમ ધમકીઓ આપતા હતા. પરંતુ એનડીએની સરકાર આવ્યા પછી પરિસ્થિતિ બદલાઈ છે. વિપક્ષ અત્યારે તુષ્ટીકરણનું રાજકારણ કરી રહ્યું છે. આવું રાજકારણ તેમની મજબૂરી છે.બંધારણમાં ફેરફાર અને અનામતના મુદ્દે તેમણે કહ્યું કે, મોદી જીવતો છે ત્યાં સુધી બંધારણમાં કોઈપણ ખેલ થવા નહીં દઉં. હું ધર્મના આધારે અનામતની વિપક્ષની યોજનાને સફળ નહીં થવા દઉં. એસસી, એસટી, ઓબીસીને મળી રહેલું અનામત અન્ય કોઈને આપવા નહીં દઉં. તેમણે ઉમેર્યું કે, હવે મુસ્લિમો પણ સમજી ગયા છે કે કોંગ્રેસે આટલા વર્ષ તેમનો માત્ર વોટ બેન્ક તરીકે જ ઉપયોગ કર્યો છે.

તેથી મુસ્લીમ સમાજ પણ તેમનાથી દૂર થઈ રહ્યો છે. ભાજપ દ્વારા દેશમાં હાથ ધરવામાં આવેલા વિકાસને જોઈને તેઓ તેના તરફ આકર્ષાઈ રહ્યો છે.રાહુલ ગાંધી માત્ર ચૂંટણીમાં લાભ મેળવવા માટે હિન્દુ-મુસ્લિમમાં દેશનું વિભાજન કરીને આગ સાથે રમત રમી રહ્યા છે

### કોંગ્રેસ અને સપા પર પરિવારવાદનો આક્ષેપ કરતાં



લોકો માત્ર પોતાના સંતાનો માટે જ કામ કરે છે. પરંતુ અમે તમારા સંતાનોને સીએમ અને પીએમ બનાવવા કામ કરીએ છીએ. કોણ જાણે છે કે તમારા સંતાન ૨૦૪૭માં પીએમ-સીએમ બનશે.

### સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું

એનડીએ લોકસભામાં 400થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય હાંસલ કરશે. આ સાથે તેમણે કહ્યું હતું કે ભાજપ તેના ત્રીજા કાર્યકાળમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અને એક રાષ્ટ્ર એક ચૂંટણી જેવી યોજનાઓનો અમલ કરશે. બંધારણમાં ફેરફાર અને અનામતનો અંત લાવવાના કોંગ્રેસના આક્ષેપોને તેમણે ફગાવી દીધા હતા. તેમણે કોંગ્રેસ પર વોટ-બેન્કના રાજકારણ માટે લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કર્યો હતો.

### હાર ભાળી જતાં ભાજપના ગુંડાઓએ લાઠી-દંડા વડે અમેઠીના કોંગ્રેસના કાર્યાલયે હુમલો કરી દીધો

# અમેઠીમાં મોડી રાતે બબાલ, કોંગ્રેસના કાર્યાલય પર હુમલો, વાહનોમાં તોડફોડ, ભાજપ પર આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

લોકસભા ચૂંટણી વચ્ચે અમેઠી એવી બેઠક રહી છે જે મોટાપાયે ચર્ચામાં રહે છે. કેમ કે આ બેઠક અત્યાર સુધી કોંગ્રેસના ગાંધી પરિવારનું ગઢ મનાતી હતી. જોકે તાજેતરમાં અમેઠી ફરી એકવાર ચર્ચામાં છે અને કારણ જુદું છે. માહિતી અનુસાર અહીં કોંગ્રેસના કાર્યાલય પર તોફાની તત્વો દ્વારા મોડી રાતે હુમલો કરાયો હતો.

માહિતી અનુસાર તોફાની તત્વોએ આ હુમલો કર્યો હતો. અહીં હુમલાખોરોએ પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ મચાવી હતી અને સંપત્તિને ભારે નુકસાન પહોંચાડ્યું હતું જેના પગલે વિસ્તારમાં અરાજકતા ફેલાઈ હતી. જોકે હુમલો કર્યા બાદ બદમાશો ફરાર થઈ ગયા હતા.



જેવી જ આ ઘટનાની જાણકારી પોલીસ મળી કે તે તરત પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસે આ હુમલા માટે ભાજપને જવાબદાર ઠેરવ્યો છે. ટ્વિટર પર પોસ્ટ કરતાં કોંગ્રેસે લખ્યું કે યુપીના અમેઠીમાં સ્મૃતિ ઈરાની અને ભાજપના કાર્યકરો ડરી ગયા છે. હાર ભાળી જતાં ભાજપના ગુંડાઓએ લાઠી-દંડા વડે અમેઠીના કોંગ્રેસના કાર્યાલયે હુમલો કરી દીધો. ગાડીઓમાં તોડફોડ મચાવી. અમેઠીના લોકો પર જીવલેણ હુમલો કરાયો. અનેક લોકો આ હુમલામાં ઘાયલ થયા છે. પોલીસ તંત્ર પણ મૂકદર્શક બનીને જોતું રહ્યું. આ ઘટના સાક્ષી છે કે અમેઠીમાં ભાજપ ખરાબ રીતે હારશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનામત પરત લેવા માગે છે : રાહુલ ગાંધી

હૈદરાબાદ: ભાજપ પર પ્રહાર કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનામતની વિરુદ્ધ છે અને તે અનામત પરત લેવા માગે છે. તેલંગણામાં આદિલાબાદ (એસટી) લોકસભા બેઠક હેઠળ આવતા નિર્મલમાં ચૂંટણી રેલીને સંબોધતા તેમણે દાવો કર્યો હતો કે હાલમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણી બે વિચારધારા વચ્ચેની લડાઈ છે. જેમાં કોંગ્રેસ બંધારણનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરી રહી છે. જ્યારે ભાજપ-આરએસએસ ગઠબંધન બંધારણ અને લોકોના અધિકારોને સમાપ્ત કરવા માગે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન અનામતની વિરુદ્ધ છે. તે અનામત પરત લેવા માગે છે. દેશની સામે સૌથી મોટો મુદ્દો અનામતને ૫૦ ટકાથી વધારવાનો છે. રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો હતો કે ભાજપ ઈચ્છે છે કે પછાત વર્ગના લોકો, દલિતો, આદિવાસીઓ પછાત જ રહે.આ દરમિયાન સૂત્રોએ જણાવ્યું છે કે પ્રિયંકા ગાંધી સોમવારથી રાયબરેલી અને અમેઠીમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે શુક્રવારે જાહેરાત કરી હતી કે રાહુલ ગાંધી રાયબરેલીથી અને કિશોરીલાલ શર્મા અમેઠીમાંથી ચૂંટણી લડશે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી અને કીશોરી લાલ શર્માનો વિજય સુનિશ્ચિત કરવા માટે પ્રિયંકા ગાંધી આક્રમક પ્રચાર કરશે.

### ન્યૂઝ કોર્નર

#### પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ બ્લૂ કોર્નર નોટિસ જારી

કર્ણાટક: કર્ણાટકમાં જેડીએસના નેતા એચ.ડી.રેવન્ના અને પુત્ર પ્રજ્વલ રેવન્નાના પેનડ્રાઈવ સ્કેન્ડલનો મામલો હાલ દેશભરમાં ચર્ચાઈ રહ્યો છે. હવે આ મામલામાં પ્રજ્વલ રેવન્ના સામે બ્લુ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી છે. કર્ણાટકના ગૃહમંત્રી પરમેશ્વરાએ આ માહિતી આપી છે.અહેવાલો અનુસાર, પ્રજ્વલ રેવન્નાને ભારત પરત લાવવા માટે ઈન્ટરપોલની મદદ મંગાઇ છે. આ ઉપરાંત સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ પણ બ્લુ કોર્નર નોટિસ જારી કરી છે. બ્લુ કોર્નર નોટિસ એવા લોકો વિરુદ્ધ જારી કરવામાં આવે છે, જેના દ્વારા ગુનાના સંબંધમાં વ્યક્તિની ઓળખ, સ્થાન અથવા પ્રવૃત્તિઓ વિશે માહિતી એકત્રિત કરવામાં આવે છે.

#### હું ગાંધી પરિવારની નોકરી નથી કરી રહ્યો, રાજનેતા છું

અમેઠી: ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીમાં અમેઠીને હોટ સીટ માનવામાં આવે છે. અહીં કોંગ્રેસે ગાંધી પરિવારના નજીકના ગણાતા કિશોરી લાલ શર્માને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ ચૂંટણી મેદાનમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને ટક્કર આપશે. આવી સ્થિતિમાં તેમણે ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'હું ગાંધી પરિવાર માટે કોઇ નોકરી કરી રહ્યો નથી, હું માત્ર રાજકારણી છું.'તેમણે કહ્યું કે, 'પાર્ટી હાઇકમાન્ડના નિર્ણય બાદ મને અમેઠીની ટિકિટ અપાઇ છે. અગાઉ અહીંથી કોણ ચૂંટણી લડશે, તે નક્કી ન હતું. જોકે વાત એવી છે કે, હું સ્મૃતિ ઈરાનીને હરાવીશ. હું ગાંધી પરિવારની કોઇ નોકરી કરી રહ્યો નથી. મને કોંગ્રેસ પાસેથી કોઇ પગાર મળી રહ્યો નથી.


### નિજ્જર કેસમાં ત્રણ ભારતીયની ધરપકડ મુદ્દે જયશંકરનો જવાબ

# 'પહેલા પુરાવા આપો, આ કેનેડાની આંતરિક મજબૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા 06

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો ભારતની ટીકા કરતાં ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકરે ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે કેનેડાને સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો છે કે, 'નિજ્જર મુદ્દે કેનેડામાં જે પણ થઈ રહ્યું છે, તે તેમના આંતરિક રાજકારણને કારણે થઈ રહ્યું છે. તેમાં ભારતને કોઈ લેવા-દેવા નથી.'જયશંકરે કહ્યું કે, દેશને વિકસિત ભારત બનાવવા માટે, વિદેશ સહિત વિવિધ ક્ષેત્રોમાં સુધારા લાવવા માટે નરેન્દ્ર મોદી જેવા મજબુત અને સક્રિય વડાપ્રધાનની જરૂર છે. વિશ્વ સ્તરે ભારતની છબી પહેલા કરતા વધુ સારી છે, જ્યારે કેનેડા એક અપવાદ છે. વિવિધ દેશના વડાઓ ભારત અને ભારતના વડાપ્રધાનની પ્રશંસા કરે છે.તેમણે વધુમાં કહ્યું કે, કેનેડામાં ખાલિસ્તાનને સમર્થન આપતો એક વર્ગ ત્યાંની લોકશાહીનો ઉપયોગ કરી રહ્યા છે અને વૉટ બેંક માટે એક લૉબી બનાવી રહ્યા છે. કેનેડાની સત્તાધારી પાર્ટી પાસે સંસદમાં બહુમતી નથી અને કેટલાક પક્ષો ખાલિસ્તાને સમર્થક આપતા નેતાઓ પર નિર્ભર છે. અમે તેમને ઘણી વખત સમજાવ્યા છે કે, તેઓ એવા લોકોને વિઝા, કાયદેસરતા અથવા રાજકીય જગ્યા ન આપે જેઓ તેમના (કેનેડા), અમારા અને અમારા સંબંધો માટે સમસ્યા ઊભી કરી રહ્યા છે. પરંતુ કેનેડાની સરકારે કંઈ કર્યું નથી.

## કાનપુરમાં બર્બરતા... જ્યારે તે પૈસા પરત કરી શક્યો ન હતો...



કાનપુરમાં એક વિદ્યાર્થીને માર મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. શહેરના કાકદેવ વિસ્તારમાં કેટલાક બદમાશોએ એક વિદ્યાર્થીને રૂમમાં બંધ કરીને પૈસા પડાવવા માટે લાતો અને મુક્કાથી માર માર્યો હતો. આટલું જ નહીં, જ્યારે બદમાશોને સંતોષ ન થયો, ત્યારે તેઓએ વિદ્યાર્થીની છીનવી લીધી, તેના પ્રાઈવેટ પાર્ટ પર ઇંટ બાંધી દીધી અને તેને ઊભા રહેવા માટે દબાણ કર્યું.વીડિયોમાં જોઇ શકાય છે કે વિદ્યાર્થીને માર માર્યા બાદ તેને વેલ્ડિંગ મશીન વડે સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાનપુરમાં વિદ્યાર્થીઓ પર તાલિબાની ક્રૂરતાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં વિદ્યાર્થી લાતો મારતો, મુક્કા મારતો અને ગાળો મારતો જોવા મળે છે. તેને છાતી પર લાત મારવામાં આવે છે, આ દરમિયાન વિદ્યાર્થી હાથ જોડીને રડી રહ્યો છે અને કહી રહ્યો છે કે ભાઈ પૈસા આપી દેશે, પરંતુ તેની વાત કોઇ સાંભળતું નથી.

# ઉત્તરાખંડના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ.બી.વી.આર.સી. ઉત્તરકાશી જિલ્લાની મુલાકાતે

(એજન્સી) ઉત્તરકાશી | તા 06

મુખ્ય ચૂંટણી અધિકારી ઉત્તરાખંડ ડૉ.બી.વી.આર.સી. ઉત્તરકાશી જિલ્લાની મુલાકાત દરમિયાન, પુરુષોત્તમે લોકસભા ચૂંટણી માટે બનાવવામાં આવેલા સ્ટ્રોંગ રૂમ અને મતગણતરી કેન્દ્રનું નિરીક્ષણ કર્યું હતું અને મતગણતરી માટેની તૈયારીઓ અંગે અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી.

મુખ્ય ચૂંટણી અધિકારી ઉત્તરાખંડ ડૉ.બી.વી.આર.સી. ઉત્તરકાશી પહોંચ્યા પછી, પુરૂષોત્તમે સરકારી કીર્તિ ઈન્ટર કોલેજમાં લોકસભા ચૂંટણી માટે જિલ્લાના પુરોલા, યમુનોત્રી અને ગંગોત્રી વિધાનસભા મતવિસ્તારના સ્ટ્રોંગ રૂમ અને



મતગણતરી કેન્દ્રનું નિરીક્ષણ કર્યું અને સુરક્ષા વ્યવસ્થા અને મતગણતરી માટે કરવામાં આવી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી. મુખ્ય ચૂંટણી અધિકારીએ સ્થળ પર જઈને સ્ટ્રોંગ રૂમ, સંકુલના વિવિધ વિસ્તારો અને ત્રણેય સ્તરના સુરક્ષા કોર્ડનનું નિરીક્ષણ કર્યું હતું. સુરક્ષા વ્યવસ્થા સતત જાળવવા સૂચનાઓ આપતાં ડૉ. પુરુષોત્તમે કેમ્પસમાં CCTV સર્વેલન્સ, ફાયર ફાઈટિંગ સિસ્ટમ અને ઈલેક્ટ્રિકલ સિસ્ટમ વિશે પણ માહિતી લીધી હતી. તેમણે પરિસરની વિદ્યુત સલામતી અંગે UPCL પાસેથી પ્રમાણપત્ર મેળવવાની સૂચના પણ આપી હતી. નિરીક્ષણ દરમિયાન જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. મેહરબાન સિંઘ બિષ્ટે મતગણતરી કેન્દ્રની વ્યવસ્થા વિશે માહિતી આપી હતી.

# ડી.કે. શિવકુમારે કોંગ્રેસ કાર્યકર્તાને લાફો ઝીંક્યો, કર્ણાટક ભાજપે સોશિયલ મીડિયા પર શેર કર્યો વીડિયો

(એજન્સી) નવી દિલ્હી | તા 06

લોકસભા ચૂંટણી 2024 માટે ત્રીજા તબક્કાનો પ્રચાર શાંત થઈ ચૂક્યો છે અને મતદાન 7 મેના રોજ થવાનું છે. આ પહેલા કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ કોંગ્રેસ કાર્યકર્તાને લાફો મારતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોને લઈને ભાજપે ડી.કે.શિવકુમાર અને કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કર્યા છે. આ વીડિયો ત્યારનો છે જ્યારે ડી.કે. શિવકુમાર કર્ણાટકના હાવેરીમાં ધારવાડથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર વિનોદા અસૂતી માટે પ્રચાર કરવા પહોંચ્યા હતા. ક્લિપની શરૂઆત તેમની કારથી બહાર નિકળવાથી થાય છે અને લોકોનું ટોળું અને કોંગ્રેસના કાર્યકર્તાઓએ તેમને ઘેરી લીધા હતા.

જ્યારે લોકોએ શિવકુમારને ઘેર્યા અને નારા લગાવવાના શરૂ કર્યા તો કોંગ્રેસના એક કાર્યકર્તા કર્ણાટકના નાયબ મુખ્યમંત્રીની આસપાસ હાથ નાખવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. ત્યારે શિવકુમારે કાર્યકર્તાને લાફો ઝીંકી દીધો હતો. વીડિયોમાં દેખાઈ રહેલા કાર્યકર્તાની ઓળખ અલાઉદ્દીન મનિયાર તરીકે થઈ છે.

શિવકુમારના લાફો માર્યા બાદ તેમના કાફલાની આસપાસ હાજર પોલીસને મનિયારને એક તરફ ધકેલતા જોઈ શકાય છે, ત્યારબાદ કોંગ્રેસ નેતા ત્યાંથી ચાલ્યા જાય છે. આ ક્લિપને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કર્ણાટક ભાજપે શેર કરી છે.પોસ્ટમાં ભાજપે લખ્યું કે, જ્યારે ડી.કે. શિવકમાર પ્રચાર માટે પહોંચ્યા તો કોંગ્રેસ કાર્યકર્તા ડીકે ડીકે ના નારા લગાવી રહ્યા હતા. જ્યારે ડી.કે. શિવકુમાર કારથી બહાર નિકળ્યા તો એક કાર્યકર્તાએ તેમના ખભા પર હાથ રાખ્યો. અચાનક થયેલા અનુચિત વ્યવહારથી ગુસ્સે ભરાયેલા શિવકુમારે કાર્યકર્તાને લાફો ઝીંકી દીધો. કાર્યકર્તાની ઓળખ નગરપાલિકા સભ્ય અલાઉદ્દીન મનિયાર તરીકે કરાઈ છે.



**બ્રેકિંગ ન્યૂઝ**

#### અનંત સિંહના જેલમાંથી બહાર આવ્યા પછી મુંગેરનું સમીકરણ કેટલું બદલાશે?

શક્તિશાળી પૂર્વ ધારાસભ્ય અનંત સિંહની જેલમાંથી મુક્તિ બાદ બિહારનું રાજકારણ ગરમાયું છે. અનંત પટનાની બેઉર જેલમાં સજા કાપી રહ્યો છે અને પેરોલ પર બહાર છે. મુંગેર લોકસભા સીટ પર ચૂંટણી પહેલા અનંતની જેલમાંથી મુક્તિ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. નીતીશ સાથે અનંતની પહેલી વાતચીત, પછી ઘરમાંથી ખતરનાક હથિયારો મળી આવવાના કેસમાં તેમની ધરપકડ અને હવે તેમની ઉદારતાની ચર્ચા થઈ રહી છે.

#### બહેનને નોકરી ન મળતાં સરકારી શિક્ષકે પ્રિન્સિપાલનું કર્યું અપહરણ, સ્પર્ધાત્મક પરીક્ષામાં ગોટાળાનો ખુલાસો

રાજસ્થાન: જ્યારે પ્રિન્સિપાલ તેની બહેનને સોદા મુજબ ત્રીજા ધોરણની શિક્ષિકા તરીકે નોકરી ન અપાવી શક્યા ત્યારે શિક્ષકે પૈસા પાછા માંગ્યા. જે બાદ પ્રિન્સિપાલે 10 લાખ રૂપિયા પરત ન આપતા શિક્ષકે તેના મિત્રો સાથે મળીને તેનું અપહરણ કર્યું, ત્યારબાદ સમગ્ર મામલો સામે આવ્યો. કેટલી હદે હેરાફેરી થઈ શકે છે તે ફરી એકવાર પ્રકાશમાં આવ્યું છે. જ્યાં એક સરકારી શિક્ષકે તેની બહેનને સરકારી નોકરી અપાવવાના નામે કોલેજના પ્રિન્સિપાલને 10 લાખ રૂપિયા આપ્યા હતા.

#### નાના ભાઈને ડોક્ટર બનાવવા માટે મોટો ભાઈ NEET 2024 ની પરીક્ષા આપી રહ્યો હતો, ઝડપાયો

મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે રવિવારે દેશભરમાં લેવાયેલી NEET પરીક્ષામાં ઘણા રાજ્યોમાં છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. બાડમેર મેડિકલ કોલેજમાં મેડિસિનનો અભ્યાસ કરતા યુવકની તેના નાના ભાઈની જગ્યાએ પરીક્ષા આપવા બદલ ધરપકડ કરવામાં આવી છે. પૈસા માટે પરીક્ષા આપતી સોલ્વર ગેંગના ઘણા લોકોની પોલીસે ધરપકડ પણ કરી છે. બિહાર-ઝારખંડ સહિત રાજસ્થાનમાં મેડિકલ કોલેજની પ્રવેશ પરીક્ષા NEETમાં છેતરપિંડીના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.

**એરફોર્સ પર હુમલો** | **હુમલો સાબિત કરે છે કે જમ્મુ કાશ્મીરમાંથી આતંકવાદ ખતમ નથી થયો**

# પૂંછમાં આતંકીઓએ અમેરિકન બંદૂક અને લોખંડની ગોળીઓથી હુમલો કર્યો હતો, રિપોર્ટમાં ઘટસ્ફોટ

(એજન્સી) નવી દિલ્હી | તા 06

જમ્મુ કાશ્મીરના પૂંચમાં આતંકીઓએ ઈન્ડિયન એરફોર્સના કાફલા પર ગોળીબાર કર્યો હતો, જેમાં એક જવાન શહીદ થયો હતો અને પાંચ ઘાયલ થયા હતા. ઘાયલોમાં બેની સ્થિતિ હજુ પણ ગંભીર છે. દરમિયાન સૈન્યએ સમગ્ર પૂંચને ઘેરી લીધુ છે અને હુમલાખોર આતંકીઓની શોધખોળ ચાલી રહી છે. છેલ્લા 48 કલાકથી પૂંચમાં મોટુ ઓપરેશન ચાલી રહ્યું છે. ચાર જેટલા આતંકીઓ એરફોર્સના ટ્રકની સામે આવી ગયા હતા અને બેફામ ગોળીબાર કરી ભાગી ગયા હતા. ટ્રકના વિન્ડશીલ્ડ પર ગોળીઓના અનેક નિશાન જોવા મળ્યા હતા, આતંકીઓએ આ હુમલા માટે અસોલ્ટ રાઈફલનો ઉપયોગ કર્યો હતો. હુમલો કરીને આતંકીઓ નજીકના જંગલમાં ભાગી ગયા હોવાથી સમગ્ર જંગલને સૈન્ય દ્વારા ઘેરી લેવાયું છે મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

સ્થાનિક રાષ્ટ્રીય રાઈફલ્સના જવાનોએ ચારેય બાજુ ઘેરાબંધી કરી લીધી છે. સાથે જ રોડ પરથી પસાર થતા તમામ વાહનોનું ચેકિંગ કરાઈ રહ્યું છે. જ્યારે અનેક સ્થાનિકોની પૂછપરછ પણ કરવામાં આવી રહી છે. કેટલાક લોકોને અટકાયતમાં પણ લેવાયા છે.

એક રિપોર્ટમાં સામે આવ્યું છે કે આતંકીઓએ આ હુમલા માટે જે રાઈફલોનો ઉપયોગ કર્યો હતો તેમાં અમેરિકી બનાવટની એમ૪ કાર્બાઈન બંદુકનો ઉપયોગ કર્યો હતો, સાથે જ સ્ટીલની ગોળીઓ પણ ઉપયોગમાં લેવામાં આવી હતી. વધુમાં વધુ ઘાતક રીતે આ હુમલાની અસર થાય તે હેતુથી આતંકીઓએ આ બંદુક અને સ્ટીલની ગોળીઓનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું છે. દરમિયાન એરફોર્સ અને સૈન્યના તમામ દળોએ શહીદ જવાન કોર્પોરલ વીક્કી પહાડેને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. જ્યારે મોટા પ્રમાણમાં સૈન્ય જવાનોને સર્ચ ઓપરેશનમાં ઉતારવામાં આવ્યા છે. જોકે હજુસુધી આતંકીઓનો સંપર્ક થઇ શક્યો નથી. જ્યારે શોપિયાં જિલ્લામાં સુરક્ષાદળોએ બે આતંકીઓની ધરપકડ કરી છે. સાથે જ તેમની પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. જ્યારે જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ કહ્યું હતું કે ભારતીય એરફોર્સ પર થયેલો આ હુમલો સાબિત કરે છે કે જમ્મુ કાશ્મીરમાંથી આતંકવાદ ખતમ નથી થયો. ભાજપ દાવો કરી રહી છે કે આર્ટિકલ ૩૭૦ હટાવવાને કારણે આતંકી હુમલા થઇ રહ્યા છે.

## મેઘાલયમાં સગીરાને હવસનો શિકાર બનાવવાનો પ્રયાસ કરનારા બે યુવકો ટોળાનો ભોગ બનતાં મોત

(એજન્સી) નવી દિલ્હી | તા 06

મેઘાલયના પૂર્વી પશ્ચિમી ખાસી હિલ્સ જિલ્લામાં એક સગીરા પર બળાત્કારનો પ્રયત્ન કરવાના આરોપમાં એક ટોળાએ બે લોકોને માર મારીને મારી નાંખ્યા હતા. પોલીસે કહ્યું કે, આ ઘટના શુક્રવારે બપોરે જિલ્લા મુખ્યાલય મૈરાંગના નોંગથ્લિવ ગામની છે. સગીરાનો આરોપ છે કે તે ઘરમાં એકલી હતી ત્યારે બે લોકોએ તેના પર ચાકુથી હુમલો કર્યો હતો અને તેના પર બળાત્કારનો પ્રયત્ન કર્યો હતો.પોલીસે જણાવ્યું કે, પૂર્વી-પશ્ચિમી ખાસી હિલ્સ જિલ્લાના મુખ્યાલય મૈરાંગના નોંગથ્લિવ ગામમાં શુક્રવારે બપોરે સગીરા તેના ઘરમાં એકલી હતી ત્યારે બે પુરુષોએ ચાકુથી તેના પર હુમલો કર્યો હતો અને તેના પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

જોકે, સગીરાએ બૂમો પાડતા આજુબાજુમાંથી પડોશીઓ ત્યાં આવી ગયા હતા અને તેમણે બંને પુરુષોને પકડી લીધા હતા. બંનેને ઝડપી લીધા પછી તેમને નજીકના સામુદાયિક હોલમાં લઈ જવાયા હતા, જ્યાં બંને સાથે મારપીટ કરાઈ હતી.

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (વર્કસ), એનસી રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.

| ઈ-ટેન્ડર નંબર | અંદાજીત કિંમત | અર્નેસ્ટ મની |
| --- | --- | --- |
| JHS-ENGG-HQ-2024-87 | રૂ:16637941.50 | રૂ:233200.00 |

**કામનું વર્ણન** VGLJ - ચેમ્બર અને પાઈપ લાઈનની સફાઈ સહિત ભૂગર્ભ ગટર અને ગટર લાઈનનું ભારે સમારકામ, એસી લોકો શેડ, ઝાંસીમાં પીટ લાઈનમાંથી વરસાદી પાણીનું પમ્પિંગ.

ટેન્ડર બંધ થવાની તારીખ :- 29-05-2024 એ 15:00 કલાક સ્વીકૃતિ પત્ર પ્રાપ્ત થવાથી / પૂર્ણ થવાની અવધિ :- 12 મહિના • ટેન્ડર 29-05-2024 ના રોજ 15:00 કલાક સુધી ઓનલાઈન સબમિટ કરી શકાશે • બિડ અંગેની માહિતી અને સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ .

803/24 FA

North central railways | @CPRONCR | @northcentralrailway | www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેના માટે, ડિવિઝનલ રેલ્વે મેનેજર/વર્કસ/ઝાંસીએ નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કર્યા છે.

**ઈ-ટેન્ડર સૂચના નંબર :-** ઝાંસી-ઈન્જી-મુખ્યાલય-2024-83

**કામનું નામ:-** વર્ષ 2024-25 (A) ઝોન નંબર-2A-2 ઝાંસી (રેલ્વે સ્ટેશન અને પરિભ્રમણ વિસ્તાર) માટે ADEN/HQ-2/ઝાંસી હેઠળ સમારકામ અને જાળવણી કાર્ય અને સામગ્રીના પુરવઠા માટેનો વાર્ષિક વિભાગીય કરાર. , (B) ઝોન નંબર-2A-3-P-વે તાલીમ કેન્દ્ર.

**અંદાજીત ખર્ચ (રૂ માં) :-** 14000000.00 | **અનામત રકમ :-** 220000.00

**ટેન્ડર બંધ થવાની તારીખ :-** 28-05-2024 એ 15:00 કલાક

**સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો /અવધિ તારીખ :-** 12 મહિના

- ટેન્ડર તારીખ 29-05-2024 એ 15:00 વાગ્યા સુધી ઓનલાઈન જમા કરી શકાશે .
- પૂર્ણ વિવરણ તેમજ ટેન્ડર પ્રસ્તુત માટે ભારતીય રેલ્વેની વેબસાઈટ www.ireps.gov.in પર જુઓ.

800/24(P)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

## કાર ડિવાઈડર સાથે અથડાતા એકનું મોત

ગાંધીનગરના પીડીપીયુ રોડ પર આવેલી શાહી સિગડી હોટલમાં જમીને પરત સોલા તરફ જતી વખતે અડાલજ મહારાજા હોટલ નજીક કાર ડિવાઈડરને અથડાઈ ફંગોળાઈને ડિવાઈડરની અંદર ઘૂસી જતાં ચાર મિત્રો પૈકી એકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું છે. જ્યારે અન્ય મિત્રોને શરીરે વધતા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. આ અકસ્માત અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.અમદાવાદનાં સોલા સાયન્સ સિટી રોડ વર્ટીસ ટાવરમાં રહેતો સ્વપ્નિલ હેમેશકુમાર પારેખ ઉદેપુરમાં એમબીએનો અભ્યાસ કરે છે.

સિટી એક્સપ્રેસ
TUESDAY 07 MAY-2024
AHMEDABAD

## ગાંધીનગરમાં ધર્મ પરિવર્તનનો મામલો

ગાંધીનગરના સેકટર - 5 વિસ્તારમાં રહેતાં દાહોદના 15 હિન્દુઓએ ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યાના દાવા સાથે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ગઈકાલે રાત્રે સેકટર - 7 પોલીસ સ્ટેશનમાં જય શ્રી રામના નારા લગાવી લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જો કે સમગ્ર મામલે એસપી રવિ તેજા વાસમસેટ્ટીએ હિન્દુ સંગઠનનાં દાવાને નકારી દઈ કહ્યું કે, પોલીસે તપાસ કરતાં હિન્દુ પરિવારો ક્રિશ્ચિયન ધર્મની પ્રાર્થના કરતા હતા. હાલના તબક્કે ધર્મ પરિવર્તનનો કોઈ મામલો સામે આવ્યો નથી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### ચોક્કસ ડોમેઇન પરથી સવારે ઇમેઇલ આવ્યા: તપાસ દરમિયાન કોઇ વાંધાજનક ચીજવસ્તુઓ મળી ન આવી: દિલ્હીની પેટર્નથી ઇમેઇલ આવ્યા

# અમદાવાદમાં 30થી વધુ શાળાઓને બોંબથી ઉડાવી દેવાની ધમકી અપાઇ



## લોકસભાની ચૂંટણી પૂર્વે ભય ફેલાવવાનો બદઇરાદો

(એજન્સી), અમદાવાદ, તા.06

અમદાવાદ શહેરમાં મતદાનના દિવસ પહેલાં જ મતદાન બુથ સહિતની 30થી વધુ સ્કૂલોમાં ઈમેઈલ કરીને શાળાઓને બોંબથી ઉડાવી દેવાની ધમકી ભર્યા ઈમેઈલ મળતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જેથી અમદાવાદ ક્રાઈમબ્રાંચ , સ્થાનિક પોલીસ અને બોંબ ડીસ્પોઝલ સ્ક્વોડ દ્વારા વિવિધ શાળાઓમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. જો કે કોઈ વાંધાનજક ચીજવસ્તુઓ મળી આવી નહોતી. થોડા દિવસ પહેલા દિલ્હીની ૧૫૦થી વધુ શાળાઓમાં ઈમેઈલ કરીને બોંબ મુકાયાની ધમકી આપવામાં આવી હતી. અમદાવાદની શાળાઓમાં આવેલો ઈમેઈલ દિલ્હીની પેટર્નનો હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ સાથે રાજ્યના અન્ય શહેરોની પોલીસને પણ એલર્ટ કરવામાં આવી છે. અમદાવાદમાં આવેલી વિવિધ ખાનગી શાળાઓમાં સોમવારે સવારે છ વાગ્યાથી ધમકી ભર્યા ઈમેઈલ આવ્યા હતા. જેમાં સ્કૂલને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપવામાં અપાઈ હતી. તબક્કાવાર બપોર સુધીમાં આ ઈમેઈલ ૨૩ જેટલી શાળાઓમાં આવ્યા હતા. જેના પગલે પોલીસ કમિશનર જી એસ મલિક દ્વારા તાત્કાલિક ક્રાઈમબ્રાંચ, એસઓજી , સાયબર ક્રાઈમ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને આ મામલે વિશેષ ટીમ બનાવીને તપાસ શરૂ કરવાની સુચના આપી હતી. જેમાં બોંબ ડીસ્પોઝલ સ્ક્વોડ અને પોલીસ સ્ટાફ દ્વારા સ્કૂલમાં કલાકો સુધી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કોઈ વાંધાજનક ચીજવસ્તુઓ મળી આવ્યું નહોતું. ૨૩ સ્કૂલ પૈકી કેટલીક શાળાઓમાં મંગળવારે મતદાન હોવાથી પોલીસ દ્વારા બંદોબસ્તમાં વધારો કરવામાં આવ્યો છે.

### વીવીઆઇપી અને નેતાઓના મતદાનને પગલે કેન્દ્રીય એજન્સીઓમાં દોડધામ

અમદાવાદમાં મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાણીપથી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નારણપુરા થી તેમજ આનંદીબેન પટેલ ઘાટલોડીયાથી મતદાન કરવાના છે. આ સાથે ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓ પણ મતદાન કરવાના છે. જેથી ધમકી ભર્યા ઈમેઈલને કારણે અમદાવાદ પોલીસ તેમજ એનએસજી, એસપીજી , આઈબી સહિત કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા અને જે શાળાઓમાં બોંબની ધમકી મળી છે. ત્યાં તપાસ કરવામાં આવી હતી.

### ખાસ સર્વરથી કાર્ડ વેબથી ઇમેઇલ કરાયાની આશંકા

અમદાવાદના વિવિધ શાળાઓમાં આવેલા ઈમેઈલ અંગે પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ ઈમેઈલ ખાસ સર્વરથી તૈયાર કરવામાં આવેલા ડોમેઈનથી ડાર્ક વેબની મદદથી મોકલાયા છે. જેથી તેને ટેકનીકલી ટ્રેક કરવામાં લાંબો સમય જાય છે. દિલ્હી અને અમદાવાદમાં આવેલા ધમકીના ઈમેઈલ એક જ ડોમેઈન પરથી આવ્યા છે.

**CRIME NEWS**

### દારૂના અનેક ગુનામાં વોન્ટેડઆશીષ અગ્રવાલ નેપાળથી પાસેથી ઝડપાયો

અમદાવાદ | અમદાવાદ શહેર અને રેંજ તેમજ ગાંધીનગરમાં સૌથી વધુ વિદેશી દારૂ સપ્લાય કરનાર લિસ્ટેડ બુટલેગર આશિષ અગ્રવાલને સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા નેપાળ બોર્ડર પાસેથી ઝડપી લેવામાં આવ્યો હતો. સાથેસાથે પોલીસે તેના તમામ વહીવટ સંભાળતા રાવલસિંહને પણ ઉદેપુરથી ઝડપીને મહત્વની સફળતા મેળવી છે. તેની પુછપરછમાં ગુજરાતમાં સેટ કરેલા વિદેશી દારૂ સપ્લાયના નેટવર્કની અનેક ચોંકાવનારી વિગતો બહાર આવવાની સંભાવના પોલીસે વ્યક્ત કરી છે. સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને બાતમી મળી હતી કે અમદાવાદ શહેર-ગ્રામ્ય, અમદાવાદ રેંજ તેમજ ગાંધીનગરમાં રેંજમાં વિદેશી દારૂનો મોટો જથ્થો સપ્લાય કરનાર લિસ્ટેડ બુટેલગર આશિષ અગ્રવાલ (રહે. આબુરોડ, શિરોહી) નેપાળ બોર્ડર પર છુપાયો છે. જેના આધારે એસએમસીની ટીમ દ્વારા ટેકનીકલ સર્વલન્સના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી.

### ગુજરાત પોલીસે 94 ગુના નોંધીને રૂપિયા 897 કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું

અમદાવાદ | લોકસભાની ચૂંટણી દરમિયાન રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજ્યમાં પોલીસ દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં આચારસંહિતા લાગુ પડયા બાદ પોલીસ ૮૯૭ કરોડની કિંમતનું ડ્રગ્સ અને ૫૧ કરોડ રૂપિયાની કિંમતનો દારૂનો સહિત મત્તા જપ્ત કરી હતી. તેમજ નાસતા ફરતા ૧૬૭૮ આરોપીઓની ધરપકડ કરી હતી.ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે ચૂંટણી દરમિયાન રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે સઘન આયોજન કર્યું હતું. જેમાં ૯૪ કેસ નોંધીને કુલ ૮૯૪ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ સાથે પ્રોહીબીશનના કેસ કરીને વિદેશી દારૂ, રોકડ અને વાહનો સહિત ૫૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખાસ કરીને નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે સીઆઈડી ક્રાઈમ દ્વારા ૧૬૭૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

### યુવતીને અમદાવાદ બોલાવી બળાત્કાર ગુજાર્યા બાદ હત્યા કરનાર ભાગેડુ વડોદરામાં પકડાયો

અમદાવાદ |અમદાવાદમાં યુવતી પર બળાત્કાર ગુજારી હત્યા કરનાર આજીવન કેદ ભોગવતો કેદી જેલમાંથી ફરાર થયા બાદ વડોદરામાંથી ઝડપાઈ ગયો છે. વડોદરાના સમા વિસ્તારમાં શ્રીજી ફ્લેટ તેમજ ચાણક્યપુરીમાં મંગલદીપ સોસાયટીમાં રહેતા જીગ્નેશ ઉર્ફે જીગો ઉર્ફે જીતેન્દ્ર રમણભાઈ પરમાર નામનો યુવક મે-2011માં એક યુવતીને તેના મિત્રએ બોલાવી છે તેમ કહી વિશ્વાસમાં લઈ અમદાવાદ સનાથલ ખાતે લઈ ગયો હતો. રેલવે બ્રિજ પાસે એક ઓરડીમાં યુવતી પર બળાત્કાર ગુજારીયા બાદ જીગ્નેશ એ તેના પેટમાં ચાકુના ઉપર છાપરી ઘા મારી હત્યા કરી હતી અને સવા લાખની કિંમતની ચેન પણ લૂંટી લીધી હતી. આ બનાવ અંગે અમદાવાદ પોલીસે જીગ્નેશની ધરપકડ કરી હતી અને કોર્ટે તેને આજીવન કેદની સજા ફરમાવી હતી. ઓક્ટોબર 2021 માં કેદીએ 14 દિવસના પેરોલ મેળવ્યા હતા. પરંતુ ત્યારબાદ તે જેલમાં પરત ફર્યો ન હતો અને ફરાર થઈ જતા તેની શોધખોળ કરવામાં આવી હતી.

# ગુજરાત હાઇકોર્ટે અમિત જેઠવા હત્યા કેસમાં ભાજપના પૂર્વ સાંસદ સહિત સાત લોકોને નિર્દોષ જાહેર કર્યા



(એજન્સી), અમદાવાદ, તા.06

ગુજરાત હાઈકોર્ટમાં આજે RTI કાર્યકર્તા અમિત જેઠવા હત્યા કાંડ મામલે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે ભારતીય જનતા પાર્ટીના નેતા અને પૂર્વ સાંસદ દિનુભાઈ બોઘાભાઈ સોલંકી (Dinu Bogha Solanki) સહિત સાત લોકોને નિર્દોષ કર્યા છે. આ લોકોએ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી, જેને કોર્ટે સ્વીકારી લીધી છે. હાઈકોર્ટે CBIના આદેશને ફગાવ્યો હાઈકોર્ટના ન્યાયાધીશ એ.એસ.સુપેહિયા અને ન્યાયાધીશ વિમલ કે.વ્યાસની બેંચે સીબીઆઈના આદેશને ફગાવી દીધો હતો, જેમાં તમામ આરોપીઓને આજીવન કેદની સજા જાહેર કરવામાં આવી હતી.

કોર્ટે કહ્યું કે, ટ્રાયલ કોર્ટે અગાઉથી જ દોષિત ઠેરવીને કાર્યવાહી કરી હતી, જેથી એવું લાગે છે કે, કેસની તપાસમાં શરૂઆતથી જ જરૂરી ધ્યાન અપાયું નથી અને આરોપીઓને અગાઉથી જ દોષિત ગણી લેવામાં આવ્યા હતા. અમિત જેઠવાના પિતાએ સાત સામે નોંધાવી હતી ફરિયાદ 20 જુલાઈ 2010ના રોજ ખાંભાના વતની આરટીઆઈ કાર્યકર્તા અમિત જેઠવાની ગુજરાત હાઈકોર્ટ નજીક રાત્રે 8:30 વાગ્યે હત્યા કરવામાં આવી હતી. અમિત જેઠવા તે દિવસે એફિડેવિટ રજૂ કરવા હાઈકોર્ટમાં આવ્યા હતા. તેમણે એફિડેવિટમાં જણાવ્યું હતું કે, તેમના જીવને દિનુ બોઘાથી ખતરો છે. ત્યારબાદ મૃતક અમિત જેઠવાના પિતા ભીખાભાઈ જેઠવાએ ગીર સોમનાથના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી સહિત સાત લોકો સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### અમિત જેઠવાની હાઇકોર્ટ બહાર કરાઇ હતી હત્યા

વર્ષ 2010માં અમિત જેઠવાની હાઈકોર્ટ બહાર ગોળી મારીને હત્યા કરાઈ હતી, જેના કારણે ભાજપના નેતા દિનુ બોઘા સોલંકી સહિત હત્યામાં સામેલ તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ હાલમાં જામીન પર હતા.

### 2012માં કેસ CBIને ટ્રાન્સફર કરાયો હતો

હાઈકોર્ટના આદેશ બાદ 2012માં કેસની તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરાઈ હતી. પાંચમી નવેમ્બર-2013ના રોજ દિનુ બોઘા સોલંકીની ધરપકડ કરાઈ હતી અને બાદમાં સાડા ત્રણ મહિના જેલમાં રહ્યા બાદ કોર્ટે તેમને જામીન આપ્યા હતા. ત્યારબાદ CBI કોર્ટે 2019માં દિનુ સોલંકી સહિત સાત લોકોને હત્યા અને ગુનાહિત કાવતરાના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી અને રૂ.15 લાખનો દંડ ફટકાર્યો હતો. ત્યારબાદ હાઈકોર્ટે આ કેસમાં દોષિત ઠરેલા દિનુ સોલંકી અને તેના ભત્રીજા શિવા સોલંકીની આજીવન કેદ પર સ્ટે આપ્યો હતો.

### દિનુ સોલંકીએ CBIના નિર્ણય વિરુદ્ધ કોર્ટમાં અરજી કરી હતી

સીબીઆઈ કોર્ટે દોષિત ઠેરવ્યા બાદ દિનુ સોલંકીએ 2019માં સાત જૂને સીબીઆઈના નિર્ણય વિરુદ્ધ અરજી કરી હતી. ત્યારબાદ સપ્ટેમ્બર 2021માં હાઈકોર્ટે અપીલ પેન્ડિંગ રાખી દિનુ સોલંકીની સજા પર સ્ટે આપ્યો હતો. ગત વર્ષે હાઈકોર્ટે તેમના ભત્રીજા શિવા સોલંકીની આજીવન કેદ પર પણ સ્ટે આપ્યો હતો અને CBI કોર્ટ દ્વારા જાહેર કરાયેલી સજા સામે દાખલ કરાયેલી તેમની અપીલની સુનાવણી બાકી હોય ત્યાં સુધી તેમને જામીન આપી દીધા હતા.

## રાજ્યના અનેક જિલ્લામાં 8 મેના હીટવેવની આગાહી; તાપમાનનો પારો 42 ડિગ્રી પાર પહોંચવાની શક્યતા



(એજન્સી), અમદાવાદ, તા.06

હવામાન વિભાગ દ્વારા આગામી 5 દિવસ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હીટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. છેલ્લા 24 કલાક દરમિયાન પોરબંદર, ભાવનગર, દીવ અને સુરતમાં હીટવેવની આગાહી કરવામાં આવી હતી.

મધ્ય ગુજરાતના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીના વધારાની શક્યતાઓ દર્શાવી છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ રહેતા તાપમાન એક ડિગ્રી કરતા પણ વધુ ઘટાડો નોંધાયો હતો. ત્યારબાદ આજે ઊંચકાતાં મહત્તમ તાપમાન 41 ડિગ્રીથી વધુ નોંધાઈ શકે છે જ્યારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચી શકે છે.

છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલીમાં રાજ્યનું સૌથી મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હાલમાં ગુજરાતના ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે તાપમાનમાં વધારો થઈ શકે છે. આજેપણ લોકોને ગરમીનો પ્રકોપ સહન કરવો પડશે.

## અમદાવાદમાં 60.74 લાખ મતદારો કરશે મતદાન

(એજન્સી), અમદાવાદ, તા.06

આવતીકાલે રાજ્યમાં લોકસભાની ચૂંટણી છે જેને લઈને તૈયારીઓ પૂર્ણ થઈ છે. અમદાવાદમાં પણ 60.74 લાખ મતદારો મતદાન કરશે. અત્યારે ચાલી રહેલી હિટવેવને કારણે ORS અને હેલ્થ ટીમ પણ કાર્યરત રાખવામાં આવી છે. દરેક બુથ પર પીવાના પાણીની પણ વ્યવસ્થા રાખવામાં આવશે. મતદારો મતદાન મથકમાં સાથે મોબાઈલ ફોન લઈને આવી નહિ શકે. આવતીકાલે કોર્પોરેશનની જગ્યામાં પાર્કિંગ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. 5459 મતદાન મથકો પર મતદાન થશે આવતીકાલે અમદાવાદમાં 31.51 લાખ પુરુષ, 29.22 લાખ સ્ત્રીઓ અને 244 અન્ય વ્યક્તિઓ મતદાન કરશે. શહેરના 4283 અને ગ્રામ્યના 176 એમ કુલ 5459 મતદાન મથકો પર મતદાન થશે. મહિલાઓ દ્વારા 147 મતદાન મથક,21 દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો,21 આદર્શ મતદાન મથક,1 યુવા સંચાલિત મતદાન મથક છે.તમામ મતદાન મથક પર કુલ 21836 વ્યક્તિઓનો સ્ટાફ કાર્યરત રહેશે જ્યારે 3245 વ્યક્તિઓનો સ્ટાફ રિઝર્વ રાખવામાં આવશે.

## અમદાવાદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજવા જિલ્લા ચૂંટણી અધિકારી, કલેક્ટર અને સંયુક્ત પોલીસ કમિશનરના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. અમદાવાદ જિલ્લામાં કુલ 5459 મતદાન મથકો પર આવતીકાલે મતદાન યોજાશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે. અને સંયુક્ત પોલીસ કમિશનર અજય ચૌધરીએ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્રની તૈયારીઓની વિગતો પ્રેસ કૉન્ફરન્સના માધ્યમથી રજૂ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.એ જિલ્લાના સૌ નાગરિકોને સહપરિવાર અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.એ વિગતો પૂરી પાડતા જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ 60,74,005 મતદારો આવતીકાલે મતદાન કરશે. જિલ્લામાં 31,51,312 પુરુષ મતદારો અને 29,22,449 સ્ત્રી મતદારો



તથા 244 અન્ય મતદારો મતદાન કરશે. જિલ્લામાં 147 સખી સંચાલિત, 21 દિવ્યાંગ સંચાલિત તથા 21 આદર્શ મતદાન મથકો પણ ઊભા કરવામાં આવ્યા છે. મતદાન મથકો પર પાણી, મેડિકલ કિટ, રેમ્પ, ટોઈલેટ, સાયનેજીસ, હાઈજીન કિટ, વેલ્ફેર કિટ સહિતની એસ્યોર્ડ મિનિમમ ફેસીલીટી (AMF) ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, અ.મ્યુ.કો. દ્વારા જે મતદારો ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ, વોટર ઈન્ફોર્મેશન સ્લીપની ઝેરોક્ષ કે મતદાન બાદ આંગળી ઉપર સહીની નિશાની બતાવશે તેમને એએમટીએસ(AMTS) બસોમાં ફ્રી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, AMC અને ઔડાના તમામ પેઈડ પાર્કિંગ પર મતદાનના દિવસ પૂરતી ફ્રી પાર્કિંગની સુવિધા પૂરી પાડવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. દિવ્યાંગ મતદારો માટે મતદાન મથક સ્થળ પર કુલ 2438 વ્હીલચેરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## આજે AMTS બસમાં મફત મુસાફરી કરો, પણ મતદાન કર્યાની નિશાની બતાવવી પડશે

(એજન્સી), અમદાવાદ, તા.06

આવતીકાલે સાત મેના રોજ ગુજરાત રાજ્યમાં ત્રીજા તબક્કાની ચૂંટણી યોજવાની છે. ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેના માટેના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે, ત્યારે જે નાગરિકો પોતે મતદાન કર્યું હોય તેની આંગળી પર શાહીની નિશાની બતાવશે તેઓને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) દ્વારા મુસાફરોને એક દિવસ માટે મફતમાં મુસાફરી કરવા દેવા અંગેનો નિર્ણય કરવામાં આવ્યો છે. AMTS બસમાં મફતમાં મુસાફરી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ કમિટીના ચેરમેન ધરમશી દેસાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે સાતમીના રોજ મતદાનના દિવસે જે નાગરિકો દ્વારા ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ વોટર સ્લીપ અથવા તો પોતાની આંગળીમાં મતદાન કર્યા અંગેની શાહી બતાવશે. તેઓને AMTS બસમાં મફતમાં મુસાફરી કરવા દેવામાં આવશે. જેથી એએમટીએસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે વધુમાં વધુ મતદાન કરવામાં આવે અને આ તકનો લાભ ઉઠાવવામાં આવે.

# અમદાવાદથી ઈરાકના નજફની ફ્લાઇટ 1 કલાક લેટ

### મુસાફરને ઇમિગ્રેશનમાં સમસ્યા સર્જાઇ, અમદાવાદથી ઉડાન ભરતી 37 ફ્લાઇટ વિલંબિત થઇ

(એજન્સી), અમદાવાદ, તા.06

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી દેશ વિદેશમાં અનેક ફ્લાઈટ જાય છે. ભારત ઉપરાંત અન્ય દેશમાંથી પણ સીધી ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ સાથે કનેક્ટિવિટી ધરાવે છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિવિધ ટર્મિનલથી મુસાફરોને સુવિધા આપવામાં આવે છે. ત્યારે ટર્મિનલ-2નો ઉપયોગ એક મહિના અગાઉ સુધી ફક્ત ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે થતો હતો. જ્યારે હવે ડોમેસ્ટિક ફ્લાઈટ માટે પણ તેનો



ઉપયોગ થવાની શરૂઆત થઈ છે. અમદાવાદ એરપોર્ટથી મુખ્યત્વે ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ડોમેસ્ટિક ફ્લાઈટ કરતાં પ્રમાણ ઓછું છે, પરંતુ ઈરાક સાથે અમદાવાદ એરપોર્ટ સીધી કનેક્ટિવિટી ધરાવે છે. નજફ જતી ફ્લાઈટ 1 કલાક માટે વિલંબિત થઈ હતી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈરાકના નજફ સુધી ઈરાકી એરવેઝ દ્વારા સીધી ફ્લાઈટ ગત વિન્ટર શિડ્યુલમાં શરૂ કરવામાં આવી હતી. તેને ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. મુખ્યત્વે આ ફ્લાઈટમાં કનેક્ટિંગ પેસેન્જર વધુ પ્રમાણમાં હોય છે. ત્યારે આજરોજ નજરથી અમદાવાદ આવતી ફ્લાઈટ IA449 તેના નિયત સમય કરતાં 20 મિનિટ વહેલા અમદાવાદ એરપોર્ટ પહોંચી હતી.

## ઇસનપુરમાં જુગારના અડ્ડા પર દરોડો રૂ.12.67 લાખની રોકડ મળી આવી

(એજન્સી), અમદાવાદ, તા.06

શહેરના ઈસનપુરમાં પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાંચના (પીસીબી)ના સ્ટાફે જીમખાનાની આડમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડો પાડીને રૂપિયા ૧૨.૬૭ લાખની રોકડ સહિત રૂપિયા ૧૬.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી ૩૧ લોકોને ઝડપી લીધા હતા. નરોડા અને ઈસનપુરમાં રહેતા ત્રણ વ્યક્તિઓ દ્વારા છેલ્લાં ઘણા સમયથી જીમખાનાની આડમાં મોટાપાયે જુગારનો અડ્ડો ચલાવવામાં આવતો હતો. જેમાં અન્ય અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ



શહેરોમાંથી જુગારીઓ રમવા માટે આવતા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...